



# પ્રકરણ:૪


## હિમાંશી શેલતનું સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય અને બાળસાહિત્યક્ષેત્રે પ્રદાન
















# પ્રકરણ:૪

## હિમાંશી શેલતનું સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય અને બાળસાહિત્યક્ષેત્રે પ્રદાન

## ૪.૧. ભૂમિકા:

અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનાર હિમાંશી શેલતે ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તા ઉપરાંત નવલકથા, સ્મરણકથા, આત્મકથા, નિબંધ, હાસ્ય-વ્યંગ્ય તેમજ બાળસાહિત્યક્ષેત્રે પણ મહત્વનું યોગદાન આપ્યું છે. તેમનું સર્જનકાર્ય ટૂંકી વાર્તા પૂરતું સિમિત ન રહેતા સાહિત્યના વિવિધ સ્વરૂપો સુધી વિસ્તર્યું છે. પ્રસ્તુત પ્રકરણમાં હિમાંશી શેલતના સ્મરણકથા, આત્મકથા, નિબંધ, હાસ્ય-વ્યંગ્ય તેમજ બાળ સાહિત્ય વિષયક તેમનાં પ્રદાનને મુલવવાનો પ્રયાસ કર્યો છે.

સંસ્મરણ એ આત્મકથા સાથે બહુ નજીકનો સંબંધ ધરાવતું સાહિત્યસ્વરૂપ છે. જે નવલકથા, ટૂંકીવાર્તા, નિબંધ, રેખાચિત્ર, જીવનચરિત્ર, ડાયરી, યાત્રાવૃત્તાંત, આત્મકથા જેવાં અર્વાચીનયુગમાં વિકસેલાં ગદ્યનાં નવાં સ્વરૂપોમાંનું એક છે. સંસ્મરણમાં લેખકનો પોતાનો અનુભવ અને પોતાની સ્મૃતિ અભિવ્યક્ત થયેલી હોય છે. સંસ્મરણ એ લેખકના ભૂતકાળ અને વર્તમાન વચ્ચે એક સેતુરૂપ છે. તો આત્મકથામાં લેખક પોતાના જીવનમાં બનેલી સત્ય ઘટનાઓનું આલેખન નિજાનંદ માટે કે પોતાને થયેલ અનુભવની નિખાલસ કબૂલાત કરવા માટે કરતાં હોય છે. જેમાં તેઓ પોતાના વિશે કે પોતાની આસપાસ બનેલી ઘટનાઓ, પોતાની સાથે સંકળાયેલ વ્યક્તિઓ તેમજ તત્કાલીન સમયની સામાજિક, સાંસ્કૃતિક કે રાજકીય બાબતોનું રસપૂર્ણ રીતે આલેખન કરતાં હોય છે. આપણે ત્યાં નર્મદે નવીનતા માટે, મહાત્મા ગાંધીએ આત્મદર્શન કે સત્યની શોધ માટે, ચં.ચી. મહેતાએ પોતાને થયેલ અનુભવના આનંદની વહેંચણી માટે, ચંદ્રકાન્ત બક્ષીએ નષ્ટનીડને ફરીથી ગોઠવવા માટે, તો કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ અને જયંત પાઠક જેવા વિદ્વાનોએ પોતાના બાળપણના નિર્દોષ કહી શકાય તેવા આનંદને વ્યક્ત કરવા માટે આત્મકથાનું સર્જન કર્યું હતું. આત્મકથાનાં લેખક મોટે ભાગે પોતાના જીવનમાં બનેલ સત્ય હકીકતોને આલેખતાં હોય છે. જેમાં સુષ્ઠુ-સુષ્ઠુની સાથોસાથ કેટલાંક દુ:ખદ અને અધમ કહી શકાય તેવા પ્રસંગોને પણ તે વણી લે છે, જે તેમના વ્યક્તિત્ત્વનું સાચું પ્રતિબિંબ પાડે છે. આપણે ત્યાં ગુજરાતીમાં આવાંબાઈ પાલમકોટ, કનુબહેન દવે, ગંગાબહેન પટેલ અને શારદાબહેન મહેતા જેવાં સ્ત્રી લેખિકાઓ પાસેથી કેટલાંક આત્મચરિત્રો મળ્યાં છે, જેમાંનું શારદા મહેતાકૃત 'જીવન સંભારણા' (૧૯૩૯) ઉલ્લેખનીય છે.

નવલકથા, નવલિકા અને અકાંકીની જેમ 'નિબંધ'નું સાહિત્યસ્વરૂપ પણ આપણે પશ્ચિમ પાસેથી લીધું છે. ગુજરાતીમાં નિબંધલેખનનો આરંભ નર્મદથી થયેલો ગણાય છે. એમણે સૌપ્રથમ

‘મંડળી મળવાથી થતા લાભ’ નામક નિબંધ લખ્યો હતો. નર્મદે સંસાર સુધારાને કેન્દ્રમાં રાખી નિબંધો લખ્યાં હતાં. વળી પંડિતયુગમાં મનઃસુખરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, નરસિંહરાવ દિવેટીયા, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ જેવા લેખકોએ હળવા નિબંધો લખ્યાં હતાં. તો ઉત્તમલાલ ત્રિવેદી, બ.ક.ઠાકોર, કવિ ન્હાનાલાલ, રણજિતરામ, કેશવ હ.ધ્રુવ પાસેથી જુદી-જુદી શૈલીમાં લખાયેલ નિબંધ મળ્યાં છે. ગાંધીયુગમાં ગાંધીજી સાદી, સરળ, ધ્યેયલક્ષી શૈલીમાં તો કાકાસાહેબ કાલેલકર વ્યક્તિત્વના વિવિધ રંગો આલેખતા લલિતનિબંધ આપે છે. ગાંધીજીના પ્રભાવ નીચે નિબંધ લખનાર નિબંધકારોમાં કિશોરલાલ મશરૂવાળા, પંડિત સુખલાલજી તથા સ્વામી આનંદ મુખ્ય છે. તો ગાંધીજીના પ્રભાવમાં આવ્યા સિવાય નિબંધક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કરનાર નિબંધકારોમાં કનૈયાલાલ મુનશી, વિજયરાય વૈદ્ય, રા.વી.પાઠક, ‘ધૂમકેતુ’, ર.વ.દેસાઈ, ઝવેરચંદ મેઘાણી, નવલરામ ત્રિવેદી, લીલાવતી મુનશી અને કિસનસિંહ ચાવડા મુખ્ય છે. આ ઉપરાંત ઉમાશંકર જોશી, સુંદરમ્, જ્યોતીન્દ્ર દવેનું પણ નિબંધ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન છે. અનુગાંધીયુગમાં સુરેશ જોષી, દિગીશ મહેતા, ભોળાભાઈ પટેલ, ચન્દ્રકાન્ત શેઠ, વાડીલાલ ડગલી ઉપરાંત ભગવતીકુમાર શર્મા, સુરેશ દલાલ, વિષ્ણુ પંડયા, ગુણવંત શાહ, પ્રવીણ દરજી, બકુલ ત્રિપાઠી, જ્યોતિષ જાની, હરીન્દ્ર દવે વગેરેનું પ્રદાન નોંધનીય છે. આપણે ત્યાં અનેક પ્રકારે રચાતા નિબંધ મોટેભાગે અખબારમાં અને સામયિકોમાં પ્રગટ થયા છે. આ નિબંધોમાં ચિંતન, હાસ્ય, વ્યંગ, કટાક્ષ તેમજ અંગત સંસ્મરણોનો સમાવેશ થાય છે.

બાળકો માટે રચાયેલું સાહિત્ય એટલે બાળસાહિત્ય. કોઈપણ સાહિત્યકાર બાળસાહિત્ય લખવા ત્યારે જ પ્રવૃત્ત થાય છે જ્યારે તેમનાંમાં બાળકો પ્રત્યે પ્રેમ હોય. એટલે બાળપ્રેમ એ બાલસાહિત્ય લખવાની પહેલી શરત છે. બાળસાહિત્ય લખવું એ અત્યંત પડકારરૂપ કામ છે. કારણ કે, તે માટે ગમે તેવાં નીવડેલાં સાહિત્યકારે પણ તે લખતી વખતે તો બાળક જેવા જ થવું પડે છે. બીજું, અન્ય સ્વરૂપોમાં સર્જક તરીકે સફળ થયેલો લેખક બાળસાહિત્યના સર્જનમાં પણ સફળ થાય જ એવું જરૂરી નથી. આપણે ત્યાં બાળસાહિત્ય લખાવાની શરૂઆત અર્વાચીનયુગમાં થઈ. ગુજરાતમાં બાળસાહિત્ય અંગેની યોગ્ય સમજ આપવાની અને તે પ્રમાણે બાળશિક્ષણને શાસ્ત્રીય પદ્ધતિએ રજૂ કરવાનું કામ ગિજુભાઈ બધેકા અને નાનાભાઈ ભટ્ટે કર્યું હતું. ભારતની અન્ય ભાષાઓમાં બાળસાહિત્યનું પ્રમાણ અલ્પ હતું ત્યારે તેમણે સ્થાપેલી દક્ષિણામૂર્તિ સંસ્થાએ બાલશિક્ષણ અને બાલસાહિત્યસર્જનની નવી તરેહો પ્રયોજી હતી. બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પૂરું

પાડવાની ગિજુભાઈની આ પરંપરા નાનાભાઈ ભટ્ટ, હરભાઈ ત્રિવેદી, તારાબહેન મોડક, મોંઘીબહેન વગેરે દ્વારા ચાલુ રહી હતી.

બાળકોને સૌથી વધારે ગમતું સાહિત્યસ્વરૂપ જો કોઈ હોય તો તે છે બાળવાર્તા. ગિજુભાઈ પછી ગુજરાતને મળેલા બાળસાહિત્યના વિપુલ જથ્થામાં બાળવાર્તાનું પ્રમાણ વિશેષ છે. બાળકોને વાંચવામાં અને જાણવામાં રસ જાગે અને તેની સાથે નીતિ અને સદાચારનો બોધ પણ મળે તેવી વાર્તાઓ તે સમયે લખાતી. ગિજુભાઈ પહેલાં હરગોવિન્દદાસ કાંટાવાળા, ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ, શારદાબહેન મહેતા, જયસુખલાલ જોષીપુરા, કલ્યાણરાય નથ્થુરાય જોશી તેમજ ભોગીન્દ્રરાવ દિવેટિયા જેવાં લેખકોએ બાળવાર્તાઓ લખી હતી. જેમાં જીવરામ જોશી, રમણલાલ સોની અને રમેશ પારેખ જેવા લેખકોએ મૌલિક રચનાઓ આપી છે. જ્યારે મોટાભાગનાં લેખકોનું બાલવાર્તાસાહિત્ય રામાયણ, મહાભારત, પુરાણકથાઓ, ઐતિહાસિક વૃત્તાંતો, લોકકથાઓ અને પરીકથાઓ ઉપર આધારિત છે.

ગુજરાતીમાં બાળનાટકો પ્રમાણમાં ખૂબ ઓછાં લખાયાં છે. શરૂઆતમાં કાકાસાહેબ કાલેલકર, જુગતરામ દવે, ચન્દ્રવદન મહેતા, કૃષ્ણલાલ શ્રીધરાણી, દુર્ગેશ શુક્લ, નટવરલાલ માળવી, રમણલાલ સોનીએ આપ્યાં છે. ગિજુભાઈએ ‘બાલનાટકો’ના બે ભાગ પ્રગટ કર્યા હતા. ગિજુભાઈ ઉપરાંત હરિપ્રસાદ વ્યાસ, નટવરલાલ માળવી, બાલકૃષ્ણ જોશી, પ્રાગજી ડોસા, યશવંત પંડ્યા, વસંત નાયક, હસિત બૂચ, હરીશ નાયક વગેરે લેખકોએ બાળનાટકો લખ્યાં છે. આ ઉપરાંત લીના મંગળદાસ, ઈન્દુ પુવાર, કિરીટ પુરોહિત, તરલા મહેતા, નટવર પટેલ, ચંદ્રકાન્ત ઠક્કર, કૌશિક મહેતા, પ્રવીણ ઉપાધ્યાય, તરલિકા શાહ, ઈન્દુભાઈ દવે, ધીરુભાઈ ઠાકર અને શ્રદ્ધા ત્રિવેદી પણ બાળનાટ્યલેખનમાં મુખ્ય છે. આધુનિકોમાં ધીરૂબહેન પટેલ, સુરેશ દલાલ, પ્રકાશ લાલા, જ્યોતિર્ રાવળ, કિરીટ પુરોહિત અને શ્રદ્ધા ત્રિવેદી જેવાં લેખકોએ બાળનાટક લખવાનો પ્રયત્ન કર્યો છે.

### ૪.૨. <u>હિમાંશી શેલતનું સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ્યક્ષેત્રે પ્રદાન</u>

ટૂંકી વાર્તા અને નવલકથાની જેમ હિમાંશી શેલતનું સ્મરણકથા, નિબંધ, હાસ્ય-વ્યંગ્યક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. તકવિહોણાં અને અભાવગ્રસ્ત બાળકો માટે કરેલી પ્રવૃતિઓ દરમિયાન એમને થયેલ અનુભવોની સ્મૃતિકથા ‘પ્લેટફોર્મ નંબર ચાર’(૧૯૯૮), લેખિકાએ પાળેલાં પ્રાણીઓ વિશેનો પ્રેમસંબંધ આલેખતી સ્મૃતિકથા ‘વિક્ટર’(૧૯૯૯), અને પોતાના જીવનમાં બનેલ સત્ય

ઘટનાઓનું બયાન કરતી આત્મકથા 'મુક્તિ-વૃત્તાંત' (૨૦૧૬) જેવાં સંસ્મરણાત્મક પુસ્તકો એમણે આપ્યાં છે. તો, 'એકડાની ચકલીઓ' (૨૦૦૪) એ હિમાંશી શેલત લિખિત નિબંધ, ચરિત્રલેખ અને પ્રતિભાવનું સંગ્રહિત પુસ્તક છે. જ્યારે 'ડાબે હાથે'(૨૦૧૨)માં લેખિકાએ પોતાની આસપાસ બનતી ઘટનાઓ અને પરિસ્થિતિઓ કે જેમાં આઘાત, ગ્લાનિ, ભોંઠપ અને અકળામણ જેવી લાગણીઓને વ્યક્ત કરતા ઉકળાટને વ્યંગ-કટાક્ષના માધ્યમથી ઠાલવ્યો છે. સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ્યક્ષેત્રે લખાયેલ હિમાંશી શેલતના આ પુસ્તકો વિશે વિગતે જોઈએ.

### ૪.૨.૧. 'પ્લેટફોર્મ નંબર ચાર' (૧૯૯૮)

'પ્લેટફોર્મ નંબર ચાર'એ ૧૯૯૮માં લખાયેલ તકવિહોણાં અને અભાવગ્રસ્ત બાળકો માટે સુરત શહેરના રેલ્વે પ્લેટફોર્મ પર કરેલ સામાન્ય જ્ઞાનલક્ષી અને આનંદલક્ષી પ્રવૃત્તિઓ દરમિયાન લેખિકાને થયેલ અનુભવોની સ્મૃતિકથા છે. અહીં લેખિકાએ બાળકો સાથેના પોતાના શિક્ષણસ્મરણોનું રોચક અને ચિંતનશીલ ઢબે કરેલું આલેખન છે. આ પુસ્તકમાં લેખિકાએ રેલ્વે પ્લેટફોર્મ પર આપ કમાઈથી ઊછરતાં અને ત્યાં જ નહાતાં, સૂતાં, પાણી વેચતાં, બૂટપોલિશ કરતાં, કાગળ વીણતાં, પટપટિયું બજાવી ભીખ માંગતાં, છાપાં-મેગેઝિન વેચતાં, કેન્ટિનમાં કામ કરતાં, ટ્રેનમાં ગીતો ગાતાં, ગાળો બોલતાં, ચોરી કરતાં કે સાવ અમસ્તાં જ અટવાતાં એવાં શિસ્તથી વિમુખ બેઈમાની, જક્કી, બદમાશી કરતાં અને જે પોતાનું બાળપણ રેલ્વેના પ્લેટફોર્મ પર વિતાવી રહ્યાં છે એવાં બાળકોને ચાર નંબરના પ્લેટફોર્મ પર ભેગા કરી સ્વચ્છતાના પાઠ ભણાવવા, ગીતો ગવડાવવા, નાસ્તો કરાવવો, ભણતરનું મહત્ત્વ સમજાવવું જેવા ખૂબજ મહેનત માંગી લે તેવા પ્રેમથી કરેલા કામોને પોતાની રોચક શૈલીએ આલેખ્યા છે.

હિમાંશી શેલતે લખેલ આ પુસ્તક વિશે અનિલ શાહ નોંધે છે, "પ્લેટફોર્મ પર રઝળતા, રિમાન્ડહોમમાં ઝૂરતા, ઝૂંપડપટ્ટીમાં સબડતા કે રેડલાઈટ વિસ્તારમાં રહેતા શોષિતોને ચાહવા અને તેમની જિંદાદિલીના ગાનનું ગુંજન કરવા લખાયેલા આ પુસ્તકનો ઉગમ તો લેખિકાના કોઈ અકથિત આઘાતમાં રહેલો છે, તે ઉલ્લેખો આવે છે. ભારે વિપત્તિ, મૃત્યુએ કોઈ પ્રિયજનને ખૂંચવી લીધા તેના ખાલીપાથી હારેલી સ્થિતિમાં આ વંચિતોના ચેતનમય સંપર્કે લેખિકામાં જીવનનો નવો ઉદ્દેશ, નવો આનંદ, નવી ચેતનાની સંવેદના ઊભરી રહી. અભાવના ચીંથરામાં વિંટાયેલાં આ રત્નસરીખડાંમાંથી હિમાંશી શેલતને જે નવી સંવેદનાનો પ્રકાશ લાધ્યો તેને શબ્દોમાં ઝીલી અન્યના આંગણામાં પહોંચાડવાનો રસભર પ્રયાસ છે."[૧]

તો રાધેશ્યામ શર્મા આ પુસ્તકને ગુજરાતી સાહિત્યમાં 'અલગ સા ખાના' સાથે સરખાવતા કહે છે, "મારી વાત કરું તો 'દિઙમૂઢ' બન્યા વિના પણ 'પ્લેટફોર્મ નંબર ચાર'ને ગુજરાતી સાહિત્યમાં એક 'અલગ સા ખાના' જેવી વિરલ રસાવહ વસ કહેવા આ ક્ષણે તો ઉશ્કેરાઉં છું. પ્લેટફોર્મને છોડી મનોમન સૂરત-અબ્રામા જતી ટ્રેઈનમાં ચઢી જવાનુ વાચકને મન થાય અને તો લેખિકા પોતે જ પુણ્યપ્રકોપ સાથે ઉશ્કેરાયાં છે એ ઉદ્દ્ગારોનાં પગથિયાં પરથી ખ્યાલ આવે : 'કમિટમેન્ટ'થી ભડકતા, સંસ્થાઓમાં ભળવાના કાયર, 'દાન' શબ્દથી દૂર ભાગતા, આસપાસની દુનિયાથી અલિપ્ત હોવાનો દાવો કરતા, સાધુ-સંતોની દિવ્યવાણીમાં શાંતિ શોધતા, ઉપેક્ષાવૃત્તિ ઓઢીને ફરતા કે લોકહિતની ફિકરમાં અડધા થઈને કશું કરવાની શક્તિ જ ખોઈ બેઠેલા સહુને આ આનંદલોકનું નિમંત્રણ છે."[2]

અંગ્રેજીના અધ્યાપક તરીકેની સન્માનલાયક નોકરી છોડી હિમાંશી શેલતે એક સમયે સુરતના રેલવેસ્ટેશન પર ગંદા, બિમાર, જૂથી ખદબદતાં, પરું દૂઝતાં ઘા-ગુમડાંવાળાં અને નાનાં-મોટાં વ્યસનોમાં ફસાયેલાં બાળકો સાથે પ્રેમથી નાની-મોટી પ્રવૃત્તિઓ કરી હતી. ઓછપથી કરમાયેલા આ બાળપણને કિલ્લોલતું રાખવા અને આ ડરામણી દુનિયામાં એમને થોડી હૂંફ મળી રહે તે માટે લેખિકાના આ પ્રયત્નોમાં સ્વ. કુંજવિહારી મહેતા અને તેમના સહકારથી શરૂ કરેલ 'શિશુ સહાય ટ્રસ્ટ'નો સાથ મળ્યો. તો તકવિહોણાં અને અભાવમાં જીવતાં આ બાળકોને એકઠાં કરી એમને વાર્તાઓ કહેવી, રમકડાં રમાડવાં, સ્વચ્છતા અને તંદુરસ્તી અંગે જાગૃત કરવાં, પોષણક્ષમ નાસ્તો આપવો, પુસ્તકો, ચાર્ટ્સ, ચિત્રો, પાટી-પેન, કંપાસ જેવાં સાધનો આપી રમત-ગમતમાં વાંચતાં-લખતાં કરવા જેવી પ્રવૃત્તિઓમાં હિમાંશી શેલતને મિત્રોની સહાયથી ચાલતા 'શિશુમિત્ર' એવા મોબાઈલ યુનિટ વાનની પણ ખૂબ મદદ મળી. હિમાંશી શેલતે રેલવે પ્લેટફોર્મ પર કરેલ આ કાર્યનું પરિણામ એ આવ્યું કે છોકરાઓએ આ કામને પોતાનું માની બધાં નાનાં-મોટાં કામ વગર કહ્યે વહેંચીને કરવા લાગ્યાં. જેમ કે ઝાડુ મારવું, પ્લાસ્ટિકનું પાથરણું ધોવું; ચાર્ટ, રોલઅપ બોર્ડ, પુસ્તકો, રમકડાં ઉપાડવાં વગેરે.

આ બાળકો પ્રત્યે તેઓ શા કારણે આકર્ષાયાં, એમણે આ કામ શા માટે શરૂ કર્યું અને એમાંથી એમણે શું મેળવ્યું એ વિશે જણાવતાં હિમાંશી શેલત નોંધે છે, "હકીકતમાં મેં તો આ બાળકો પાસેથી ઘણુંઘણું મેળવ્યું છે. એમની પારદર્શકતા, એમનો જીવનરસ, સંઘર્ષમાં ટકી રહેવાની એમની તાકાત, એમનો નિર્હેતુક આનંદોલ્લાસ, નિર્ભેળ વર્તમાનમાં શ્વસવાની એમની ગજબનાક આવડત - આ

બધાંથી હું રોમાંચિત થઈ છું, પ્રભાવિત થઈ છું. મારી નિરાશા કે વિષાદનો બોજ એમણે હસતાં રમતાં, લીલયા હળવો કર્યો છે. હું એમની ઋણી છું."[3] અહીં લેખિકા એ વાતનો સ્વીકાર કરે છે કે બાળકોએ જ એમનાં જીવનમાં એક નવી તાજગીનો, નવા ઉલ્લાસનો અહેસાસ કરાવ્યો છે. તેઓ આગળ જણાંવે છે કે, "મને વારંવાર કહેવું ગમે છે કે બાળકો અને પ્રાણીઓએ મને એક ઉલ્લસિત, મનોહર વિશ્વનો પરિચય કરાવ્યો છે. એમના સહવાસમાં જ જીવનના પ્રબલ પ્રવાહને, જેને કશા આધારની જરૂર નથી એવા આનંદને, સ્નેહ અને ઉત્સાહની ધસમસતી અને ધોધમાર અભિવ્યક્તિને, હું ઓળખી શકી છું. પ્રેમ આપવાની મારી પાત્રતા અને પ્રેમ અનુભવવાની મારી ક્ષમતાનો ક્યાસ પણ એમની વચ્ચે જ કાઢી શકાયો છે. એમણે મને મારી ઓળખ આપી છે, મને પૂર્ણપણે પ્રગટવાનો અવસર આપ્યો છે."[૪] અત્રે એ ઉલ્લેખનીય છે કે, હિમાંશી શેલતે સુરતના રેલવે સ્ટેશન પર, ઘર વિનાનાં રઝળતાં બાળકો સાથે આ પ્રવૃત્તિ આદરેલી ત્યારે એમનાં માટે એ દિવસો સામાન્ય નહોતા. પ્રિય સ્વજનોનાં મૃત્યુએ એમને વિષાદની ઊંડી અંધારી ખીણમાં ધકેલી દીધાં હતાં! પરંતુ અંગત અવસાદમાંથી બહાર નીકળવાનો તેમનાં માટે આ જ એક રસ્તો હતો. બાળકો સાથે કામ કરતાં-કરતાં તેમનાં અંગત દુ:ખો વિસરાતાં ગયાં અને નવેસરથી જીવનને માણવાનું જોમ મળતું ગયું જે આ પુસ્તકમાં શબ્દસ્થ થયું છે.

ગુજરાતી સાહિત્ય માટે અનમોલ ભેટ સમાન આ પુસ્તક 'પ્લેટફોર્મ નંબર ચાર' લખવા પાછળનો આશય સ્પષ્ટ કરતા હિમાંશી શેલત કહે છે, "આ પુસ્તક શા માટે લખું છું એવો પ્રશ્ન આરંભે થયો હતો. મારા આયુષ્યનો જે તબક્કો અહીં આલેખાયો છે તે મારે માટે ખૂબ મહત્ત્વનો છે એ તો ખરું જ, પણ આ અંગત અનુભવ વહેંચવાની ઈચ્છા પાછળ એક ખાસ કારણ છે. સામાન્ય રીતે માણસ માત્રને પોતાનાં દુ:ખોને વળગી રહેવાની આદત પડી હોય છે. દુ:ખ નાનું હોય કે મોટું, એને પંપાળીને પડખે રાખ્યા કરવામાં જીવન માટેનો પ્રેમ શોષાતો રહે છે. અંગત વેદનાને ઓળંગી જવામાં, એનું પ્રેમ અને કરુણામાં રૂપાંતર કરવામાં જ, મનુષ્યની જીવનનિષ્ઠા પ્રતિબિંબિત થાય છે. ચાહવા માટે આવડું મોટું વિશ્વ - બાળકોનું અને પશુપંખીઓનું - આંખ સામે જ છે. એ યે આપણને સમાવી લેવા ઉત્સુક છે. જરૂર છે એમાં પ્રવેશવાની - માત્ર બે જ ડગલાં માંડવાની."[૫]

હિમાંશી શેલતે પ્લેટફોર્મ પર અભાવગ્રસ્ત બાળકો માટે કરેલ આ કાર્ય કોઈની સેવા માટે નહિ, પરંતુ પોતાની રસરુચિ અર્થે પૂરી નિષ્ઠાથી કર્યું હતું. તેથી જ તેઓ કહે છે કે, "જે પ્રવૃત્તિઓ કરવાનું મને મન થયું, એ મેં પૂરી નિષ્ઠાથી હાથ ધરી. એમાં મારાં રસ-રુચિ છે, અને આ રસ-રુચિ

કે નિસબતને હું 'સેવા' શબ્દ દ્વારા વ્યક્ત કરવા નથી માંગતી. અભાવગ્રસ્ત બાળકો સુધી હું પહોંચી, કારણ કે મારે એમ કરવું હતું, એમાં મેં કોઈ પર કશો જ ઉપકાર નથી કર્યો કે નથી સમાજને કશું આપી દીધું."[૬]

આ પુસ્તકમાં હિમાંશી શેલત પોતાના અનુભવોની ફક્ત માહિતી આપવાને બદલે એમણે અનુભવેલા સંવેદનો અર્થાત્ એમણે કરેલા કાર્યોમાંથી પ્રાપ્ત થતાં નિજી આનંદની કથા રજૂ કરે છે. ઠેર ઠેર ભટકતાં અને જેમને 'ગુનેગાર'નું બિરૂદ આપીને એમને 'રિમાન્ડ હોમ'માં ધકેલવામાં આવે છે એવાં બાળકોની સ્થિતિનું નિરૂપણ કરીને હિમાંશી શેલતે તેમની સંવેદનાને ગુજરાતી ભાવક સમક્ષ મૂકી આપી છે. આ પુસ્તકની રચનારીતિની વિશેષતા તરફ આપણું ધ્યાન દોરતા બિન્દુ ભટ્ટ નોંધે છે, "પુસ્તકની રચનાપ્રયુક્તિ વિશિષ્ટ છે. લેખિકા આજે અબ્રામાનિવાસી છે. એક અંતરાલ પછી એ સુરતના પ્લેટફોર્મ નંબર ચારની સ્મૃતિઓ આપણી સાથે વહેંચે છે. અહીં સ્મરણમાં પણ સ્મરણનું સ્મરણ છે. આરંભ રેલવે સ્ટેશનથી, પરંતુ વચ્ચે-વચ્ચે રિમાન્ડ હોમ કે બાપુનગરની ઝૂંપડપટ્ટી, મુગલીસરા કે અબ્રામા જેવા સ્થળોના હૂંફાળા અને જીવંતતાથી ભર્યાભર્યા બાળકો સાથેની સ્મૃતિઓનું ભાતીગળ અને આકર્ષક પોત વણાતું આવે છે."[૭]

હિમાંશી શેલતે જેમ પોતાની વાર્તાઓમાં સમાજના દબાયેલા, કચડાયેલા અને નિઃસહાય લોકોની વાત કરી છે તેમ આ પુસ્તકમાં પણ એમણે એવાં બાળકોની વાત કરી છે કે જેમનું બાળપણ છીનવાઈ ગયું છે, જેઓ માવતરની ઉપેક્ષા પામેલાં છે, સમાજથી અવગણાયેલાં છે, કે જેઓ અભણ, છૂટક મજૂરી કરી પૈસા મેળવતાં, જમીને જ્યાં-ત્યાં સૂઈ જતાં હતાં. આ બાળકો પોતાનું બાળપણ માણે અને કુદરતે આપેલ અનમોલ જીવનનો અર્થ સમજી તેને વધારે સારી રીતે માણી શકે એ અર્થે જ હિમાંશી શેલતે નિજાનંદે આ કામ ઉપાડયું હતું તેનો અહીં ઉલ્લેખ છે. ચોરી કરતાં, ગાળો બોલતાં, વ્યસનોમાં ગળાડૂબ રહેતાં આજનાં આ યુવાધનને યોગ્ય દિશા મળે તે માટેનું આ માર્ગદર્શનરૂપ પુસ્તક છે.

અનિલ શાહ આ પુસ્તકમાં રહેલા આકર્ષણ વિશે નોંધે છે, "ચાહવું અને ગાવું, તેમાં લાગી રહેવું તેવા હુંફાળા મિજાજના કેટલાક અનુભવોની સંવેદના અને અનુરૂપ ભાષાથી ઓપતું હિમાંશી શેલતનું પુસ્તક 'પ્લેટફોર્મ નંબર ચાર' વિલક્ષણતાસભર છે. પરિવારે ઉવેખેલાં, સમાજે ધિક્કારેલાં બાળકોની ઊણપો, ક્ષતિઓને જાણવી પણ તેની નિંદા કરી બેસી નહીં રહેતાં સક્રિય સ્નેહથી માંજવા-

ઉજાળવામાં પ્રેમપૂર્વક લાગી જવાની વાત લેખિકાએ જે મિજાજથી કરી છે તે આ પુસ્તકનું મુખ્ય આકર્ષણ છે."[૮]

હિમાંશી શેલત લિખિત આ પુસ્તક એ એમનાં મનમાં સંગ્રહાયેલી સ્મૃતિનું આલેખન છે. ભૂતકાળમાં થયેલાં એવાં કેટલાંક અનુભવો કે જેમણે તેમનાં મનનો કબજો લઈ લીધો હતો તેનું આલેખન લેખિકા પોતાની આ સ્મૃતિકથામાં કરે છે. અભાવગ્રસ્ત બાળકો સાથે એમણે કરેલાં કેટલાંક કાર્યો, જે એમને ઊંડે સુધી સ્પર્શી ગયા હોય તેનું આલેખન કરતી વખતે લેખિકાએ તેમાં કલ્પનાના નવા રંગો ઉમેર્યા હોય તેવું પણ બને પરંતુ તેમનો આશય સ્પષ્ટ છે. તેઓ જણાંવે છે, "...મને જે ભીંજવી ગયું એ તત્ત્વ છે અછતને વળોટીને ધસમસ વહેતી જિન્દાદિલીનું, જીવનરસનું, સંઘર્ષના પ્રખર તાપમાં પ્રફુલ્લિત ઝૂમતા ગુલમહોરી ઉલ્લાસનું. હું જે પામી એ સંતાડી નથી શકાતું, સંતાડવાની જરૂર પણ નથી લાગતી, તેથી શબ્દમાં જેટલું ઝીલાયું એટલું ધરી દેવાનો ભાવ આ આલેખન પાછળ છે."[૯]

આ સ્મરણકથામાં પ્રયોજાયેલ ભાષા ભાવકનો સહજતાથી પુસ્તકમાં પ્રવેશ કરાવે છે. તેનો પરિચય આપણને સ્મરણકથાના 'આ ચાર નંબરનું પ્લેટફોર્મ.' - જેવા પ્રથમ વાક્યથી જ થાય છે. વાચકને આત્મીયતાનો અનુભવ થાય એવા વાક્યથી આપણને કથામાં આસાનીથી પ્રવેશ કરાવવાની લેખિકાની આ રીત અનોખી છે. અહીં પાત્રાનુરૂપ સુરતી ભાષાનો પણ લેખિકાએ પ્રયોગ કર્યો છે. જુઓ આ વાક્ય - 'કોઈ બી કામ તો કરવાનું છે છેલ્લે. આમાં બી બરાબર મલે આવડે તો, ને જાસ્તી જોઈએ જ નંઈ અમારે તો...' આ ઉપરાંત કેટલાંક બાળકો 'છાણ'ને 'સાન' અને 'છતરી' ને 'સતરી' કહે છે તેનો પણ ઉલ્લેખ આવે છે. પ્રસ્તુત પુસ્તકમાં લેખિકાએ રેલવે સ્ટેશન પરનું અને ઝૂંપડપટ્ટીનું જે ચિત્ર આલેખ્યું છે તે ઉલ્લેખનીય છે. તો કેટલાંક દશ્યોના નિરૂપણમાં લેખિકાએ નાટયાત્મકતાનો પણ ઉપયોગ કર્યો છે. જેમકે, પ્લેટફોર્મ પર આવી ચડેલાં ટીકાકાર બહેન સાથેનો પ્રસંગ. વળી, સ્મરણકથામાં પ્રયોજાયેલ કાવ્યાત્મક ભાષા લેખિકાની અભિવ્યક્તિને ધારદાર બનાવે છે. જુઓ કેટલાંક વાક્યો - 'અમારો ઉત્સાહ પાંખો ફફડાવવા લાગ્યો' (પૃ.૧), 'દિલધડક કિસ્સાઓની રંગીન લખોટીઓ એ એના ખિસ્સામાંથી કાઢી ગબડાવતો.' (પૃ.૧૧), 'શો-કેઈસમાં મૂકેલી મૂલ્યવાન ચીજો જેવા લોકો.' (પૃ.૨૨), 'એમનો ઉત્સાહ અમારે માટે 'ટોનિક' જેવો.' (પૃ.૨૩), 'અમારાથી પાછું જોયા વિના નથી રહેવાતું અને એમ કરવામાં તો ખીલેલાં પોયણાવાળું તળાવ આંખ સામે લહેરાય છે.' (પૃ.૮૪) તેમજ 'રિમાન્ડ હોમના કમ્પાઉન્ડમાં પગ મૂકતાંવેંત 'બેન

આઈવા'નો ઉમળકાભર્યો કલશોર કાને પડે છે અને પછી તો હવામાં તરતી તરતી જ ભણવા માટે અલાયદા રાખેલા મોટા ખંડમાં દાખલ થાઉં.' (પૃ.૯૭) ટૂંકમાં, અહીં પ્રયોજાયેલ ભાષા આ પુસ્તકને સાહિત્યિક્તા બક્ષીને તેને એક નવી ઉચાઈએ લઈ જાય છે.

'અભાવ અને સંઘર્ષની, ઉપેક્ષા અને ઓછપની અંધારઘેરી દુનિયામાં યે હસી શક્તાં અને ગાઈ શક્તાં મારાં બાળદોસ્તોને સલામ સાથે -' એવી અર્પણપંક્તિઓ સાથે પ્રગટ કરેલ આ પુસ્તકમાં લેખિકાએ પ્રયોજેલ ભાષા વિશે બિન્દુ ભટ્ટ નોંધે છે, "હિમાંશીબહેનની ભાષા સ્થળ, સમય, વાતાવરણ, પરિસ્થિતિ, પાત્ર કે મનોભાવોના ચિત્રણમાં રંગ-રેખા આકારની સાથોસાથ ભાવોની ધૂપછાંવને આબેહૂબ રીતે વ્યક્ત કરે છે. વિશેષણોના વાઘા વગરની અને અને અલંકારોની આળપંપાળથી અલિપ્ત એવી સહજ સ્વભાવિક અને મર્મસ્પર્શી ચિત્રો રચતી ભાષા ગાલિબના શબ્દોમાં કહીએ તો 'સાદગી ઔર પુરકારી'નો વિરલ સુમેળ છે."[૧૦]

હિમાંશી શેલતે આ કથામાં આવતાં બૈજું, છોટુ, ગુડ્ડી, દેવી, બાબુ, શંકર, જગદીશ, ગીતા, રફીક તેમજ મધુ જેવાં પાત્રોની સુંદર શબ્દરેખાઓ દોરી છે, જેમાં લેખિકાની શબ્દચિત્રકાર તરીકેની કુશળતાના આપણને દર્શન થાય છે. આ ઉપરાંત એમણે કરેલાં કેટલાંક વર્ણનો જેવાં કે... 'બાંધ્યા ન બંધાય એવાં ધસમસતા પ્રવાહ જેવાં, વેગીલી હવાના ઝપાટા જેવાં આપકમાઈની તાકાતવાળાં છોકરાં' (પૃ.૧૫), 'ખુરશીની ગાદી બગાડતી ધોળી બિલાડી અને ઓશીકાનાં કવર કે ચાદર ફાડવાની વિનાશક વૃત્તિને નાથી ન શક્તો લાલિયો કૂતરો' (પૃ.૨૪), 'રેડલાઈટ વિસ્તારમાં દીવાસળીના બૉક્સ જેવી ઓરડીઓમાં ભંડારાયેલી દેહજીવિનીઓ'(પૃ.૫૫)નાં ચિત્રણો આસ્વાદ્ય બન્યાં છે. તો આ પુસ્તકમાં રેખાંકિત કરેલાં કેટલાંક ચિત્રો જેવાં કે, પૃ.૧૨ ઉપર પટપટિયાના તાલે નાચતી ભોલીનું, પૃ.૩૫ ઉપર અસબાબ સાથે બેઠેલા બાવાઓનું, પૃ.૫૬ ઉપર લાલબત્તી વિસ્તારના પાર્શ્વભૂનું તેમજ પૃ.૧૧૦ ઉપરનું ઝૂંપડપટ્ટીનું ચિત્ર વાચકનું અવશ્ય ધ્યાન કેન્દ્રિત કરે તેવાં બન્યાં છે. નક્કર હકીકતનું આલેખન કરતી આ કથામાં લેખિકાએ ક્યાંક-ક્યાંક કલ્પનાશીલતાને પણ કામે લગાડી છે. આ સંદર્ભે ટેટવો અને ભોલી જ્યારે પ્લેટફોર્મ પર ગીત ગાય છે ત્યારે જો એ લોકો ડબ્બામાં ગીત ગાય ત્યારે કેવી પરિસ્થિતિ હોય એવાં દશ્યની લેખિકાએ કરેલી કલ્પના, તો રફીક રિક્ષાવાળા અને છોટુ ફેરિયા સાથે થતી કાલ્પનિક મુલાકાતને જોઈ શકાય.

અહીં આ પુસ્તકમાં દોરાયેલાં કેટલાંક રેખાંકનો જન્મજાત કલાકાર એવા વાલ્મિકના છે. આર્કિટેક્ટ બની શકે એવો પ્રવીણ આ વાલ્મિક ગરીબીને કારણે મજબૂરીવશ અહીં આવી પડયો છે.

તો પુસ્તકમાં ઠેક-ઠેકાણે છોટુ, દેવી, કાલુ, ધનુ, લંગડો, ભોલી, રફીક, મુન્નો વગેરે દ્વારા દોરાયેલાં વિવિધ સુંદર ચિત્રો છે જેમાં તેમની લાગણીઓનું પ્રતિબિંબ જોઈ શકાય છે. આ પુસ્તકનું સુઘડ અને સુંદર છાપકામ પુસ્તકની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

### ૪.૨.૨. 'વિક્ટર' (૧૯૯૯)

૧૯૯૯માં ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત 'વિક્ટર'માં હિમાંશી શેલત પોતે પાળેલાં માનવેતર પ્રાણીઓની વાત આલેખે છે. આ પ્રાણી રત્નોમાં વિક્ટરની સાથે સાથે મેબલ, લાલિયો, શ્યામલ અને પારકોની પ્રેમાભિવ્યક્તિ પશુપ્રેમી ન હોય એવા વાચકોને પણ સ્પર્શી જાય એવી સચોટ શૈલીમાં રજૂ થઈ છે. હિમાંશી શેલત લિખિત આ 'વિક્ટર' એ તેમની એક સ્મૃતિકથા છે. જેમાં પ્રાણીઓ અને મનુષ્ય વચ્ચેનો અતૂટ પ્રેમસંબંધ આલેખાયો છે. કુતરાં અને બિલાડાં જેવાં પ્રાણીઓ વિશે લખાયેલ આ સ્મૃતિકથામાં મનુષ્યોમાં જોવા મળતી સુટેવો કે કુટેવો પ્રાણીજગતમાં પણ જોવા મળે છે તેની અહીં સુંદર રજૂઆત થઈ છે. કથાની શરૂઆતમાં મુકાયેલ હિમાંશી શેલતના ઉદ્‌ગારોમાં આ કથાનો નીચોડ રહેલો છે. જુઓ આ ઉદ્‌ગાર-પંક્તિઓ …

*કદીક હાથને જરાતરા ચાટી લેતી જીભ,*
*કે ફરફરતી પૂંછડી, કે પગનો થનગનાટ,*
*કે વહાલની આછી ઘુરઘુરાટી,*
*કે પછી આંખોની આર્દ્રતા…*
*અભિવ્યક્તિ તો બસ આટલી જ.*
*અને તો યે પૂરા પ્રેમની વાણી*
*તમારી પાસેથી જાણી.*
*તમે વ્યક્ત થઈ શકો છો આખેઆખાં,*
*ઠાલવી શકો છો ભરપૂર સ્નેહ*
*માપ્યાતોલ્યા વિના, અવિરત.*
*બડભાગી ને ઋણી અમે,*
*તમે અમારે આંગણે આવ્યાં!*

આ કાવ્યમય ઉદ્‌ગારોમાં થયેલ અભિવ્યક્તિ અનુસાર, પ્રાણીઓ પણ જીભથી ચાટીને, પૂંછડી પટપટાવીને, પગના થનગનાટ વડે, વહાલની આછી ઘુરઘુરાટી દ્વારા માપ્યા યા તોલ્યા વિના

અવિરત, આખે આખાં વ્યક્ત થઈ શકે છે કે ભરપૂર સ્નેહ ઠાલવી શકે છે. તો વળી, પ્રેમાળ વાણી જે મનુષ્ય પાસેથી નથી સાંભળવા મળતી તે કંઈક વધારે માત્રામાં પ્રાણીઓ પાસેથી કેવી રીતે લેખિકા અનુભવે છે તે વાત આ પુસ્તકમાં હૃદયને સ્પર્શે એ રીતે રજૂ કરી છે.

આ પુસ્તકમાં થયેલ પ્રેમાળ માનવેતર પ્રાણીઓની સુંદર રજૂઆત સંદર્ભે પન્ના ત્રિવેદી નોંધે છે, "આ કૃતિના કેન્દ્રમાં જે અનુભવાય છે તે છે મનુષ્યરચિત 'સભ્ય સમાજ'ને નોખી ગરિમા પ્રદાન કરનારાં, જાતભાતનાં ક્રિયાકલાપોથી સભ્યતા શીખવનારા. ઔદાર્ય થકી પ્રેમતત્ત્વની પિછાણ કરાવનારાં, મૂક રહીને પણ 'જીવન' તત્ત્વની ફિલસૂફીનો જયઘોષ કરનારાં માનવેતર સભ્યોની ગર્વીલી 'સભ્યતા'...! સંભવ છે, કદાચિત્ સામાજિક કે સાંસ્કૃતિક વિકાસરેખાને દર્શાવનારા માનવરચિત ઇતિહાસમાં જગતને સૌંદર્ય અર્પનારાં પ્રાણીઓની આ સભ્યતા, સમજદારી, છલોછલ પ્રેમથી છલકતી સંસ્કૃતિ ક્યારેય અંકિત ન થાય... અને છતાં બેફિકી દાખવતી આ માનવેતર સૃષ્ટિ જાણે બૌધિક માનવોને કટાક્ષમાં કહેતી હોય - 'અમર હોને કી ઐસી ચાહતેં ઔર આદતેં આપ જૈસે ઇન્સાનો કો રહતી હોગી સાહબ, યહાં પરવા ભી કિસે હૈ!' "[૧૧]

પ્રાણીજગત સાથે અત્યંત નજીકનો સંબંધ ધરાવતાં હિમાંશી શેલત કહે છે, 'પ્રાણીને જોઉં છું કે મારી આંખોનો રંગ બદલાઈ જાય છે'. ચારે તરફ ખદબદતાં સ્વાર્થ, ઉદાસીનતા અને કાવાદાવાની અરાજકતા જોઈ દુઃખી થયેલાં લેખિકા પ્રાણી-પંખીઓ અને સમસ્ત જીવસૃષ્ટિને હેતથી વળગે છે. પાળેલાં, પ્રાણીસંગ્રહાલયમાં રાખેલા કે રખડતાં, અશક્ત એવાં અનાથ પ્રાણીઓની પ્રેમથી કાળજી રાખતાં માયાળું લોકોને જોઈ લેખિકાનું મન ભીનું થઈ જાય છે. પોતાને ભાગે આવું કામ ન આવ્યું કે પ્રાણીઓની સેવાનો અવસર ન મળ્યો એ બદલ દુઃખી થતાં કે ક્યારેક આવાં લોકોને જોઈને ઈર્ષ્યા અનુભવતાં લેખિકા આ પુસ્તકના આરંભે આપેલ નિવેદન 'ચાહવું એટલે...'માં નોંધે છે, "રખડતાં, અશક્ત કે અનાથ પ્રાણીઓ માટે આશ્રયસ્થાનો ઊભાં કરી એમને જીવવા - મરવાનું ગૌરવ બક્ષતા માણસોને ચાહું છું અને મારે ભાગે આવેલાં વર્ષોમાં આ બધું નથી કરી શકી એવા વિચારે ઓછું આવી જાય છે ઘણી વાર. પણ ઋણાનુબંધે જે પ્રાણીઓ પાસે આવ્યાં છે એને સારું બારણાં ખુલ્લાં રાખ્યાં છે. બિલાડીને રમાડતાં વાઘને પંપાળ્યાનો આનંદ લીધો છે અને લિયો - મારા મહાકાય આલ્સેશિયન દોસ્ત - સાથે ધીંગામસ્તી કરતાં વરુની જોડે મૈત્રી બાંધવાની હોંશ કંઈક અંશે પૂરી કરી છે."[૧૨]

તો પોતાના નિષ્પ્રાણ અને રસકસ વિનાના જીવનમાં આ પ્રાણીમિત્રોએ જ પ્રાણ પૂર્યો છે અને તેને માણવા લાયક રંગીન બનાવ્યાં છે, એ વિશે જણાવતાં હિમાંશી શેલત પોતે જણાવે છે કે, "મારા કેટલાયે નિષ્પ્રાણ, બેરંગ, રસકસ વિનાના દિવસોને મારાં પ્રાણીમિત્રોએ નવજીવન આપ્યું છે. મારા વિસ્મય, રોમાંચ, મુગ્ધભાવ સંરક્ષીને, લાંબે ગાળે માણસમાત્રને સદી જતાં ટાઢાબોળ વહેવાર અને કઠોર ગણતરીમાંથી એમણે જ મને ઉગારી લીધી છે. અમારા નિર્હેતુક સખ્યથી આવું કશું બનશે એની તો ત્યારે ખબર નહોતી, કારણ કે આ મૈત્રીનો આરંભ થયો ત્યારે મારી વય માત્ર આઠ-નવની. એમની સાથે રમવું-દોડવું, ગાવું-ગણગણવું ને વહાલે વરસવું બેરોકટોક, શબ્દ વિનાની આ મીઠી ગપસપ, સમયની ઉપેક્ષા કરીને ચાલી શકતી આ મનભાવન ગમ્મત, આ દિલેરી ને ન્યોછાવરી અન્ય સંબંધમાં ક્યાં ?

પ્રાણીઓના અઢળક પ્રેમે અને ઉમદા ગુણોએ મને અવાક્ બનાવી છે. સાવ અંગત અને શબ્દમાં ગોઠવીને ભાગ્યે જ કોઈને બતાવી શકાય એવી આપણી સૂક્ષ્મતમ પીડાઓને, ઘરમાં છવાયેલા અવસાદના વાતાવરણ કે ખાલીપાને, માનવસંબંધમાં આવી ગયેલા તનાવ કે ઘર્ષણને પ્રાણીઓ માની ન શકાય એ રીતે હળવાં બનાવી દે છે."[૧૩]

હિમાંશી શેલતે આ પ્રાણીમિત્રો સાથેના સંબંધમાં મોકળાશ અનુભવી છે. તેમને સતત એવું લાગ્યા કર્યું છે કે, તેમની આસપાસ માણસો નહિ હોય તો ચાલશે પણ પ્રાણીઓ વિના તો તેમને નહિ જ ગોઠે. ટૂંકમાં, તેમને મન પ્રાણીઓની હાજરી એ જ તેમનું નાનકડું વિશ્વ છે. આ પ્રાણીમિત્રોથી પોતાનું જીવન કેટલું ભર્યુંભર્યું હતું એ વિશે વાત કરતા હિમાંશી શેલત આ પુસ્તકની પ્રસ્તાવનામાં જણાવે છે, "અભાવગ્રસ્ત બાળકોએ જેમ મને એક નવી દુનિયા દેખાડી તેમ પ્રાણીઓ પણ એક સાવ જુદી દુનિયામાં મને લઈ ગયાં. એક એવી દુનિયા જ્યાં એકેય દિવસ નીરસ કે મંદ નથી, જ્યાં નિતનવું, ગમ્મતભર્યું, ચેતનવંતું કંઈકને કંઈક બનતું રહે છે. અભિવ્યક્તિને મુલતવી રાખવાનું પ્રાણીઓ પસંદ નથી કરતાં."[૧૪]

મનુષ્ય પોતાના મનોરંજન માટે કે શોખ ખાતર ક્યારેક-ક્યારેક મુંગા પ્રાણીઓને તકલીફ આપતો રહ્યો છે. જોકે મનુષ્યોનો એક વર્ગ એવો પણ છે જે આવાં પ્રાણીઓ માટે પોતાનું જીવન ન્યોછાવર કરતાંય અચકાતો નથી. તેઓ પ્રાણીઓને બેહદ ચાહે છે, તેઓને મન આ પ્રાણીઓ પ્રાણથીય વધુ વ્હાલા છે. તેમ છતાં પશુઓ, પ્રાણીઓ સાથેનો મનુષ્યોનો વ્યવહાર મોટેભાગે ઉપેક્ષાપૂર્ણ અને ક્રૂરતાથી છલોછલ હોય છે. જાત અવલોકનથી પુષ્ટ થયેલ અનુભવને આધારે

માણસના આ દંભને ઉઘાડો પાડતા લેખિકા કહે છે, "માણસની વિકૃતિઓને પ્રાણીના વર્તન જોડે સરખાવવાની આપણી આદત સામે પણ મારો તો મોટો વિરોધ છે. કુદરતે બક્ષેલાં લક્ષણોની મર્યાદા પ્રાણી નથી લોપતું. મર્યાદાભંગ અને બીજી અવળચંડાઈ તો છે માણસને પક્ષે. જો કોઈ પ્રાણી સમજદારીભર્યું વર્તન કરે અથવા તો એમાં કંઈક ઉચ્ચ અને ઉમદા જોવા મળે તો એને 'માણસ જેવું' કહેવાને બદલે અન્ય અભિવ્યક્તિ શોધવી રહી. સમજદારીભર્યા વર્તનનો માણસનો ઈજારો તો ક્યારનોય પતી ગયો છે."[૧૫]

'પ્રાણી અને મનુષ્યના એ અતૂટ પ્રેમસંબંધને' અર્પણ કરેલ આ પુસ્તકમાં વિક્ટર ઉપરાંત ટીકો, નાની, શાણી, ટપ્પી, પારકો, લિયો, શ્યામલ, મોતી, રામુ, રાજુ, વિકી જેવી શ્વાનસૃષ્ટિની ખુમારી, તો મેબલ, રાશેલ જેવી બિલાડીઓ કે થિયોડોર જેવાં બિલાડાની ચેતનવંતી તેમજ નિઃસ્વાર્થ દુનિયાનો આપણને પરિચય સાંપડે છે. આ સંદર્ભે પન્ના ત્રિવેદી નોંધે છે, "પ્રાણીઓની ટેવ-કુટેવની, મર્યાદાઓની કે સદ્‌ગુણોની વાત ભલે અહીં હળવા લસરકે થતી હોય, પણ સૂક્ષ્મ રૂપે જોવા જઈએ તો આ પ્રાણીઓ સંકુલ-સંકુચિત એવા માનવસમુદાયને સાંપ્રત સમયમાં જીવન જીવવાના પાઠ શીખવતા જાય છે. આ પ્રાણીઓ જાણે કે અનૌપચારિક વિશ્વવિદ્યાલયના શિક્ષણકર્મી ન હોય! જેમનાં ઘેર રહીને વ્હાલ પીધું છે, અન્ન આરોગ્યું છે તેવાં પ્રિયજનોની ખુશી માટે પોતાને અપ્રિય હોય તોય માલિકને પ્રિય એવી બિલાડીઓ સાથે દોસ્તી કરી દેખાડે છે."[૧૬]

અભિવ્યક્તિની દષ્ટિએ સુંદર રજૂઆત પામેલી હિમાંશી શેલત કૃત આ પુસ્તકની રચના વિશે પન્ના ત્રિવેદી આગળ નોંધે છે, "આ નાનકડી પુસ્તિકાની અભિવ્યક્તિ એટલી જ સહજ અને શૈલી એથીય વધુ રસાળ. વાંચો તો જાણે કોઈ અ-નોખા વિશ્વમાં વિહરતા હોય એવો અહેસાસ થાય. મજા પડે! આય દુનિયા ? સવાલ ઊઠે, પણ પ્રત્યેક માનવેતર પાત્રોના સંવેદનને પામતાં-પાંમતા કણસી ઊઠે છે આખેઆખું ભીતર - માણસશાહી 'ઈજારા' પરના બળૂકા પ્રહારથી! ભીતર આખેઆખું વલોવાયા કરે માણસજાતે આચરેલી ક્રરતાને કારણે, માનવજાતે ગુમાવી દીધેલાં વિશ્વાસને કારણે. આ શબ્દયાત્રામાંથી પસાર થતાં અનુભવાય છે કે આ અલગારી સૃષ્ટિનાં પ્રાણીઓ તો છે વાચાથીય અધિક વાચિક, વ્હાલથીય અધિક વ્હાલેરાં, સમજણથીય અધિક બૌધિક..."[૧૭]

તો રાધેશ્યામ શર્મા આ પુસ્તક વિશે નોંધે છે, "'સેન્સ ઓફ હ્યુમર' સારી એવી. મૈત્રીપર્વના કરુણ અધ્યાયો વચ્ચે 'રીલીફ' તરીકે અવારનવાર ઝળકી રહે છે. 'પ્રભુ તને પ્રસન્ન કેમ થાયે'નો વિનિયોગ શ્યામલ માટે 'ઉતિષ્ઠિત...જાગ્રત'નો ઉપયોગ, ટીકાને અપાયેલો 'આયુર્વેદાચાર્ય'નો

ખિતાબ અને પૃ.૬૭ પર હુરતી બોલીનો લય ('આવી જ જાવ બેન. આપને ટાં હાલમાં આલ્સેસન કૂટરીએ બચ્ચાં મૂકેલાં જ છે જે. બે મહિના થેઈ ગીયાં. આપ્પાનાં જ છે બઢ્ઢાં. ટમે આવીને પસંડ કરી જ લેવ') સ્મરણીય છે.

'એ લોકો'માં દેહજીવીઓ, 'પ્લેટફોર્મ નંબર ચાર'માં આવારા છોકરાંઓ અને 'વિક્ટર'માં બિડાલશ્વાન - જગતના નિરૂપણથી લેખિકા વૈવિધ્યની પણ શ્રેણીઓ ચઢતાં જોવાય છે. ગુજરાતી સાહિત્ય-વિવેચને આની નોંધ લેવી અનિવાર્ય ગણાય. જેમ્સ હેરીઅટ અને જીરાલ્ડ ડયુરેલની પરંપરા અહીં જીવતી અનુભવાઈ..."[૧૮]

ગુજરાતી સાહિત્યમાં માનવેતર પ્રાણીઓને કેન્દ્રમાં રાખી ભાગ્યે જ લખાતું હોય છે! એવામાં હિમાંશી શેલતનું આ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં વિશેષ યોગદાન ગણાય. કુલ ચૌદ ખંડમાં વિસ્તરેલ આ પુસ્તકના મોટા ભાગના પ્રકરણોની શરૂઆત લેખિકાએ અંગ્રેજીમાં ટાંકેલા લિયોનાર્દો દ વિંચી, જ્યોર્જ કોટ, એલેક્ઝાંડર, એને ફેડીમન જેવાં પ્રાણીપ્રેમી સર્જક-વિચારકોના અવતરણોથી કરી છે જે આ પ્રાણીઓની કથાને ઉપકારક બની રહે છે. આ પુસ્તકમાં ક્યાંક-ક્યાંક સુરતી, પારસી અને હિન્દી ભાષાનો પ્રયોગ થયેલ છે, આ પ્રકારના શબ્દપ્રયોગોથી ભરેલ કેટલાંક સંવાદો લેખિકાના સંસ્મરણોને એક નવી તાજગી અર્પે છે. ભાવવાહી શૈલીમાં લખાયેલી આ કૃતિમાં પ્રાણીઓ સાથેની મિત્રતા અને તેમની સાથેના પ્રેમસંબંધની મીઠી વાતો કરતાં - કરતાં લેખિકાએ માનવની મૂળભૂત વૃત્તિઓ કે તેમના દુર્ગુણો પર અનિવાર્યતા જણાઈ ત્યાં તીખા કટાક્ષો પણ કર્યા છે. તો કરુણ, અદ્ભુત અને વીર જેવા રસની સાથે સાથે રમૂજભરી હળવી શૈલી વાચકને મોજ કરાવી દે તેવી નીવડી છે. વળી મુખપૃષ્ઠ પર સોફા પર બેઠેલ કુતરાનું દશ્ય અને પૃષ્ઠ ૩ પરનું જગદીપ સ્માર્તનું રેખાંકન પુસ્તકને વિશેષ બનાવે છે.

### ૪.૨.૩. 'મુક્તિ-વૃત્તાંત'

૨૦૧૬માં પ્રકાશિત 'મુક્તિ-વૃત્તાંત'માં હિમાંશી શેલતે પોતાના જીવનની અલપ-ઝલપ ઝાંખીને વિસ્તૃત રીતે આલેખી છે. આ આત્મકથા પ્રગટ થઈ તે પહેલા હિમાંશી શેલતના કેટલાંક આત્મકથનાત્મક અંશોનો પ્રારંભ એમનાં સંસ્મરણાત્મક પુસ્તકો - 'એકડાની ચકલીઓ', 'પ્લેટફોર્મ નંબર ચાર' અને 'વિક્ટર'માં થઈ ચૂક્યો હતો. હિમાંશી શેલતની આ આત્મકથા વિશેનું ભરત મહેતાનું અવલોકન નોંધનીય છે. તેઓ લખે છે, "'મુક્તિ-વૃત્તાંત' (૨૦૧૬) હિમાંશી શેલતની રસપ્રદ આત્મકથા છે. આપણે ત્યાં ગાંધીયુગ પછી આત્મકથાથી મહત્ત્વના સર્જકો બહુધા દૂર જ રહ્યાં

છે. ત્યારે હિમાંશી શેલતે એની પ્રતીતિ આ આત્મકથા વાંચતા પણ થાય. આત્મકથા એ આત્મપ્રશંસાનું કળાત્મક માધ્યમ છે, એવું અમૃતા પ્રીતમે કહ્યું છે. તેથી તટસ્થતા એ આત્મકથાનું આવશ્યક લક્ષણ છે. હું આત્મકથાનો પાયો છું અને હું જ આત્મકથાને અળપાવી પણ શકે. તેથી લેખિકાએ મુક્તિ સર્જીને એ તાટસ્થ્ય ઊભું કર્યું છે. લેખિકાની આત્મકથામાં 'ગર્ભગાથા'ની માફક એકાધિક સ્ત્રીઓ જ કેન્દ્રમાં છે. એ સ્ત્રીઓની વિપદાનું એક આખું જગત છે. મુક્તિના નિમિત્તે લેખિકાએ શાળાજીવન, શિક્ષક સાથેનો સુમધુર સંબંધ, પછીથી નીલમણિ સાથેની સ્મૃતિઓ અને પ્રાણી મિત્રો સાથેના સ્મરણો આલેખ્યાં છે. છતાં રહી રહીને એમ જ થયાં કરે કે મુક્તિવૃત્તાંત પણ એક સ્મૃતિકથા વિશેષ છે. અહીં આત્મસંઘર્ષની તીવ્રતા જવલ્લે જ છે."[૧૯] તો પોતાની જાતને સંપૂર્ણ રીતે વાચકો સમક્ષ પ્રગટ કરનાર હિમાંશી શેલતની આ આત્મકથા વિશે મીનલ દવે નોંધે છે, "આ એવી સ્ત્રીનું આત્મવૃત્તાંત છે, જે જીવનને પોતાની શરતે જીવી છે. જ્યાં નથી ગમ્યું ત્યાંથી જાત સંકોરીને ખસી ગઈ છે, પોતાનો વિરોધ સ્પષ્ટ રીતે દર્શાવી શકે છે, બેવડાં ધોરણો સાથે જીવવાનું કે એવું જીવનારા લોકો સાથે ગોઠવાવાનું એને જરા પણ અનુકૂળ આવ્યું નથી. કોઈપણ પ્રકારના લાભ માટે પોતાનાં મૂલ્યો સાથે એણે કદી સમાધાન નથી કર્યું. પોતાને ગમતી વ્યક્તિ માટે વ્યવસાયમાં કે સમાજમાં વેઠવાનું આવ્યું તો પણ ન પાછું પગલું ભર્યું છે, ન એને છુપાવવાની કોશિશ કરી છે. પૂર્ણ પારદર્શકતા સાથે પોતાની જાતને વાચકની સામે વ્યક્ત કરવાનું સાહસ આ આત્મવૃત્તાંત નિમિત્તે એણે કર્યું છે."[૨૦]

છલોછલ વાર્તારસ અને માનવતાના સંદેશથી ભરી-ભરી આ આત્મકથાને ઉત્પલ પટેલ આપણા આત્મચરિત્રાત્મક સાહિત્યનું એક મુક્તવૃત્તાંત કહે છે. તેઓ નોંધે છે, "રંગદર્શી સશક્ત કલમે, નિખાલસતાથી આલેખાયેલી એક સંવેદનશીલ, મુક્ત ને વિશાળદિલ લેખિકા, પ્રાધ્યાપિકા વત્તા કર્મશીલ એવી સબળા નારીની આ પ્રભાવક, યથાર્થલક્ષી આત્મકથની 'મુક્તિ-વૃત્તાંત' એક ખાસ મોડ શી બની આવી છે. વાર્તારસ, સામાજિક ન્યાય અને પ્રતિબદ્ધતા પરત્વે સાચાં રહી, કલાત્મક વાર્તાઓ આપી જાણનાર સફળ વાર્તાલેખિકાની આ સબળ આત્મકથા છે. તેમાંથી મળતા છલોછલ વાર્તારસ અને માનવતાના સંદેશથી ભર્યું આ 'મુક્તિ-વૃત્તાંત' આપણા આત્મચરિત્રાત્મક સાહિત્યનું એક મુક્તવૃત્તાંત બની રહે છે."[૨૧]

હિમાંશી શેલતે 'મુક્તિ-વૃત્તાંત'નો આરંભ નાટયાત્મક રીતે કર્યો છે. ટી.વી.માં એક મૉડેલની આત્મહત્યાના સમાચાર જોઈ મુક્તિ વિચારે છે કે, "એને જો અલ્ઝાઈમર્સ થયો હોત તો એ

આમ મોતને વળગી ન પડત. એને મરવાનું યાદ જ ન આવત. યાદદાસ્ત અલોપ એટલે અંદર અંધારું ઘોર." (પૃ.૧) આ રીતે એમની અંદર રહેલી બીજી મુક્તિ સાથે સંવાદ ચાલે છે, આ સંવાદથી વૃત્તાન્તનો આરંભ થાય છે ને આત્મકથા આકાર લે છે. અહીં જ તેમની વચ્ચે થતાં આ સંવાદમાં મુક્તિ આત્મવૃત્તાન્ત લખવાની ઇચ્છા પ્રગટ કરે છે... "મુક્તિએ બોલતાં બોલતાં ચેનલ બદલવા માંડી. પછી અચાનક ટીવી બંધ કરીને કહેઃ મારે આત્મવૃત્તાંત લખવું છે.

: યુ મીન આત્મકથા ?

: ઇન અ વે એમ જ." (પૃ.૨) અહીં આત્મવૃત્તાંત લખવાનું કારણ આપતા મુક્તિ જવાબમાં કહે છે, "છેલ્લું છેલ્લું જોઈ લેવું છે કે કેટલાં પ્રામાણિક થઈ શકાય છે, અને કેટલાં નિખાલસ! આ પણ એક પ્રકારનો બાર-ડાન્સ. બધાં જોતાં હોય ત્યારે અજવાળામાં ખુલ્લાં થઈને ઊભાં રહેવાની તાકાત કેવીક છે, જોઈએ તો ખરાં! મુક્તિ જેવી છે તેવી, ઢોળ ચઢાવ્યા વિનાની અને રંધો ફેરવ્યા વગરની. બસ, એની જોડે આંખ મેળવવાની ઇચ્છા છે." (પૃ.૨) આમ મુક્તિ પોતાના સંબંધોની સચ્ચાઈને અને કામની નક્કરતાને ચકસવાના હેતુથી આ આત્મવૃત્તાંત લખવાનો આરંભ કરે છે. આત્મવૃત્તાન્તને અંતે પણ મુક્તિ પોતાને પૂછે છે, "મેં શા માટે મારા સાવ સામાન્ય જીવનને આમ આલેખવાની મથામણ આદરી?" (પૃ.૧૭૬) આનો જવાબ પણ તેઓ તરત આપે છે કે, "વિદાય પહેલાં મારા વસવાટનો ખંડ ઝીણવટથી જોઈ લેવો, એક વખત ખૂણેખાંચરે નજર ફેરવી લેવી એવી ઇચ્છાએ આ પ્રયાસ માટે પ્રેરી હશે."(પૃ.૧૭૬) આમ, જીવનમાં અનુભવેલી વાસ્તવિકતાનું ચિત્ર રજૂ કરવા મુક્તિએ આ વૃત્તાંત લખ્યું છે.

૧૭ ખંડ અને ૧૮૪ પૃષ્ઠોમાં લખાયેલ આ આત્મવૃત્તાંતમાં મુક્તિ પોતાના જીવનની સચ્ચાઈના પડળ ઊઘાડતાં જાય છે. આઝાદીના વર્ષે જન્મેલ લેખિકાનું મૂળ નામ મુક્તિ. જોકે તેમનાં પરિવાર સિવાય આ નામથી સૌ કોઈ અજાણ હતાં. મુક્તિએ શાળાનું શિક્ષણ એમની અત્યંત પ્રિય અને સુરતની પ્રખ્યાત ગણાતી જીવનભારતી શાળામાં મેળવ્યું હતું. ગણિત વિષયની બાબતમાં અત્યંત નિરુત્સાહી મુક્તિ સંગીત, ચિત્ર અને અભિનયક્ષેત્રે અત્યંત ઉત્સાહથી ભાગ લે છે. અભ્યાસની સાથે સાથે શાળામાં ગવાતી પ્રાર્થના હોય કે, બાળકોને અપાતો નાસ્તો હોય આજેય એ દિવસોનો આનંદ મુક્તિના મનને પ્રફુલ્લિત કરી દે છે. કાંતણ, વણાટ, શ્રમયજ્ઞ, ચિત્ર, સંગીત તેમજ અનેક ઉત્સવોને ઉજવવાની પ્રવૃત્તિઓમાં અવ્વલ ગણાતી જીવનભારતી શાળા મુક્તિને જીવનભર યાદ રહે છે. જીવનભારતી શાળામાં મેળવેલ શિક્ષણ અને ત્યાં પસાર કરેલ સમયની

અનોખી દાસ્તાન સાથે અઠવાનું ઘર, ગઝ્ઝરવાડી અને પાલતું પ્રાણીઓ તરફ તેમને કેટલું આકર્ષણ હતું તેનું આલેખન કરે છે. બાળપણના સંસ્મરણોને વાગોળતાં મુક્તિ સપ્તરંગી અનુભવોનો ખજાનો આપણી સમક્ષ ઠાલવે છે. બાળપણમાં મકાન માલિકના ગૃહમંદિરમાં ઉજવાતા વિવિધ ઉત્સવોની અનોખી દુનિયામાં ખોવાઈ જવાનો જે આનંદ લીધો તેનો મહિમા પણ અહીં વ્યક્ત કર્યો છે. મુક્તિએ આ આત્મવૃત્તાંતમાં બાળપણના કેટલાંક એવાં પ્રસંગો આલેખ્યા છે કે જેમાં આપણને ભવિષ્યનાં મુક્તિનો પરિચય સાંપડે છે. જેમાં ગઝ્ઝરવાડીની ઓરડીમાં રહેલી ભાણીબાઈને અડધી રાત્રે નશામાં ચૂર થઈ ઝૂડતો દારૂડિયો પતિ તેમજ ગાડીમાં જોતરાવાનો નન્નો ભણતા ઘોડાને ફટકારતા ભૈયાના દશ્યોનો સમાવેશ થાય છે, આ દશ્યો મુક્તિના મન પર મનુષ્યની ક્રૂરતાની છાપ પાડે છે.

મુક્તિએ બાળપણનાં સંસ્મરણો નિમિત્તે માતા-પિતા અને દાદાજીના વ્યક્તિત્વનો પણ વિગતે પરિચય કરાવ્યો છે. પરિવારમાં ‘ગુણસુંદરી’ તરીકે ઓળખાતાં બા-સુધાબહેનનું મુક્તિએ સુંદર શબ્દચિત્ર આપ્યું છે. દેખાવે સુંદર, ઓછાબોલાં, અન્યની સેવામાં સદાય તત્પર, સાહિત્યનાં રસિક, પુરુષો કરે એવાં કામમાં પાવરધાં બા મુક્તિના નજીકના મિત્ર હતાં. લગ્ન ન કરવાની વાત હોય કે મહેતાસાહેબ સાથેના આત્મીયસંબંધની વાત હોય પણ બા હંમેશા મુક્તિની પડખે હાજર રહેતાં. તો પિતાજી - ઇન્દુભાઈ શેલત ખૂબ ભલા આદમી. જોકે મુક્તિને ક્યારેક પિતાજી પર ખીજ પણ ચડતી. કારણ એટલું જ કે કુટુંબનાં મોટાભાગનાં લોકો તેમની ભલમનસાઈનો લાભ લેતાં. ઋજુ-કોમળ સ્વભાવના ઇન્દુભાઈ-મોટાભાઈ ભલે આર્થિક કે સામાજિક વ્યવહારમાં નબળા હતા પરંતુ તેમની સંવેદનશીલતા અને સામાજિક નિસબતને મુક્તિ સારી રીતે સમજી શક્યાં છે. મુક્તિએ આલેખેલ પિતાના ચરિત્ર સંદર્ભે મીનલ દવે નોંધે છે, “મુક્તિએ આંકેલું પિતા ઇન્દુભાઈનું રેખાચિત્ર વધારે હૃદયસ્પર્શી છે. ભગવાનના માણસ કહી શકાય એવા ભલાભોળા, સદૈવ પ્રસન્નચિત્ત ઇન્દુભાઈ તેજસ્વી પિતાના પડછાયામાં થોડા ઢંકાઈ ગયા. સંસારી કાવાદાવાની સૂઝને અભાવે છેતરાતા રહ્યા, પરંતુ મૂળભૂત રીતે ભલમનસાઈ એમની સ્વાભાવિક લાક્ષણિકતા હતી. સ્ટેશન પર ઊંઘતાં નિરાધાર બાળકોના હાથમાં એમણે મૂકેલા પૈસા એમની ઉદારતા અને માનવજાત પ્રત્યેના વિશ્વાસના પ્રતીક સમાન છે. આવા ભલાભોળા પિતા પર મુક્તિએ એક વખત ઠાલવેલો ધુંધવાટ આજે એના મનમાં ક્ષુબ્ધતા જગાવે છે. પિતાની સાલસતા, વીતરાગવૃત્તિ, સ્વભાવની સમતા અને સખત પીડામાં પણ દાખવેલી ધીરજ તથા સહિષ્ણુતાએ જ કદાચ મુક્તિને અભાવગ્રસ્ત બાળકો,

પ્રાણીઓ અને વણકથી વેદનાથી ઘેરાયેલી સ્ત્રીઓ સાથે જોડાવા પ્રેરી છે. સંવેદનશીલ વાચકની આંખના ખૂણા ભીના કરી શકે તેવું આ શબ્દચિત્ર ગુજરાતી રેખાચિત્રોમાં અનોખું સ્થાન પામશે."[૨૨]

તો મુક્તિના વ્યક્તિત્ત્વને નિખારવામાં દાદાજી-કાલિદાસ શેલતનું મહત્વનું યોગદાન હતું. એક સાહસી પત્રકાર અને સમાજના વગદાર લોકો સાથે અત્યંત ઘનિષ્ઠ સંબંધ ધરાવતા દાદાજીએ જ મુક્તિમાં લેખન, વાંચન, સાહિત્ય અને કલાના શિક્ષણનું બીજ વાવ્યું હતું. દાદાજીએ મુક્તિનો વિવિધ રાજનીતિજ્ઞો, સાહિત્યકારો, પત્રકારો તેમજ શિક્ષણવિદો સાથે પરિચય કરાવ્યો હતો. દાદાજીના વ્યક્તિત્વથી અત્યંત પ્રભાવિત મુક્તિ અહીં તેમના ઉમદા વ્યક્તિત્વ-ચરિત્રને જુદાજુદાં દૃષ્ટિકોણથી આલેખે છે. બાળપણથી જ લખવા-વાંચવાનો શોખ મુક્તિને દાદાજી તરફથી વારસામાં મળે છે. દાદાજીના વ્યક્તિત્વથી અત્યંત પ્રભાવિત મુક્તિ બાળપણમાં જ 'ગુલાબ' નામનું હસ્તલિખિત સામયિક શરૂ કરે છે. ટૂંકમાં, દાદાજીના ઉચ્ચ વ્યક્તિત્વથી આકર્ષિત મુક્તિ અહીં તેમનું ઉમદા શબ્દચિત્ર આલેખે છે.

મુક્તિ પોતાના કુટુંબનો પરિચય આપતી વખતે સ્ત્રીઓ વિશે પણ વિગતે વાત કરે છે. વીસમી સદીની સ્ત્રીઓની સામાજિક, આર્થિક તેમજ સાંસારિક સ્થિતિ, તેમણે વેઠવી પડેલી હાડમારીઓ તેમજ સંસારની નૈયા પાર લગાડવા એમણે કરેલો સંઘર્ષ અહીં વર્ણવ્યો છે. અહીં મુક્તિએ તેમના વડનાની, નાની, અમ્બાફોઈ, પરદાદી, દાદી તેમજ બાએ જીવેલાં જીવનને શબ્દબદ્ધ કર્યું છે. આ બધાંના જીવન અનુભવો પરથી મુક્તિને એટલું તો સમજાયું હતું કે પરણ્યા પછી સ્ત્રીનો પોતાના દેહ પરનો અધિકાર રહેતો નથી. વળી, સ્ત્રીના જીવનમાં આવતી અનેક તકલીફો તેમણે બાળપણમાં જોઈ હતી આમાંની કેટલીક સ્ત્રીઓની હકીકત અહીં ટાંકી છે.

'મુક્તિ-વૃત્તાંત'માં મુક્તિએ મહેતાસાહેબ સાથેના પોતાના આત્મીય સંબંધ વિશે વિગતે વાત કરી છે. તેઓ આ સંબંધને 'આસ્થા અને આર્દ્રતાથી રળિયાત' ગણાવે છે. દાદાજી અને સમગ્ર કુટુંબ સાથે પારિવારિક સંબંધ ધરાવતા મહેતાસાહેબનો મુક્તિના ઘડતર પર વિશેષ પ્રભાવ હતો. વાત્સલ્યના પ્રગાઢ સ્પર્શવાળો છતાં સ્વાર્થ અને અપેક્ષાના વળગણો વગરનો આ સંબંધ તેમના માટે 'સાહિબ મેરા એક હૈ' જેવો હતો. મુક્તિ પોતે જ સ્વીકારે છે કે એમનાં સંવેદનોના વિસ્તરણમાં અને કાર્યપદ્ધતિની નિષ્ઠામાં મહેતાસાહેબની મોટી ભૂમિકા હતી. આ કારણે જ તેઓ અનેક નિસબતભર્યા કામોમાં જોડાતાં ગયાં. મુક્તિની પ્રેમગાથા કેટલી સશક્ત છે એ વિશે જણાંવતા ઉત્પલ પટેલ નોંધે છે, " 'મુક્તિ-વૃત્તાંત'માં લેખિકા કહે છે : "અડસઠ પતાવીને બેઠાં છીએ ઠાઠથી. સાવેસાવ એકલાં,

વિસ્તરેલા રજવાડામાં, અને વાગોળીએ છીએ પ્રેમગાથા. સાચું કહીએ તો ઝળહળતા પ્રકાશમાં કોઈ પ્રતાપી પુરુષનો હાથ ઝાલી દુનિયા આખી સામે રોમાંચમાં રણઝણ અવાજે 'ધ મેન ઇન માય લાઇફ' કહીને રજૂ કરી શકાય એવી કોઈ વ્યક્તિ જીવનમાં આવી નહીં... ઝટપટ પ્રેમમાં પડી જાય એવું હૃદય નહીં. તોયે પ્રેમગાથા સશક્ત છે, ઠેઠ સત્તર-અઢારે આરંભાયેલી, અને આજ સુધી તાજી રહેલી, નાનાં નાનાં ચોટદાર અને મોટાં મોટાં દળદાર પ્રકરણોથી ખીચોખીચ." (પૃ.૧૧૪) આટલા જ શબ્દો પર્યાપ્ત અને સશક્ત છે. એ બતાવે છે કે હિમાંશી શેલતની પ્રેમગાથા સશક્ત છે એ એમના હૃદયમાં વ્યાપેલ છે, 'ન હન્યતે'ની સ્થિતિમાં. એ એમની નિજી બાબતને છેડયા વિના એટલું જ કહીશું કે વાચક સમક્ષ આખું 'મુક્તિ-વૃત્તાંત' એક રીતે તો મુક્તિની રસભર પ્રેમગાથા રૂપે જ નિરૂપાયેલ છે. મુક્તિનો એમનો નિજી પ્રેમ સશક્ત છે એટલો તેમનો સમષ્ટિ પ્રેમ પણ છલોછલ છે."[૨૩] મુક્તિએ આત્મવૃત્તાંતમાં કરેલ ઉલ્લેખ અનુસાર તેમના અને મહેતાસાહેબના આ સંબંધને જાહેરમાં બદનામ કરવાના અનેક પ્રયત્નો થયા છતાં તેમનાં આ સંબંધમાં ઓટ આવવાને બદલે તે વિસ્તરતો જાય છે. અહીં મહેતાસાહેબ સાથેના આ સંબંધ વિશે શબ્દો ચોર્યા વિના કે હકીકત છૂપાવ્યા વિના મુક્તિએ તેને વિગતે આલેખ્યો છે.

નાની વયે બે-ચાર બહેનપણીઓના થયેલા લગ્નનો અનુભવ તેમજ પોતાના કુટુંબની અને ઝૂંપડપટ્ટીમાં રહેતી સ્ત્રીઓનું જીવન જોઈને જ મુક્તિએ લગ્નથી અળગા રહેવાનું નક્કી કરી લીધું હતું. વળી, સ્ત્રીની ગર્ભાવસ્થાની પીડા તેમજ બાળજન્મની આખી પ્રક્રિયા તેમને ખૂબ જ ડરામણી લાગતી હતી તેથી કદાચ લગ્ન કરવા પડે તોય બાળક તો નહીં જ એવો દઢ નિશ્ચય કર્યો હતો. જોકે મુક્તિને લગ્ન પ્રત્યે અણગમો હતો પરંતુ તેમનું દિલ માતૃત્ત્વથી ભર્યું ભર્યું હતું. ઘરમાં પાળેલાં પ્રાણીઓની પ્રસવ સમયની અસહ્ય પીડાની વાત હોય, મજૂરી અર્થે આવેલાં કે અભાવગ્રસ્ત સમુદાયના બાળકોની વાત હોય પરંતુ તેમના પ્રત્યેના પ્રેમમાં ક્યારેય ઓટ આવી નહોતી. મોટી ઉંમરે - લગભગ ૪૭ વર્ષની આસપાસ નીલમણિ અને મુક્તિ એકબીજાને મળે છે અને લાંબી વાતચીતને અંતે લગ્નજીવનની શરૂઆત કરે છે. અહીં લગ્નજીવન વિશેના તેમના ખ્યાલો વિશે, મોડે સુધી લગ્ન કેમ ન કર્યા તેના કારણો વિશે, નીલમણિ સાથેના લગ્નજીવન વિશે, નીલમણિની અણધારી વિદાયથી આવી પડેલી એકલતા વિશે, નીલમણિ અને તેમના પાળેલા કૂતરા સાથે ગાળેલા યાદગાર દિવસો વિશે મુક્તિએ વિગતે વર્ણન કર્યું છે.

પશુ-પંખીઓ તેમજ સરીસૃપ પ્રત્યે અપાર પ્રેમ ધરાવનાર મુક્તિએ અહીં મનુષ્ય પ્રત્યેના પ્રેમભાવની સાથે સાથે પ્રાણીમિત્રો પ્રત્યેના વાત્સલ્યને પણ એટલી જ ઉત્કંઠાથી આલેખ્યો છે. લિયો, વિક્ટર અને સોનુ જેવાં કુતરાં હોય કે જુદી-જુદી બિલાડીઓની સાથે શ્યામસુંદર જેવા સાપની વાત હોય, મુક્તિએ અહીં અત્યંત સ્નેહભાવથી તેમનાં ચરિત્રોને પણ શબ્દબદ્ધ કર્યા છે. વિક્ટર અને સોનુ વિશે તો મુક્તિએ તેમના પ્રત્યેના સ્નેહભાવને ખૂબ જ વિગતે શબ્દબદ્ધ કર્યા છે. સોનુ એ જ્યારે વિદાય લીધી તે સમયને મુક્તિ આ રીતે આલેખે છે..."ચંપા અને કાંચનાર વચ્ચે સોનુને પોઢણ દીધાં. માટી વાળી તોયે એનો ભારે શ્વાસ સંભળાતો રહ્યો, મારી આગળ-પાછળ હોય એમ. એ બપોરથી આ ઘરમાં મારા આગમનના ઓચ્છવ વિલાયા, હરખે ઊછળતું આંગણું ગમગીન." (પૃ.૧૬૨) અહીં અંગત સ્વજનસમા પ્રાણીમિત્રની વિદાયનું વર્ણન કઠોર ભાવકની આંખોમાં પણ આંસુ લાવી દે એ રીતે વર્ણવાયું છે.

મુક્તિ જે કોલેજમાં અભ્યાસ કરતાં હતાં તે જ કોલેજમાં તેમને અધ્યાપક તરીકેની નોકરી મળી હતી. જોકે થોડાં વર્ષો પછી શિક્ષણની અવદશાથી તેઓ નારાજ થાય છે. વિદ્યાર્થીઓની ભણવા પ્રત્યેની અને અધ્યાપકોની ભણાવવા પ્રત્યેની ઉદાસીનતા તેમને વિચલિત કરે છે. નિવૃત્તિ સુધી નોકરી કરવાનું તેમને ઉચિત ન લાગતા જિંદગીના પચાસમાં વર્ષે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લે છે અને અભાવગ્રસ્ત સમુદાય માટે કામ કરવાની શરૂઆત કરે છે.

લેખિકાની સર્જનાત્મકતા જ એવી છે કે ૨૦૧૪માં પોતાને આવેલ હૃદયરોગના હુમલા વખતના દૃશ્યને પણ એમણે કાવ્યાત્મક લયમાં શબ્દબદ્ધ કર્યું છે. હૃદયરોગના હુમલા વખતે થયેલ શારીરિક પીડા, તેમનાં મનમાં ચાલતા જુદાં-જુદાં વિચારો, બચવા માટે કરેલા પ્રયત્નો, સમયસર મળેલી સારવાર જેવી ઘણી બધી બાબતો વિગતે આલેખાઈ છે. મૃત્યુનો પ્રત્યક્ષ અનુભવ કરીને પાછાં ફરેલાં લેખિકાએ વાસ્તવિકતાનું જે રીતે કાવ્યમય વર્ણન કર્યું છે તે સાચે જ પ્રસંશનીય છે. હૃદયરોગના હુમલા પછી મુક્તિને પ્રગાઢ શાંતિનો અનુભવ થાય છે. હવે તેમનામાં ન દ્વેષ, ન ફરિયાદ, ન કોઈ અફસોસ દેખાય છે. હા, પોતાના મનમોજીલાપણાને કારણે શરીર પાસેથી ધાર્યું કામ લઈ શક્યા નથી એ વાત કબૂલ કરે છે. તેઓ વિચારે છે કે, દુનિયામાં જે કંઈ થઈ રહ્યું છે તે બધું તો આદિ સમયથી ચાલ્યું આવે છે. એને દૂર કરવા મથવું ખરું, પણ કાલે આપણે જ ન હોઈએ ત્યારેય આ બધું તો રહેવાનું જ છે. જોકે તેમને આનંદ એ વાતનો છે કે, પોતે જીવનભર કોઈના તાબે થયાં નથી. હવે જીવનમાં એક જ ઈચ્છા છે કે, રૂંઢનાથ મહાદેવના મંદિરની અગાશી પર ઘુમ્મટની

ફરતે હવામાં બે હાથ પહોળા કરી, પાંખોની જેમ એને ફફડાવતી, પૂરજોશમાં ચક્કર પર ચક્કર લેતી એક ખુદમસ્ત છોકરીને ઊડતી જોવી છે.

આ આત્મવૃત્તાંતમાં મુક્તિએ પોતાનું બાળપણ, શાળાજીવન, કૌટુંબિક સ્ત્રીઓ, વડવાઓ અને માતા-પિતા તેમજ દાદાજીના સુરેખ શબ્દચિત્રો આલેખ્યાં છે. અહીં દાદાજી સાથે મુલાકાતે આવતાં અનેક વિદ્વાનોનો પરિચય, મહેતાસાહેબ સાથેના પારિવારિક તેમજ મુક્તિના આત્મીય સંબંધોની વિગતે વાત કરી છે. તો મોટી ઉંમરે નીલમણિ સાથેના લગ્નજીવનની વાત હોય કે નીલમણિના મૃત્યુથી વ્યાપેલ ખાલિપાની વાત હોય મુક્તિએ એક પણ શબ્દ છૂપાવ્યા વગર વાત આલેખી છે. ૨૦૧૪માં પોતાને આવેલ હ્રદયરોગના હુમલા વખતે તેમને જે અનુભવ થાય છે તેની પણ અહીં પેટ છૂટી વાત કરી છે.

પ્રસ્તુત આત્મકથામાં પ્રયોજાયેલ ભાષાની પ્રાસાદિકતા, વ્યંજના, વાક્યલય તેમજ ટૂંકાં વાક્યો અને ખપજોગ વર્ણનો આ કૃતિને સાર્થક બનાવે છે. હિમાંશી શેલતની આ આત્મકથા વાચકને ફરી-ફરી વાંચવી ગમે તેવી નીવડી છે. તેના મૂળમાં રહેલી ગદ્યશૈલી સંદર્ભે બિન્દુ ભટ્ટ નોંધે છે, "આ રચનાનું સઘન ગદ્ય રસ અને ચિંતનનો સમાનાંતર અનુભવ કરાવે છે. આત્મકથાની ભાષા આપણી ગુજરાતી ભાષાનું આગવું ઘરેણું છે. ચિત્રાત્મકતા, સાંકેતિકતા, વ્યંગ, હાસ્ય અને લાઘવ અસરકારક છે. હિમાંશીએ વાર્તાલેખનના આરંભે સારી વાર્તાની એક કસોટી રાખેલી. જો વાર્તા બે થી વધુ વાર વાંચતા કંટાળો ન આવે તો એને સફળ માનવી. સફળતા અને સાર્થકતાની દષ્ટિએ કહેવું જોઈએ કે આ આત્મકથા વાચકને ફરી-ફરી આકર્ષે એવી રસપ્રદ અને વિચારોત્તેજક બની આવી છે."[૨૪]

તો મીનલ દવે આ આત્મકથાની ભાષા વિશે કહે છે, "'મુક્તિ-વૃત્તાંત' જ્યારે 'સમીપે'માં પ્રગટ થતી હતી, ત્યારથી જ એની ભાષાએ મન પર કામણ કરેલું. ક્યાંક કવિતાની કક્ષાએ પહોંચી જતી, તો ક્યારેક હાસ્યના તમામ રંગની છાલક મારતી, શબ્દની વ્યંજનાને સિદ્ધ કરતી, વર્ણનોથી ચિત્રો આલેખતી, ક્યારેક નિબંધના સ્તર પર પહોંચી જતી, તો ક્યારેક કર્મશીલનો આક્રોશ વ્યક્ત કરતી 'મુક્તિ-વૃત્તાંત'ની ભાષા ગુજરાતી સર્જનાત્મક ગદ્યના ઉત્તમ ઉદાહરણ તરીકે વિશ્વ સમક્ષ મૂકી શકાય એવા સામર્થ્ય સાથે ખપમાં લેવાઈ છે."[૨૫]

આ આત્મકથાને કલાઘાટ આપવા માટે હિમાંશી શેલતે અહીં નિરૂપણની જુદી-જુદી રીતિઓ અપનાવી છે. જેમાં સંવાદ, વાદવિવાદ, સંભાષણ, સ્વગતોક્તિ, વર્ણન, કથન, ડાયરી અને પત્ર

વગેરેનો સમાવેશ થાય છે. પુસ્તકમાં એમણે કેટલીક જગ્યાએ રેખાંકનોનો પણ ઉપયોગ કર્યો છે જે પણ અહીં આગવો અર્થ પ્રગટ કરતાં રહે છે. મુક્તિ-વૃત્તાંતની રચનારીતિ સંદર્ભે ઈલા નાયક નોંધે છે, "હિમાંશી શેલતનું 'મુક્તિ-વૃત્તાંત' એની રચનારીતિ, ભાષાપ્રયોગોની સર્જનાત્મકતા અને હકીકતોની સમતોલ અભિવ્યક્તિને કારણે સર્જનમૂલ્ય તો ધારણ કરે જ છે, પણ એમાં રહેલાં આત્મનિરીક્ષણ, તટસ્થતા, પ્રામાણિકતા જેવા ગુણોથી સત્યમૂલ્ય પણ ધરાવે છે. 'મુક્તિ-વૃત્તાંત' ગુજરાતી સાહિત્યની એક રસાળ આત્મકથા છે. એ નકરી હકીકતોના અહેવાલરૂપ નથી પણ સત્ય-આધારિત સાહિત્યકૃતિ છે. જીવનના સત્યને હાનિ ન પહોંચે એ રીતે કળાતું સત્ય નિપજાવતી આ કૃતિ એક કલાત્મક આત્મવૃત્તાંત બની રહે છે."[૨૬]

તો મીનલ દવે આ આત્મકથાની રચનારીતિ સંદર્ભે નોંધે છે, "'મુક્તિ-વૃત્તાંત'નું ઊડીને આંખે વળગે એવું વિશિષ્ટ પાસું તે એની રચનારીતિ. દરેક ખંડમાં મુક્તિ પોતાના જીવનનો એક-એક બંધ ઓરડો ઉઘાડતી જાય છે. જીવનને પ્રભાવિત કરનાર પાત્રો અને ઘટનાઓનો પરિચય કરાવતી જાય છે. વાચક મુગ્ધતાથી હજી તો એ ઓરડામાં એક દષ્ટિપ્રવાસ કરે, ત્યાં તો હળવેથી એ ઓરડાની બહાર સરકીને બીજા ઓરડાનો દરવાજો ઉઘાડી નાખે છે. મુક્તિને લાંબી લેખણે, વિસ્તારથી પોતાની વાત કરવાનું ગમતું નથી. થોડાક વર્ણનો, થોડાક શબ્દો અને વાચકના મનમાં આખું ચિત્ર ઉઘડી આવે, એના વાર્તાજગતની જેમ જ."[૨૭]

ટૂંકમાં, મુક્તિ-વૃત્તાંતમાં પ્રયોજાયેલ રચનારીતિ અને તેના સર્જનાત્મક ગદ્યને કારણે આ કૃતિ સુવાંગ સુંદર બની છે. આ આત્મકથામાં હિમાંશી શેલતે એમનાં જીવનમાં બનેલ સત્ય ઘટનાઓ, હકીકતો અને અનુભવોની સચ્ચાઈને પ્રભાવી ગદ્ય દ્વારા ભાવકો સમક્ષ પ્રગટ કરી છે. સાચી હકીકતને છૂપાવ્યા વગર નિખાલસપણે કહી દેવાના - પ્રામાણિકતાના ગુણના દર્શન આપણને હિમાંશી શેલતની આ આત્મકથાના દરેક પાને થાય છે.

હિમાંશી શેલતે આ આત્મકથાનું શીર્ષક 'મુક્તિ-વૃત્તાંત' રાખ્યું છે એ વિશે બિન્દુ ભટ્ટ નોંધે છે, "જૂની ગુજરાતીમાં આવતાં એવાં વૃત્તાંતનું શીર્ષક ધરાવતી આ આત્મકથામાં લેખિકાના વીતેલા સમયનો અણસાર મળે છે. મુક્તિ એટલે લેખિકા પોતે. હિમાંશીનું નહીં જાણીતું એવું એક નામ મુક્તિ. એ અર્થમાં આજ સુધી કંઈક અપ્રગટ એવાં આ લેખિકાની મુક્તિનો બીજો અર્થ એટલે વ્યક્તિને જીવનનાં એક એવા પડાવે એવું લાગે કે જે કંઈ જોયું, જાણ્યું, જીવ્યું, જોગવ્યું અને જેના કારણે જે કંઈ વલણો અને વળગણો, આગ્રહો અને પૂર્વગ્રહો બંધાયા એ તમામ બંધનોમાંથી મુક્તિ!

નરવું, નિખાલસ, મુક્ત, હળવુંફૂલ એવું પોતાનું 'હોવું' અંકે કરવાની ઝંખના વ્યક્ત કરતું શીર્ષક, એટલે કે બંને પ્રકારની મુક્તિનું વૃત્તાંત!"[૨૮]

'અન્ય ભાષામાં લખાયેલી સ્ત્રી-આત્મકથાઓની સરખામણીમાં ગુજરાતી સ્ત્રી-આત્મકથા જવલ્લે જ જોવા મળે છે.' - તેવું મહેણું ભાંગનાર હિમાંશી શેલત રચિત 'મુક્તિ-વૃત્તાંત' આવતાં હવે આપણે પણ ઉત્તમ સ્ત્રી-આત્મકથા આપણે ત્યાં હોવાનું ગૌરવ લઈ શકીએ તેમ છીએ. હવે આપણે કહી શકીએ તેમ છીએ કે લક્ષ્મીબાઈ ટિળક, રમાબાઈ રાનડે, મલિકા અમરશેખ, હંસા વાડકર, સુનીતા દેશપાંડે, પ્રભા ખેતાન, મન્નુ ભંડારી, ઈસ્મત ચુગતાઈ કે ઈન્દિરા ગોસ્વામી જેવી લેખિકાઓની આત્મકથાઓની હરોળમાં મૂકી શકાય એવી આત્મકથા હવે આપણી પાસે ગુજરાતીમાં પણ છે. અંતે એ અવશ્ય નોંધવું ઘટે કે હિમાંશી શેલતની આ આત્મકથા - 'મુક્તિ-વૃત્તાંતે' ગુજરાતી સાહિત્યને વિશ્વસાહિત્યની હરોળમાં મૂકી શકાય તેવું ગૌરવ અપાવ્યું છે.

### ૪.૨.૪. 'એકડાની ચકલીઓ'

૨૦૦૪માં પ્રકાશિત 'એકડાની ચકલીઓ' એ હિમાંશી શેલત લિખિત નિબંધ, ચરિત્રલેખ અને પ્રતિભાવનું સંગ્રહિત પુસ્તક છે. અહીં સમાવિષ્ટ લેખોમાંથી કેટલાંક લેખો 'ગદ્યપર્વ', 'પરબ', 'શબ્દસૃષ્ટિ' તેમજ 'કંકાવટી' જેવાં સામયિકોમાં છપાયેલ છે. આ પ્રકાશિત લેખો ઉપરાંત કેટલાંક છૂટા છવાયાં લખાયેલ અસંગ્રહિત લેખોનો પણ અહીં સમાવેશ કરેલ છે. અહીં કુલ મળીને ૨૪ જેટલાં નિબંધો, ચરિત્રલેખો કે પ્રતિભાવો આલેખાયાં છે, જેના વિશેનો અભ્યાસ અહીં ટૂંકમાં રજૂ કર્યો છે.

'એકડાની ચકલીઓ'માં લેખિકા ગણિત વિષય અંગેના પોતાના અણગમા વિશે બાળપણના સંસ્મરણો વાગોળે છે. લેખિકાને બાળપણમાં ગણિતની ચોપડી જ નહિ પરંતુ ગણિતના શિક્ષકેય ગમતા નહોતા. ગણિતમાં પોતે ઠોઠ હોવાનું સ્વપ્રમાણપત્ર આપી ચૂકેલાં લેખિકાને ગણિતના દાખલા પ્રત્યે ભારે અણગમો રહેતો, તેમાંય શિક્ષક જ્યારે કાળા પાટિયા પર તેમને દાખલા ગણવા બોલાવે ત્યારે તો જાણે વધસ્તંભ તરફ જતાં હોય તેવું લાગતું, તો કાળું પાટિયું આંખ સામે ફેલાયેલી અમાસની ઘોર અંધારી રાત જેવું લાગતું. તેથી અન્ય વિદ્યાર્થીઓ પાટિયા પર જોશભેર દાખલો ગણી દેખાડતા હોય ત્યારે પોતે ત્રણ એકડામાંથી ચકલી શી રીતે ચીતરી શકાય એવી કલ્પનામાં રમમાણ રહેતાં.

'માથે હજાર હાથવાળો...'માં લેખિકાએ પોતાના બાપુજીનું વ્યક્તિત્વ આલેખ્યું છે. તેમનાં બાપુજીનો અવાજ એકદમ સામાન્ય છતાં જ્યારે તેઓ ગીતો ગાતા એનું સૌને આકર્ષણ રહેતું. આ ગીતોમાં જુના જમાનામાં યાદ કરેલી કવિતા હોય, ગમી ગયેલી થોડી પંક્તિઓ, દોહા કે પછી જોડકણાં પણ હોય. ગાંધી વિચારધારાથી રંગાયેલા લેખિકાના કુટુંબમાં પિતાજી દ્વારા દેશપ્રેમના ગીતો કે પછી પ્રાર્થનાઓનો પ્રવાહ અવિરત ચાલતો. કશાયે ભાર વિનાનું મલકાટથી ભર્યું ભર્યું ગાન જે રીતે બાપુજી ગાઈ શક્તા તે રીતે પોતે તો નથી જ ગાઈ શક્તાં તે લેખિકાને યાદ આવે છે.

'ડર'માં લેખિકાએ પોતાના બાળપણના સંસ્મરણો વાગોળ્યાં છે. સાંકડી પોળો અને ઊંચા ઓટલાવાળાં ઉમરેઠના ઘરે દાદાજી વરસમાં એકવાર કુટુંબને લઈ અવશ્ય જતા. જ્યાં અંધારિયું ઘર, દૂર નાકે સંડાસ જવાનો ડર, પીપળાની ડાળીઓને કારણે લાગતી બીકથી તેઓ સૌ બાળકો કેવી રીતે થરથર કાંપતા તે વિશે વર્ણવ્યું છે. તો બીજીબાજુ સૌને રાત્રે ફાનસ લઈને દાદાજીના મોટાભાઈ પાસે બાબર દેવાની, ભૂપત બહારવટિયાની તો ક્યારેક ભૂતપ્રેતની શ્વાસ અધ્ધર કરી દેતી કથાઓ સાંભળવાનો નર્યો રોમાંચ રહેતો છતાં થોડા દૂર આવેલા એ ઘરે જવામાં એમનાં નાનકડા હૃદય કાંપતાં. આ ઉપરાંત દાદર ચડી અગાશીમાં સૂવા જતી વખતે, એક પોળથી બીજી પોળ જતી વખતે કે એક ઓરડામાંથી બીજા ઓરડામાં જતી વખતે ડગલેને પગલે જે ડર લાગતો તેનું અહીં વિગતે વર્ણન કર્યું છે.

'વિદાયવેળાએ...'માં લેખિકાએ તેમનાં દાદાજીની અંતિમ ક્ષણોને શબ્દરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે. કોઈ વૃદ્ધના મૃતદેહની સામે બેઠેલાં લેખિકાને પોતાના દાદાજીની અંતિમ ક્ષણો યાદ આવે છે. લેખિકાના દાદાજી છેલ્લા એકાદ વર્ષથી નરમ થઈ ગયેલા, ફેફસાં કામ નહોતાં કરતાં તેથી ડૉક્ટરે પંદર-વીસ દિવસનો સમય આપેલો. જાણે વિદેશમાં ભણવા મોકલેલા પોતાના પૌત્રની રાહ જોતા હોય તેમ દાદાજી રોકાયા હતા. દાદાજીની અંતિમક્ષણો વિશે લેખિકાએ કરેલ નિરિક્ષણમાં દાદાજીની સૌને મળી લેવાની આખરી ઈચ્છા, પૌત્રનું મિલન, જવાબદારીઓની વહેંચણી, કુટુંબની સારસંભાળની જવાબદારી વગેરેની વિગતે નોંધ કરી છે.

'તે દિવસનો દરિયો'માં સંસારની જફાનાં તમામ વળગણો ફગાવીને દરિયાની છલોછલ ભરતીને માણી રહેલાં રંભઈ, દુખલી, ગિરજુ, ઉજી, પાલી, સકીના, રુખસારના મમ્મી, જમની અને કમુ જેવી મોટી ઉંમરની સ્ત્રીઓ પોતાની ઉંમરને ભૂલીને મસ્તી કરતાં કરતાં - હાસ્યની છોળો વચ્ચે દરિયાને જે રીતે મનભરીને માણે છે તેનું લેખિકાએ અહીં સુંદર વર્ણન કર્યું છે.

'અગ્નિકાંડ'માં ૧૦૩ ડિગ્રી તાવમાં સબડતાં લેખિકાએ ભઠ્ઠીમાં ફેરવાઈ ગયેલા શરીર તેમજ તાવને ઉતારવા થતાં પ્રયત્નોને શબ્દસ્થ કરવાનો પ્રયાસ કર્યો છે. બિમાર અવસ્થામાં વ્યક્તિની રખાતી કાળજી, મનથી કઠણ રાખવા માટે અપાતો દિલાસો, દવા આપવા માટેની રઘવાટ, ઘરગથ્થુ ઉપચાર વચ્ચે લેખિકા જે અનુભવે છે તેનું અહીં વર્ણન કર્યું છે. ધગધગતી ભઠ્ઠીમાં ફેરવાયેલા શરીરને શાંત કરવા મૂકાયેલ બરફના પોતાંથી કેવી ઠંડકનો અહેસાસ થાય છે તે તો નિબંધ વાંચ્યે જ સમજાય. મોટાભાગના વ્યક્તિઓ આવી પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂક્યાં હોય જાણે પોતાના અનુભવ વિશે જ વાંચતા હોય એ રીતે લેખિકાએ અહીં અગ્નિકાંડનું વર્ણન કર્યું છે.

'માય વન્ડર ફૂલ ટેડ'માં એક ભગ્ન લગ્નજીવનની તાજી ઘટનાના સંપર્કમાં આવવાને લીધે તાજી થતી સિલ્વિયા પ્લાથને લેખિકા અહીં સ્મરે છે. જેણે માત્ર ત્રીસ વર્ષની વયે આત્મહત્યા કરી હતી. સિલ્વિયા પ્લાથ એક એવી શક્તિશાળી લેખિકા હતી કે જેણે ૧૯૫૦ થી ૧૯૬૩ - અભ્યાસકાળથી મૃત્યુપર્યંત પોતાની માને લગભગ છસોથીય વધારે પત્રો લખ્યા હતા! સિલ્વિયાએ લખેલા આ પત્રોમાંનો એક એક પત્ર પ્રફુલ્લિત પુષ્પ સમો, દળદાર અને મઘમઘતો હતો. ૧૯૫૬માં સિલ્વિયા કવિ ટેડ હ્યુઝને મળી. અસાધારણ, સ્નેહાળ, વિચારશીલ જેવા ગુણો ધરાવતા, પાંખાળે ઘોડે ચડીને આવેલા રાજકુમારથી યે અદકા ટેડ સાથે સિલ્વિયા લગ્ન કરી લે છે. સમય બદલાય છે. બે બાળકો અને સુંદર પત્ની ધરાવતા ટેડના જીવનમાં અન્ય કોઈ પ્રવેશી ગયું છે. પોતાની સર્જનપ્રવૃત્તિમાં પરોવાઈને જે બન્યું તે ભૂલી જવા સિલ્વિયા ઘણાં પ્રયત્નો કરે છે. છતાં એના આત્મવિશ્વાસ અને આત્મસન્માન પર મરણતોલ પ્રહાર થવાથી તે હારી જાય છે ને મોતને વહાલું કરે છે. સિલ્વિયાની માએ સંગ્રહેલા પત્રોને આધારે લેખિકાએ અહીં સિલ્વિયાનું ચરિત્ર આલેખવાનો પ્રયત્ન કર્યો છે.

'પારને કાંઠે'માં પાર નદીને કાંઠે અને પારનેરાની તળેટી સુધી વિસ્તરેલી અડાબીડ, ગાઢ વનરાજીનું વર્ણન છે. અજાણી વેલીઓ અને વાંસના ઘેરાવાથી અરણ્ય જેવો લાગતો આ પ્રદેશ અદ્‌ભૂત રોમાંચનો અનુભવ કરાવે તેવો છે. જમીનનો એક વિશાળ ટુકડો ઊંડો ઉતરી ગયેલો છે, આસપાસનો ભાગ જરાક ઊંચો છે. તેના પરથી નીચે નજર કરતા ઠાંસી ઠાંસીને માંહે ભરેલો લીલો અંધકાર દેખાય છે. ન કોઈ કેડી, ન કોઈ ખુલ્લી દિશા. ચોમેર ઝાડી ફેલાયેલી જોવા મળે છે. અહીં લેખિકાએ પાર નદીને કાંઠેથી જંગલની ખૂબસૂરતીની આહ્‌લાદકતાનું કરેલું મનમોહક વર્ણન છે.

'પંગતમાં...' એ કોઈકના લગ્ન પ્રસંગે ઉમરેઠના ખેડાવાળની દાળની સોડમ સાથે પંગતમાં માણેલા ભોજનના સ્વાદનું લેખિકાએ કરેલું વર્ણન છે, જે વાંચનારને લેખિકાના અહોભાગ્યનું દર્શન કરાવે છે. લેખિકા અને તેમના ભાઈને ગામમાં ખાસ પ્રસંગે ત્યાંના વાતાવરણ અને પંગતની હૂંફમાં ભોજનની લિજ્જતનો જે આહ્‌લાદક અનુભવ થયો હતો તેનું આ સુંદર વર્ણન છે. લેખિકા ખાસ નોંધે છે કે, "જમણનો શુભારંભ થાય. વરાળ સાથે પ્રસરતી દાળની અને ઘીની સુગંધ ક્ષુધાપ્રેરક જ હોય. રોટલી પર એકાદ ચમચી ઘી ચોપડતાંની સાથે ચરબીની અને કેલરીની ચિંતા કરવાવાળાંઓ માટે આ પંગતોમાં બેસવાની મનાઈ હોવી જોઈએ. ઘી દદડતી રોટલી હજી તો થાળીમાં પડે એ પહેલાં અરેરાટી અનુભવતાં કોઈ માટે અહીં સ્થાન નથી." (પૃ.૫૧)

'જનતા'માં પંચમહાલના અંતરિયાળ ગામડાની મજૂરીકામ કરતી અતિ ચપળ અને તાજગીભરી જનતા નામની છોકરીને લેખિકાએ ગુજરાતી લખતા-વાંચતા શિખવ્યું તે વિશેનું આલેખન કર્યું છે. અંગ્રેજી શીખવાની ઈચ્છા વ્યક્ત કરતી જનતાને ગુજરાતી પણ બરાબર વાંચી-લખી શક્તા આવડતું નહોતું. લેખિકાના થોડા પ્રયત્નોથી તે સડસડાટ લખવા-વાંચવા માંડી હતી. તેજ મગજ ધરાવતી હોવા છતાં તેના માબાપે શા માટે તેને ભણાવી નહોતી તે એક કોયડો છે. જનતા મજૂરીએથી આવી સાંજે તૈયાર થઈને બીજા છોકરાંઓને પણ સાથે લઈ લેખિકા પાસે આવતી. અંગ્રેજી પણ ભણી શકે એવી આ છોકરી જોકે હોળી ગાળામાં ઘરે વતન ગઈ ત્યારથી પાછી નથી આવી. છતાં લેખિકા ખુશ છે કારણ કે કદાચ તેના માબાપે તેને ભણાવવાનું શરૂ કર્યું હોય. નહિ તો જીંદગીભર આ મજૂરીકામ જ તે કરતી.

'વાગે વાગે રે બ્રહ્મબંસરી!' એ ભક્તિ જેમનો ટેકો છે અને ભજન જેમનો આધાર છે એવાં મંગીબા - લેખિકાના નાનીનું ચરિત્રચિત્રણ છે. ગ્રહદશામાં ઊંડો રસ ધરાવતાં મંગીબા દીકરીઓના પરિવારમાં કોને કયો ગ્રહ નડે છે એની પૂરી જાણકારી મેળવીને તેના નિવારણ અર્થે પૂરેપૂરૂં મથતાં હતાં. લેખિકાના નાનાભાઈની સુખાકારી માટે ગાયને મગ ખવડાવવાની વાત હોય, કથા-કીર્તન, ભાગવત સપ્તાહ, રામકથા, સત્સંગ કે પછી ભજનમંડળીની વાત હોય મંગીબાને આ બધાંમાં અતૂટ શ્રદ્ધા હતી તેની વાત લેખિકાએ અહીં કરી છે. ભગવાનમાં અતૂટ શ્રદ્ધા ધરાવતાં, મૃત્યુ પામેલી વ્યક્તિના ખરખરા વિશે, એની સ્મશાનયાત્રા વિશે, વડી-પાપડ અને મઠિયાની ગુણવત્તા વિશે, ઘરને ખૂબ જ ચાહનારાં, હરવા-ફરવાનાં શોખીન એવાં મંગીબાનું અહીં ચરિત્ર ચિત્રણ થયું છે.

'ગ્રેવયાર્ડમાં' પચાસ વર્ષના ખુશમિજાજ દીકરાને અચાનક ગુમાવી બેઠેલ એંશી વર્ષના વૃદ્ધા હેઝલ ડાયસનું અહીં ચરિત્ર ચિત્રણ છે. હેઝલ ડાયસ સાથે ગ્રેવયાર્ડમાં શ્રદ્ધાંજલિ આપવા ગયેલાં લેખિકા પુત્રવિયોગમાં આક્રંદ કરતાં વૃદ્ધાને આશ્વાસન આપતા રહે છે. કસ્ટડી ડેથ થયેલું જાણી ભાંગી પડેલાં હેઝલ ડાયસ સાથે લેખિકાને પણ ગુસ્સો આવે છે આ નઘરોળ, જડ તંત્ર અને પ્રદેશ પર, જ્યાં ઘેરથી તાણી જવામાં આવેલા અને પછી ક્યારેય જડેલા નહીં એવા જુવાનજોધ છોકરાઓ, અપહ્યત પત્રકારો, ઊંડાં જંગલના ગામોમાં જનજાગૃતિનું કામ કરતાં કર્મશીલો અને વેરની આગમાં હોમાઈ ચૂકેલા કંઈ કેટલાંયે નિર્દોષ વ્યક્તિઓના અકારણ અચાનક થયેલા મૃત્યુને લીધે. અહીં હેઝલ ડાયસના આક્રંદની પછીતે એવી અસંખ્ય માતાના કલ્પાંતને લેખિકા યાદ કરે છે કે જેઓ જડતંત્ર અને નિર્દયી લોકોના જુલમનો ભોગ બન્યા છે.

'છબી'માં સંઘરી રાખેલી છબીઓને આધારે ભૂતકાળના સંસ્મરણોને વાગોળવાનો પ્રયાસ છે. ઘરમાં સાચવી રાખેલાં જૂનાં ફોટાને, તેના મૂળ સમય સાથે સરખાવી આંખ અને હૃદયને જલસા કરાવવા સારુ, પેટીમાંથી બહાર કાઢીને ભૂતકાળને યાદ કરવાના અનેકવારના પ્રસંગોનું અહીં નિરૂપણ છે. અહીં રમત રમતાં, અડખે-પડખે બેઠેલાં ભાઈબહેનની તસવીરો, કુટુંબના લગ્નપ્રસંગે લીધેલ તસવીરો, પરદેશમાં રહેતાં પરિવારજનોની સમૃદ્ધ - રંગીન તસવીરો, જૂનાં ઘર અને શેરીઓની તસવીરો જોતાં જોતાં જે રીતે ઘરનાં સૌ દિલ બહેલાવતાં તેનું લેખિકાએ અહીં સુંદર રીતે નિરૂપણ કર્યું છે.

'દાવાનળનું પંખી'માં ૨૦૦૨ના ભયાવહ તોફાનોને કંડારતી વિકૃત લાશોની છવીઓની પશ્ચાદ્ભૂમાં એટી - સત્તાવીસ વર્ષની યહૂદી યુવતીનું ચરિત્ર ચિત્રણ આલેખાયું છે. રોજબરોજના જીવનમાં એટીને નાઝીઓની ક્રૂરતા અને જડતાનો અનુભવ થતો રહે છે. છતાંય એટીને જીવન ક્યારેય કરૂપ નથી લાગતું. એટી માનતાં કે માણસ પરિસ્થિતિ ન બદલી શકે, પણ પોતે તો બદલાઈ જ શકે, સમૂળગો બદલાઈ શકે. જીવનને મનભરીને માણતી એટી ઉદાસ થાય છે છતાં જીવનને છેવટ સુધી ચાહી શકે છે. અહીં એટીના વિચારો તેમજ દુનિયા અને જીવનને ચાહવાની તેની રીત વિશે લેખિકાએ વિગતે વાત કરી છે.

'ઊડવું તો આકડાનાં તૂરની જેમ - ' માં આકડાના ફૂલ વિશે આપેલ ભરપૂર માહિતી સાચે જ લેખિકામાં રહેલાં પ્રકૃતિ પ્રત્યેના ભારોભાર પ્રેમનો આપણને ખ્યાલ આવે છે. પહેલાના સમયમાં પુરુષના ત્રીજા લગ્ન અશુભ કહેવાતા, જેથી જો ચોથા લગ્ન કરવા હોય તો આકડી સાથે અશુભ

લગ્ન કરાતા. મસ્ત વેરાગીની ખુમારીમાં ભર બપોરેય આનંદ સાથે ઝૂલતો આકડો શનિવારે હનુમાનજીની પૂજા માટેય વપરાતો. જોકે ક્યારેક તેને આપણે આપણા દુર્ભાગ્યની સાથે જોડતા હોઈએ છીએ! જેમકે, કોઈની લખલૂંટ સમૃદ્ધિ પલકવારમાં અદશ્ય થઈ જાય ત્યારે આપણે કહી શકીએ છીએ કે એ જાહોજલાલી 'આકડાનાં તૂર પેઠે ઊડી ગઈ.' આવા આકડા માટે લેખિકા કહે છે તેમ તે સહજ પ્રાપ્ય હોવાને કારણે બહુમૂલ્ય કે જાતવાન વનસ્પતિનો દરજ્જો એને પ્રાપ્ત થતો નથી. ટૂંકમાં, માંહ્યલી ખુમારીમાં બારેમાસ ચકચૂર દેખાતા આકડા વિશેનું આ સુંદર આલેખન લેખિકાએ કર્યું છે.

'હજાર નૂર કપડાં-'માં શાળાશિક્ષણ દરમિયાન અઠવાડિયાના યુનિફોર્મની વચ્ચે દર બુધવારે પહેરાતા કાળાં સ્કર્ટથી લઈ વિવિધ સમયે, શાળામાં કે અન્ય કોઈ જગ્યાએ પહેરાતાં ખાદીના કપડાં વિશે લેખિકાએ અહીં વિગતે વાત કરી છે. સાથે સાથે લેખિકાએ અહીં કપડાં સાથે જોડાયેલ વિવિધ અનુભવો પણ ટાંક્યા છે.

'આનંદનર્તન' માં લેખિકાએ બારેક વર્ષની, નિજાનંદે નર્તનમાં મસ્ત અને આખી દુનિયાથી બેખબર એવી કન્યાનું વર્ણન કર્યું છે. સાદું કથ્થઈ, ઢીંચણથી જરા લાંબું ફ્રોક, કાંડે-કોટે એકેય ઘરેણાં વગરની, અણઘડપણે કપાયેલા વાળવાળી, મોં પર રહસ્યભર્યું સ્મિત ધારણ કરી કેવળ એનાં જ અંતરના ઉમંગે, માત્ર એ એકલી જ સાંભળી શકે એવા સંગીતના તાલે, હરખભેર તાળીઓ પાડીને રમતમાં મશગૂલ એવી કન્યાનું આ વર્ણન છે. આજુબાજુના બદસૂરત અને ખદબદતી ગંદગીથી ફેલાયેલ કર્કશ પ્રદૂષણથી અલિપ્ત આ કન્યા પોતાની પ્રસન્નતામાં એટલી બધી મશગૂલ છે કે આમાંનું કશું જ તેને બાધારૂપ લાગતું નથી.

'જે અહીં સૂતાં છે…' - ટેકરીઓથી પથરાયેલાં વિશાળ ખુલ્લા મેદાનમાં લેખિકાએ જોયેલા નાના-મોટા ટીંબાનું અહીં વર્ણન છે. જે ટીંબા દેખાતાં હતાં તે કાળજી લીધા વગરના હતાં, કારણકે ટીંબાની ઉપર કે આસપાસ કોઈ જગ્યાએ ન તો કોઈ સ્વજને મૂકેલું એકાદ ફૂલ દેખાતું કે ન કોઈ જગ્યાએ મીણબત્તી પેટાવેલ દેખાતી, આમાંના મોટાભાગનાં ટીંબા ઉપર ઝાંખરા કે કાંટા નાખેલાં દેખાય છે. આસપાસની ખીણોમાં આકડા તેમજ નફફટિયાનાં ઝૂંડ દેખાય છે, તો કેટલીક જગ્યાએ ધૂળિયા રંગના કાચિંડા અને કૂતરાઓ ભમતા દેખાય છે. આવી અવાવરું જગ્યાએ, સંધ્યાકાળે રહસ્યના ભારથી ભેંકાર લાગતા અહીંના વાતાવરણની કાળી-અંધારી છાયામાં સોડ તાણીને કોઈક ને કોઈકના સ્વજનો સૂતાં છે તેનું લેખિકાએ નજરે જોયેલું આ વર્ણન છે.

'એને મળશો ?'માં સાઠી વટાવી ચૂકેલ, સામાન્ય કાઠું ધરાવતા, નાજુક, હાથમાં ટ્રાફિક પોલીસ પાસે જોવા મળે એવી નાની અને સફાઈદાર લાકડી ધરાવતા અને ટ્રાફિક પોલીસની જેમ ટ્રાફિકનું નિયમન કરતા પ્રૌઢ આદમીનું વર્ણન છે. નાના ગામની જુદી-જુદી સડકો પર ટાઢ-તડકાની પરવા કર્યા વગર, થાક્યા વગર, ખડે પગે રહી ટ્રાફિકનું નિયમન કરવાની વણસોંપી જવાબદારી નિભાવે છે. લેખિકાએ સાંભળ્યું એ પ્રમાણે કોઈએ એને ઉચાપતના મામલામાં ફસાવી દીધો હતો ત્યારથી તેની કમાન છટકી હતી. છતાં તે રસ્તા પર પોતે નહીં હોય તો કશુંક અનિષ્ટ બની જશે એવી અધિરાઈ અને ચિંતાથી કામ કર્યે જતો હતો.

'પીળાં પતંગિયાં'માં શાળાએ જતી વખતે લેખિકાને રસ્તાના બંને બાજુએ ફૂટેલા થોંકબંધ ઘાસ અને અનામી જંગલી ફૂલો પર ઊડાઊડ કરતાં રંગબેરંગી પતંગિયાં જોવાનો જે લહાવો મળ્યો હતો તેનું વર્ણન છે. ભાદરવા મહિનામાં પાછોતરા વરસાદની વિદાય વખતે રસ્તાની બંને બાજુએ આવેલ ફૂલો પર ઊડાઊડ કરતાં સોનેરી ટપકાં, લાલ પાંખ પર સફેદ ટપકાં, પીળી પાંખ પર જાંબલી રેસા, સફેદ પાંખ પર લાલ ઝાંયવાળા અસંખ્ય પતંગિયાં જોઈને જે આનંદ આવતો તે અવર્ણનીય હોવાનું લેખિકા જણાવે છે. મનુષ્યમાત્ર પતંગિયાંને જોઈ તેના વિષાદમાં કે એકવિધતાના કંટાળામાં કે કંઈક ગુમાવ્યાના દુઃખમાં હોય છતાં આવા પતંગિયા જોઈને તત્કાળ એક અનોખા સુખનો સ્પર્શ થતો હોય છે તે વિશેના સંસ્મરણો લેખિકા અહીં તાજા કરે છે.

'લખવું એટલે વિસ્તરવું...' દિલ્હીમાં કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા મહિલા સર્જકો માટે ગોઠવાયેલ એક ગોષ્ઠી-પરિસંવાદનો લેખિકાએ કરેલો પ્રત્યક્ષ અનુભવ અહીં આલેખાયો છે. પ્રસ્તુત ગોષ્ઠીમાં મહાશ્વેતાદેવી, નવનીતા દેવસેન, કુર્તલઐન હૈદર, ક્રિષ્ના સોબતી, પદ્મા સચદેવ, પ્રતિભા રાય, અબૂરિ છાયા દેવી, જીલાની બાનો, વોલ્ગા, વૈદેહી જેવાં મોટા ગજાનાં મહિલા લેખકો એક સાથે મળે એમ હોઈ લેખિકા આ પરિસંવાદમાં જોડાય છે. 'યુગ-સંધિ ટાણે ભારતીય મહિલા-લેખન, એક સંગોષ્ઠી' એવાં મથાળા હેઠળ યોજાયેલ આ પરિસંવાદમાં ભારતભરમાંથી પોતપોતાની ભાષા-સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતી લેખિકાઓ આવ્યાં હતાં. જોકે ગુજરાતી અને મરાઠી ભાષા સાથે સંકળાયેલ ન જોવા મળતા લેખિકા દુઃખી પણ થાય છે. ભાષા-સાહિત્ય વિશે થયેલ ચર્ચા, લખવા માટે મહિલાઓને નડતો સમય અને સ્થળનો પ્રશ્ન, કલા-અભિવ્યક્તિ પર થતા બેફામ આક્રમણ સામે લેખિકાઓની વ્યૂહરચનાનો અભાવ જેવા ઘણાં-ઘણાં મુદ્દાઓ પર થયેલ સંવાદ વિશે લેખિકાએ જે જાણ્યું-સાંભળ્યું તેનો આ અહેવાલ છે.

'અપ્રાપ્યની ઝંખના!'માં વ્યવસ્થિત-સુઘડ ઘરો અને એને અનુરૂપ સુવ્યવસ્થિત રહી શકતાં અને રાખી શકતાં ચોકસાઈભર્યા નર-નારીઓ લેખિકાને ઈર્ષ્યાપાત્ર લાગ્યાં છે. પોતાની નજરે ટ્રેનમાં જોયેલ એક વૃદ્ધ - સન્નારીની ગતિવિધિ જોઈને લેખિકા તે અંગેની નોંધ કર્યા વગર નથી રહી શકતાં. ટ્રેનમાં મુસાફરી કરતાં આ વૃદ્ધ સન્નારી શાંત અને સ્વસ્થભાવ સાથે જે રીતે શાંતિથી વાળ ઓળે છે, ચહેરા પર ક્રિમ ઘસે છે, નવો રૂમાલ બદલે છે એ તમામ ક્રિયાને જોઈને પોતે આવું કેમ વ્યવસ્થિત નથી કરી શકતાં કે નથી રાખી શકતાં તે અંગેની વ્યથા રજૂ કરે છે. આ પ્રસંગે લેખિકા પોતાનાં નાનીમાને યાદ કરે છે કે તેમની વ્યવસ્થાનો પણ જોટો જડે નહીં તેવી હતી. જ્યારે પોતે તો લાખ ઉપાયે પણ વ્યવસ્થિત રહેવામાં કે રાખવામાં નિષ્ફળ જતાં તેનો અહીં સ્વીકાર કરે છે.

'પ્રીતિભોજન' અહીં પંખીઓને સવારના સમયે અપાતું પ્રીતિભોજન અને પંખીઓની તે ભોજન ચણવા આવવાની, તેને ચણવાની રીત વિશે લેખિકાએ અહીંવિગતે વર્ણન કર્યું છે. સૂર્યોદય થતાં જ લેખિકા સૌ પંખી-મિત્રો માટે રોટલી-બિસ્કીટના ટુકડા, ગાંઠિયા-મમરા, ચણા-શિંગ, ખીચડી-ભાત, તીખી-ગળી બુંદી કે ચીકીનો ભૂકો - જે હોય તેને થાળીમાં સજાવીને મૂકતાં. પોત-પોતાના સ્વાદ અને ખાવાની રીત અનુસાર ચણતાં પક્ષીઓનું લેખિકાએ અહીં ખૂબ જ સુંદર વર્ણન કર્યું છે. તો 'એ અભિરામ ચિત્રો'માં શિયાળાની ઋતુમાં ઉજજડ મેદાને આવી લાંગરતી વણઝારનું નયનરમ્ય આલેખન કર્યું છે.

'દસેક વર્ષ પહેલાં જેમની ઉમંગભરી રમતોથી અને ઉલ્લાસભર્યા ગાનથી ઘર ગાજતું એ બાપુજી અને ભત્રીજા હરિતની - દાદા - પૌત્રની - જોડીને - ' એ રીતે પોતાના બાપુજી અને ભત્રીજાને અર્પણ કરેલ આ પુસ્તક તેના સુંદર મુખપૃષ્ઠ અને છાપકામને લીધે આકર્ષક બન્યું છે. ફક્ત ૧૨૪ પૃષ્ઠના આ પુસ્તકમાં લેખિકા - હિમાંશી શેલતે તેમનાં જીવનમાં બનેલ ઘટનાઓ, સંસ્મરણોને સાદી, સરળ ભાષામાં ભાવકને વાંચવાં ગમે તે રીતે રજૂ કર્યા છે.

### ૪.૨.૫. 'ડાબે હાથે' (૨૦૧૨)

૨૦૧૨માં હિમાંશી શેલત લિખિત 'ડાબે હાથે'માં લેખિકાએ પોતાની આસપાસ બનતી ઘટનાઓ અને પરિસ્થિતિઓ કે જેમાં આઘાત, ગ્લાનિ, ભોંઠપ અને અકળામણ જેવી અનુભવેલી લાગણીઓની ઉત્કટતાને વ્યક્ત કરતા ઉકળાટને વ્યંગ - કટાક્ષના માધ્યમથી ઠાલવ્યો છે. અહીં રાજકારણ અને સમાજજીવનની ચિત્રવિચિત્ર અને બેહૂદી ઘટનાઓ વ્યંગ-કટાક્ષમાં ઝીલાઈ છે. વ્યંગ-કટાક્ષની સાથે સાથે અહીં કેટલીક તિર્યકીઓ અને હાસ્યલેખો પણ લેખિકાએ સમાવ્યાં છે, જે

લેખિકાની સાથે સાથે આપણને પણ ત્રાસદાયક પરિસ્થિતિનું દબાણ ઘટાડવામાં સહાયરૂપ બને છે. લેખિકાએ આ પુસ્તકમાં નાના - મોટા ૩૦ જેટલા મુદ્દાઓ પર વિગતે વાત કરી છે જે વિશે વિગતે જોઈએ…

'હસવામાં હાણ' નામના હાસ્યલેખમાં પતિ-પત્ની લહેવાતાં જીવનસાથીના સ્વભાવ સાવ સામસામે છેડાના હોય તો શું થાય ? તે વાત લેખિકાએ સ્નેહા અને પ્રસન્ન તેમજ લેખિકાના ફુઆ અને ફોઈના વિરોધી સ્વભાવ સાથે સરખાવીને કરી છે. સ્નેહા બેધડક હસતી-હસાવતી ખુશ મિજાજ છોકરી છે તો સામે પ્રસન્ન મૂજી. એકબાજુ ફોઈની સેન્સ ઓવ હ્યુમર ગલગોટા જેવી તો ફુઆ તેમની સરખામણીમાં જરા ગંભીર. એટલે જ લેખિકા છેલ્લે કહે છે કે, 'વિકલ્પો શોધવા સરળ નથી!'

'બાયોડેટા-ચિંતન'માં લખનારને પોતાના બાયોડેટાથી સંતોષ નથી, કારણ તેમના હાથમાં આવેલ એક મહાનુભવનો બાયોડેટા છે. જેની એક નાનકડી પુસ્તિકા પ્રગટ કરી શકાય તેવી માહિતીથી છલકાય છે. ક્રમશ; વિકસતા ઘટાટોપ વડલા સમા આ બાયોડેટાની સામે લેખિકાને પોતાનો બાયોડેટા કેટલો અકારો અને અલૂણો લાગે છે, એને કારણે એમને લઘુતાગ્રંથીનો અનુભવ થાય છે. છતાં બાળલીલાઓ જેમાં સમાવિષ્ટ હોય એવા બાયોડેટાની હજુ પણ પ્રતીક્ષા કરવાનું કહે છે. તો 'જે મળી નહીં એ તક વિશે' એ લેખમાં પુસ્તક પ્રદર્શનમાં સૌંદર્યશાસ્ત્રના પુસ્તકને જોઈ એક અખબારના સહતંત્રી લેખિકાને બ્યુટીકેર, યોગા અને માનસિક રિલેક્સેશન અંગેની કોલમમાં લખવા માટે નિમંત્રણ આપે છે. અહીં સહતંત્રીની અજ્ઞાનતાને કારણે લેખિકાના કોલમ લખવાના રોમાંચનો જે ખુડદો થાય છે તે બનાવને લેખિકાએ હાસ્ય-કટાક્ષની રમૂજી ભાષામાં આલેખ્યો છે. 'શાંતિસ્તોત્ર' લેખમાં જ્યારે નગરમાં અશાંતિ ટોચ પર હોય, નગરમાં રમખાણો ફાટી નીકળ્યાં હોય, નગર ભડકે બળતું હોય કે મારો - કાપોનું સામ્રાજ્ય વ્યાપેલું હોય ત્યારે રચાતી શાંતિ સમિતિની ખરેખરી જરૂરિયાત નગરમાં જ્યારે શાંતિ સ્થાપવાની જરૂર હોય ત્યારે હોવી જોઈએ, પરંતુ તેને બદલે શહેરમાં થોડી થોડી શાંતિ થવા માંડે પછી જ શાંતિસમિતિએ આકાર લેવાનો હોય છે એમ કહી લેખિકા તેના પર કટાક્ષ કરે છે. આ ઉપરાંત '… વધારે રહે છે ?' લેખમાં દાકતરી તપાસ દરમિયાન બ્લડપ્રેશર વધારે હોવા અંગે જાણ થતાં લેખિકા તેના કારણો શોધે છે. નથી છોકરાં કે તેમની ચિંતા, પતિને તેમની કોઈ ચિંતા કરે એ જ નથી ગમતું છતાં કયાં કારણે બ્લડપ્રેશર વધ્યું હશે એની તપાસ રૂપે ડાયરી લખવાની શરૂઆત કરે છે. દિવસ દરમિયાન લખેલી ડાયરીના અંતે વાચક

સમજી જાય છે કે મનુષ્યજાત આખો દિવસ કેવી નકામી લમણાઝીંકમાં ડૂબેલો રહે છે તેનું સુંદર વર્ણન કર્યું છે.

'ધોળા-કાળા' નામના હાસ્ય લેખમાં વાળ ધોળા જ રાખવા કે પછી કાળાં કરવા જોઈએ? એની ગડમથલમાં ઉત્પન્ન થતું નિર્દોષ હાસ્ય લેખને વિશિષ્ટ બનાવે છે. એજ બાજું જીવેલાં વર્ષોને સંતાડીને ઠાઠથી ફરવાનો ઉમળકો જાગે છે, તો બીજી બાજું પોતે સિનિયર સિટીઝન જેવા ન દેખાવાના કારણ સાથે ઓળખપત્ર રાખવાની પળોજણ. આખરે નક્કી થાય છે કે, 'મારે શ્યામરંગ સમીપે ન જાવું!' તો 'આઇસીયુ' લેખમાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલો દર્દી જ્યારે આઈસીયુમાં દાખલ હોય ત્યારે દર્દીના સ્વજનોમાં જોવા મળતી દોડધામ અને તે સમયે થતી અતાર્કિક ચર્ચાને અહીં વર્ણવી છે. લેખિકાએ અહીં પરિસ્થિતિની રજૂઆત એ રીતે કરી છે કે વાચકને હાસ્યની સાથે ગુસ્સો પણ આવે. દર્દી કેટલો સમય કાઢશે ?, સગા-સંબંધીને ખબર આપી દેવી જોઈએ કે નહિ ?, દર્દી પોતાને ઓળખે છે કે નહિ ?. પોતે ક્યાંથી, કેવી રીતે આવ્યાં અને કેટલું રોકાવાનાં કે ક્યારે જવાનાં જેવાં બિનવ્યવહારું સવાલોની ઝડી હેઠળ ઉત્પન્ન થતાં હાસ્યનું સુંદર નિરૂપણ થયું છે. 'અમારી કલ્પનાનું લોકાર્પણ' લેખના શીર્ષકને સાર્થક ઠરાવતા પુસ્તકના લોકાર્પણ વિશે લેખિકા જે કલ્પના કરે છે તેનું રમુજી વર્ણન અહીં કર્યું છે. પુસ્તકનું લોકાર્પણ થાય તો જ ખબર પડે કે નવું પુસ્તક લખ્યું છે, પુસ્તકની પ્રસ્તાવના જો કોઈ મુઠ્ઠી ઊંચેરી, લોકલાડીલી વ્યક્તિ પાસે લખાવવાની હોય તો પુસ્તક લોકાર્પણની ઉચિત નોંધ અખબારી કટારોએ લીધી હોત એવા કટાક્ષના રમુજી તણખા આ લેખમાં સર્વત્ર ઝરે છે.

'જય હો'માં ટી.વી., અખબારવાળા સમાચાર ક્યાં-ક્યાંથી અને કેવી રીતે ખોળી લાવે છે અને સમય કે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લીધા સિવાય સમાચાર બનાવવામાં જ કેવાં રમમાણ રહે છે તે વાતને લેખિકાએ એક ઉદાહરણ દ્વારા અહીં પ્રસ્તુત કરી છે. ખરેખર જ્યારે કોઈ સમાચાર જ ન હોય ત્યારે તે લોકો કેવા પોપડા ઉખેડતા હોય છે તે વિશે લેખિકાએ પોતાનો આક્રોશ ઠાલવ્યો છે. તો 'કલા સાધના'માં ચિત્રકલા અંગેના પોતાના વિશેષ લગાવ અંગે લેખિકા વાત કરે છે. પોતાનો એક વિશેષ સ્ટુડિયો હશે અને તેમાં એક ચિત્રકાર સાથે સંકળાયેલ હોય તેવું બધું જ હશે એવી કલ્પના કરે છે. આખરે ચિત્રકલાના બદલે તસવીરકાર બની ગયેલાં લેખિકા પોતાને પ્રાણીમિત્રોના ફોટા ખેંચવા કેવાં ગમે છે તેની વિગતે અહીં વાત કરે છે.

'પ્રશસ્તિ-રત્નભંડાર'માં સુંદર સમારંભો જેવા કે - પારિતોષિક પ્રદાન, સીડી વિમોચન, ગ્રંથનું લોકાર્પણ, વિદેશપ્રવાસ અર્થે શુભેચ્છાપ્રદાન, પદારૂઢ પ્રસંગો, પદનિવૃત્તિ પ્રસંગો કે જન્મદિવસ નિમિત્તે વ્યક્તિવિશેષ નિમિત્તે વપરાતા વિશેષણોમાં એકવિધતા કે પુનરાવર્તનને લીધે લેખિકાને જે તે સર્વ પ્રતિભાઓની ગરિમાનું ખંડન થતું હોવાનું લાગે છે. આવું ન થાય એ માટે લેખિકા ખુદ કેટલાંક વિશેષણોની સંવર્ધિત યાદીઓનું લોકાર્પણ કરે છે. વિશેષણનું લોકાર્પણ કરતા આ લેખમાં સાચે જ રમૂજ સાથે કટાક્ષને સ્થાન અપાયું છે. તો 'ઐતિહાસિક ઘટના' એ લેખમાં ઓરિસ્સાની વિધાનસભામાં સત્તાધારીપક્ષ અને વિરોધપક્ષ વચ્ચે થયેલ ઝપાઝપી - મારામારીના જે દશ્યો ટી.વી.ના પડદે બતાવવામાં આવ્યાં તેને સાચી લોકશાહી અને રાજકારણનો પાયો હોવાનું કહી આપણી રાજકીય પ્રણાલી પર કટાક્ષ કર્યો છે. વિધાનસભા હોય કે લોકસભા પરંતુ ત્યાં સાચી લોકશાહી સ્થપાય, કાયદા બને કે તે અંગે ચર્ચા થાય તેવા દશ્યોને બદલે લોકશાહી કલંકીત થાય એવાં દશ્યો વિશે લેખિકાએ ભારે કટાક્ષ કર્યો છે.

'વામ-વિવાદ એટલે કે ડાબે હાથે' આ લેખ સાચે જ ડાબે હાથે લખાયેલ હળવો લેખ છે. ડાબા હાથે લખનારાં સૌ અહીં સમભાવ અનુભવી શકે કે ડાબે હાથે લખાયેલી બધી જ રચનાઓ નબળી ન હોઈ શકે. સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રના મંચ પરથી સર્જક-વિશેષની નબળી કૃતિઓ માટે 'ડાબે હાથે લખાઈ હોય તેવી આ રચનાઓ…' એવું કહી શકે પરંતુ લેખિકા આવો અન્યાય સહન કરવા તૈયાર નથી અને લખે છે આ લેખ ડાબા હાથે.

'એક સંશોધન વિશે થોડું સંશોધન'માં 'સ્ત્રીઓનાં મગજ પુરુષોનાં મગજ કરતાં નાનાં હોવાથી પડકારભર્યાં કામો માટે જે ત્વરિત નિર્ણયશક્તિ, બુદ્ધિ, એકાગ્રતા અને શ્રમશક્તિ જોઈએ તે એમની પાસે ઓછાં હોવાની શક્યતા છે. આથી આવાં કાર્યો સ્ત્રીઓ ન કરે એમાં કાર્યનું અને સ્ત્રીઓનું ભલું થઈ શકે. વળી…પુરુષોમાં વધુ બુદ્ધિ હોવાને કારણે એમને પ્રિય થવા માટે સ્ત્રીઓએ વધારે પરિશ્રમ કરવો પડશે!!' વિદેશમાં થયેલાં આવાં સંશોધન પર લેખિકાએ કરેલું સંશોધન એટલે આ રમુજી લેખ. તો 'આજનો સુવિચાર' મહારાષ્ટ્રમાં તેલગી દ્વારા કરોડો રૂપિયાના થયેલાં સ્ટેમ્પ પેપર કૌભાંડ નિમિત્તે દેશમાં રોજે રોજ થતાં આર્થિક ગોટાળા અને કરોડોના કૌભાંડોના સમાચારથી ત્રસ્ત થયેલાં જનસમાજની દયનીય હાલત પ્રત્યે હમદર્દી દેખાડવાની સાથે કટાક્ષથી તરબતર છે આ લેખ. 'પ્રાજ્ઞજન અને પ્રશ્નો' એ સંસદમાં પ્રશ્નો પૂછવા માટેય સાંસદો પૈસા લે છે એવા પ્રગટ થયેલા સમાચારને કેન્દ્રમાં રાખી લખાયેલો હાસ્ય-કટાક્ષથી ભરપૂર લેખ છે. ભિખારી કરતાંય નીચલી

કક્ષાએ પહોંચી ગયેલા સાંસદ પોતાની ગરીમાનેય દાવ પર મૂકી પૈસા લે છે એ હકીકત જાણી લેખિકા પ્રજાજનોને સલાહ આપે છે કે પ્રાજ્ઞજન જે પ્રશ્ન પૂછે છે એની કદર કરી જે આપવું હોય તે દિલથી આપવું જોઈએ, મફતની આશા ન રાખવી એવો સણસણતો કટાક્ષ કરે છે. 'સર્વાઈવલ'માં સર્વાઈવલ ઓવ ધ ફિટેસ્ટનું પ્રત્યક્ષ નિદર્શન જરૂરી બનવાથી તેમજ આ ફિટેસ્ટ ક્યારેક તો સાવ બનાવટી, તકલાદી અને ફોતરાં જેવાં હોય છે, તોયે માનવકુળમાં એ ટકે જ છે, એટલું જ નહીં, ક્યારેક તો એ ઠેઠ ટોચ પર પણ પહોંચે છે. એ જાણી ગયેલ વ્યાઘ્રકુળ પોતાના અભ્યારણ્યમાંથી ગાયબ થઈ છેક દિલ્હી ખાતે, પાર્લામેન્ટ હાઉસની આજુબાજુ પહોંચી જાય છે. આ વાતને કેન્દ્રમાં રાખી અહીં લેખિકાએ સેટાયર ચલાવી છે.

'એક વિનમ્ર પ્રસ્તાવ (સર્જકો જોગ)' નામના લેખમાં પૂનામાં આવેલ ભાંડારકર સંશોધન કેન્દ્ર ખાતે તેમજ સુરતની નવી નક્કોર આર્ટ ગેલેરીમાં એક ચિત્રપ્રદર્શન નિમિત્તે થયેલી તોડફોડને ધ્યાનમાં રાખી લેખિકાએ આ લેખ લખ્યો છે. કલાકારો કે સર્જકોએ પોતાની કલા પ્રદર્શિત કરવા માટેય સમાજના કહેવાતા સંસ્કૃતિરક્ષકો પાસે પ્રમાણપત્ર લેવા જવું પડે તેવી ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી લેખિકાએ અહીં કટાક્ષ કર્યો છે. 'તમે કેવાં ? નેગેટિવ કે પોઝિટિવ' એ છાપામાં આવકના પ્રમાણમાં વધુ પડતી સંપત્તિ હોવાના આધારે સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીને નોટિસ પાઠવી, પ્રતિવર્ષ પાંચ લાખ બાળકીઓની ગર્ભહત્યા થાય છે તેવા અહેવાલ કે ભૂખમરાથી સાત જણ આત્મહત્યા કરી. અખબારમાં છપાયેલ આવાં સમાચારને જાણી-વાંચી હકારાત્મક અભિગમ કેવી રીતે કેળવવો તે અંગે રમૂજથી ભર્યો આ કટાક્ષલેખ છે. 'પ્રશ્નપત્રો આગોતરાં સુલભ કરવાં વિશે...' એ લેખમાં વારંવાર ફૂટતાં પ્રશ્નપત્રો અંગે કરેલું રમૂજી ચિંતન છે, તો 'યે દેશ હૈ વીર જવાનો કા'માં ભારતીય લગ્નોમાં વરઘોડા દરમિયાન વગાડાતા દેશપ્રેમના ગીત વિશે લેખિકાએ કરેલું એક નિરીક્ષણ. લેખિકાના મતે વરઘોડામાં નાચવા માટે ફિલ્મી ગીતો હોય તે સમજી શકાય પરંતુ દેશપ્રેમ ઉજાગર કરતું ગીત કદાચ નાચકર્મની ગુણવત્તા સુધારતું હોય, થોડો સમય વીરભાવનાનો અહેસાસ થાય, દેશપ્રેમના ગીતથી ઉત્સાહમાં વધારો થતો હશે એવું સમજી આવાં ગીતો વગાડાતા હશે એવું લેખિકાએ કરેલું આ નિરીક્ષણ છે.

'દાતા અને યાચક : એક અદ્‌ભૂત ઘટના' એ 'દિલ્હીમાં ભિખારીઓને ભિક્ષુકગૃહમાં દાખલ ન કરવા માટે પોલીસે ભિખારીઓ પાસેથી પૈસા લીધા' એ સમાચારને રસપ્રદ રીતે રજૂ કરતો સુંદર લેખ છે. પોલીસ ભિખારીઓ પાસેથીય પૈસા વસુલવામાં શરમ અનુભવતી નથી અને સારી એવી

નોકરી હોવા છતાં તેમને ભિખારીઓ-દાતા પાસેથી યાચના કરવી પડે છે એ વાતને રસપ્રદ રીતે અહીં રજૂ કરી છે. તો 'એક સૂરની ઓરકેસ્ટ્રા'માં સર્જકો વિદ્રોહના અવાજને ભૂલી ગયાં છે એવી ટિપ્પણી ટર્કીશ સર્જક ઓરહાન પામુકને નોબેલ પારિતોષિક મળ્યું એ નિમિત્તે થયેલી. આ ટિપ્પણીને આધારે લેખિકાએ અહીં આપણાં ગુજરાતી સર્જકો પર જાણે કટાક્ષ કર્યો છે. દિવ્ય યુગલની છબિ' ફિલ્મ અભિનેતા અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયનાં લગ્ન પ્રસંગે સમૂહ માધ્યમો દ્વારા દેખાડાયેલ અમર્યાદ ઉમળકાને લેખિકાએ અહીં શબ્દબદ્ધ કર્યો છે. 'અખબારી શ્રદ્ધાંજલિઓમાંથી પ્રસરતી સુખડ-સુવાસ' એ અખબારોમાં સતસ્વીર પાનાંઓ ભરી-ભરીને પ્રગટ થતી રહેતી અવસાન નોંધ નિમિત્તે લેખિકાએ લખેલો હાસ્યલેખ છે. લેખિકા નોંધે છે કે આ અંજલિઓ મૃત્યુ પામેલી વ્યક્તિઓનાં સગાં - સંબંધીઓએ કે એની સાથે સંકળાયેલ ઉદ્યોગ સંકુલોએ કે જાહેર સંસ્થાઓએ પ્રગટ કરાવી હોય છે. પરંતુ અફસોસ લેખિકાને કેવળ એક જ બાબતનો રહી જાય છે કે જેની સુવાસથી સમસ્ત સંસાર સુરભિત છે એ વ્યક્તિના અવસાનની શોકાંજલિના અખબાર પૈસા વસૂલે છે, તો આવા મહાનુભાવો આપણી સામે જ હોવા છતાં તેમની હયાતી દરમિયાન આપણે કેમ ન ઓળખી શક્યાં ? એવાં પ્રશ્નો પૂછી આપણી બેદરકારી તરફ ધ્યાન દોરે છે. 'સ્વર્ગલોકની વિષાદમય ક્ષણો' વિશે લેખિકાએ સ્વયં સંદર્ભનોંધમાં લખ્યું છે કે, સમાજના મહાનાયકોને યાદ કરવાની આપણી પદ્ધતિઓ દિવંગત એ સહુને કેટલું કષ્ટ આપી શકે એની કલ્પના કરી છે. જે ખરેખર તો નક્કર વાસ્તવિકતા સાથે જોડાયેલી છે. જેમનાં નામો પરથી યુનિવર્સિટીઓ બનાવી, નગરો બનાવ્યાં, બાવલાં બનાવ્યાં કે ઓફિસોમાં જેમનો જીવનમંત્ર લખાવ્યો એવાં સૌ મહાનાયકો સ્વર્ગલોકમાં પણ કેવી વિષાદમય અવસ્થાથી ત્રસ્ત છે તે વિશેનો આ સુંદર લેખ છે.

'નવધાભક્તિનું નવપ્રભાત'માં આપણાં દેશના આકાશે ઝળહળતા સિનેતારકો માટેની જ એક ટી.વી. ચેનલ હોવી જોઈએ. જ્યાં એમના ઈન્ટરવ્યૂ, એમનાં વિશેના લેખો, એમનાં નૃત્યો, સંવાદો, બાથરૂમ, ડ્રોઈંગરૂમ, બગીચો, મોટર વગેરે દેખાડી શકાય! જેઓ આપણા સમાજનું એક સદાબહાર, અજર, અમર આકર્ષણ છે. ''સ્વ'ને સમગ્રપણે નીરખવા માટે' એ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી સુશ્રી માયાવતીની વિરાટ પ્રતિમા સ્થપાઈ એ સમાચારને આધારે લખાયેલો આ હાસ્ય-કટાક્ષલેખ. 'આ નીરસ પુનરાવર્તન ક્યાં સુધી ?' કોઈ નેતા કે અભિનેતાના થતાં વિરોધ પ્રદર્શનમાં આવતી એકવિધતા અને એ નિમિત્તે વિરોધ કરવાવાળાંઓ પર લેખિકાએ કરેલો આ કટાક્ષ સૂચનના રૂપમાં.

'લોચા સંસ્કૃતિ!' એ સુરતની લોચા વાનગીનું લેખિકાએ કરેલું આ લોચા મહિમ્ન છે. જેમાં લોચાની ચાર પ્રકારની વિવિધતાને જુદાં-જુદાં પ્રકારના પ્રપંચ કે લાંચરુશ્વત સાથે સાંકળીને કટાક્ષ કર્યો છે. સ્પેશ્યલ રોયલ ગ્રીન લોચાને શિક્ષણ કે વિશ્વવિદ્યાલયો સાથે સંકળાયેલ પ્રપંચ સાથે, સ્પેશ્યલ રોયલ ગોલ્ડ લોચાને સરકારી યોજનાના અમલીકરણમાં જે લોચો બહાર આવે તેની સાથે, મહાનગરપાલિકા કે પાલિકા જેવાં સેવાસદનોમાં ચાલતા ગેર વ્યવહારોને સ્પેશ્યલ રોયલ સિલ્વર લોચા સાથે તો, ટ્રાફિક પોલીસવાળાને આપવી પડતી નાની-નાની લાંચને સ્પેશ્યલ રોયલ રેગ્યુલર લોચા સાથે સરખાવીને લેખિકાએ જબરદસ્ત તંગ કસ્યો છે.

ટૂંકમાં, અહીં મહારાષ્ટ્ર સ્થિત તેલગીનું કરોડોનું સ્ટેમ્પ પેપર કૌભાંડ, સાંસદો દ્વારા સંસદમાં પ્રશ્નો પૂછવા લેવાતા પૈસા, દિલ્હીમાં ભિખારીઓને ભિક્ષુકગૃહમાં દાખલ ન કરવા પોલીસે ભિખારીઓ પાસેથી લીધેલા પૈસા, અખબારોમાં સતસ્વીર પ્રસિદ્ધ થતી અવસાન નોંધ, સમાજના મહાનાયકોને યાદ કરવાની આપણી પદ્ધતિ તેમજ વિરોધ પ્રદર્શનોમાં પ્રવેશેલી એકવિધતા જેવા મુદ્દાઓ ઉપર હાસ્યવ્યંગ - કટાક્ષ કરતા ૩૦ જેટલા લેખો આલેખાયા છે.

## ૪.૩. હિમાંશી શેલતનું બાળસાહિત્યક્ષેત્રે પ્રદાન

હિમાંશી શેલતનું બાળસાહિત્યક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન છે. એમણે ૨૦૦૭માં જ બાળકોને કેન્દ્રમાં રાખી કુલ-૫ પુસ્તકો લખ્યાં છે. જેમાં 'રમતાં-ભમતાં' ભાગઃ ૧-૨ નામનાં બંને પુસ્તકમાં એમણે કુલ-૧૦ હેતુલક્ષી બાળવાર્તાઓ આપી છે. 'ગણપતની નોંધપોંથી' એ રેલ્વે પ્લેટફોર્મ પર રખડતા ગણપતે તેના ઓબ્ઝર્વેશન હોમના વસવાટ દરમિયાન લખેલ નોંધપોંથી છે. જ્યારે 'આનંદે ભજવીએ!' નામના બાળનાટકના પુસ્તકમાં હિમાંશી શેલતે બાળકો દ્વારા ભજવી શકાય એવા ત્રણ બાળનાટકો કલાત્મકતાથી નિરૂપ્યાં છે. તો ૨૦૦૭માં જ લખાયેલ 'સોનુ અને માઓ'માં હિમાંશી શેલતે પોતાના ઘરે રહેતાં પ્રાણીમિત્રો - સોનુ (કૂતરો) અને માઓ (બિલાડો) વચ્ચે બંધાયેલી દોસ્તીની વાત કહી છે. હિમાંશી શેલતે લખેલા બાળસાહિત્યના આ પુસ્તકો વિશે અહીં વિગતે જોઈએ.

### ૪.૩.૧. 'રમતાં-ભમતાં' ભાગઃ ૧-૨

'રમતાં-ભમતાં' એ હિમાંશી શેલત રચિત બે ભાગમાં લખાયેલ બાળવાર્તાનાં પુસ્તક છે. ૨૦૦૭માં પ્રકાશિત આ બંને પુસ્તકોમાં કુલ-૧૦ વાર્તાઓ સંગ્રહાઈ છે. આ બધી જ બાળવાર્તાઓ હેતુલક્ષી હોવા છતાં હિમાંશી શેલતે તેમાં ક્યાંય બોધને પ્રગટ થવા દીધો નથી, એ કામ લેખિકાએ

પાત્રો પાસે કરાવ્યું છે. આ વાર્તાઓમાં 'નંદા અને મંદા', 'સમીર અને મરઘીનું બચ્ચું', 'નવું કામ', 'બેલા', 'ટીવી વિનાનો દિવસ', 'રોહનની વાર્તા', 'સોહનની સમજ', 'નવી નિશાળ', 'વાતોના ફુગ્ગામાં ટાંકણી!' અને 'ભંડકિયાનું ભૂત' નો સમાવેશ થાય છે. મનોરંજનની સાથે સાથે જ્ઞાનનો સંદેશ આપતી આ વાર્તાઓ વિશે વિગતે જોઈએ.

પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતી 'નંદા અને મંદા' વાર્તા આ સંગ્રહમાં સંગ્રહાયેલી અન્ય વાર્તાઓ કરતા સુંદર રજૂઆત પામી છે. નાનકડા ગામમાં સાતમા ધોરણમાં ભણતી નંદા અને મંદા હસમુખી અને રમતિયાળ છોકરીઓ છે. તેમને એકવાર ગામમાં આવેલી રમણકાકાની વાડીના બધાં જ વૃક્ષો કપાવાનાં છે તેવી જાણ થતાં બંને બહેનપણીઓ નિરાશ થઈ જાય છે. રમણકાકા પાસેથી જાણવા મળ્યું કે તેમનો દીકરો, જે પરદેશ રહે છે તે રમણકાકા અને કાકીને ત્યાં બોલાવે છે, એટલે તેઓ વાડી અને ઘર વેચવાનું વિચારે છે. ઘટાદાર અને ભરપૂર ફળ આપતાં ઝાડ કપાઈ જશે, ઝાડ કપાવાથી ત્યાં રહેતાં મોર અને ઢેલ હવે ક્યાં જશે ? એ વિચાર બંને બહેનપણીઓના મનને કોરી ખાય છે. તેઓ બંને આ વાત શાળામાં પર્યાવરણનો વિષય ભણાવતાં મમતાબેનને કરે છે. નંદા અને મંદાની અકળામણ સમજી ગયેલાં મમતાબેન રમણકાકાને વૃક્ષો ન કાપવાનું સમજાવે છે પરંતુ તેમાં તેમને સફળતા મળતી નથી. નંદા અને મંદા હિમાચલ પ્રદેશમાં થયેલ 'ચિપકો આંદોલન' વિશે જાણીને તેનો અહીં અમલ કરવાનું નક્કી કરે છે. તેમના આ ભગીરથ કાર્યમાં સહાય માટે શાળાના શિક્ષકો તેમજ ગામમાંથી કેટલાંક સ્વયંસેવકો તૈયાર થાય છે. ઝાડ કાપવાના દિવસે ગુપ્ત આયોજન પ્રમાણે સૌ ભેગા થાય છે અને એક એક ઝાડને બાથ ભીડીને ઊભાં રહી જાય છે. મમતાબેન, નંદા-મંદા તેમજ શાળાના શિક્ષકો વાડીના વૃક્ષો ન કાપવાનું વાડીને ખરીદનારને સમજાવે છે, જેમાં તેમને સફળતા મળે છે. અહીં લેખિકા મમતાબેનના મુખે 'ઝાડની હત્યા માનવહત્યા જેવું જ કૃત્ય છે, માફ ન થઈ શકે એવું.' એવો સંદેશ મૂકીને પર્યાવરણની રક્ષા કરવાનો આપણને સૌને સંદેશ આપે છે.

'સમીર અને મરઘીનું બચ્ચું' વાર્તામાં માંસાહાર બંધ કરવાનો સંદેશ બાળકોને સમજાય એવી ભાષામાં આપ્યો છે. સમીર અને મયૂર પોતાની પરીક્ષાઓ પૂર્ણ થતાં કુટુંબ સાથે ગોવા ફરવા જાય છે. સૌ રસ્તામાં 'હોટ એન્ડ કોલ્ડ' હોટલમાં રોકાય છે ત્યારે મયૂર ચીકન-ટીક્કાનો ઓર્ડર આપે છે. ચીકનની ડિશ તો આવી પરંતુ ડિશમાં સુંદર મજાના ચીકનના બચ્ચાને પાંખો ફડફડાવતા જોઈ તે આભો બની જાય છે. લેખિકાએ અહીં પ્લેટમાં ઝીણકુડી શ્વેત સોનેરી પાંખો ફફડાવતા અત્યંત સુંદર મરઘીના બચ્ચાને સમીર સાથે સંવાદ કરતું બતાવ્યું છે. તો સમીર ચીકન-ટીક્કા ખાવાને બદલે

બચ્ચાની વાતો સાંભળીને ખૂબ દુઃખી થાય છે. બચ્ચું સમીરને કહે છે, "અમારે ગળે રોજે રોજ ચપ્પુ ફરે છે. લોહી નીકળે છે. અમેય ચીસો પાડીએ છીએ પણ કોઈ નથી સાંભળતું !" (પૃ.૧૬) બચ્ચાની વાત સાંભળી સ્તબ્ધ બનેલ સમીર માંસાહાર બંધ કરવાનો નિર્ણય લે છે. પ્રાયશ્ચિતના ભાગરૂપે શાળામાં વક્તૃત્ત્વ સ્પર્ધામાં સમીરભાગ લે છે તે વખતે વક્તવ્ય આપતા બોલે છે, "માનનીય ગુરુજનો...બધાં જીવોને મારીને, રાંધીને જીભના સ્વાદ પૂરા કરવાની જંગલી રીતરસમ આપણે કેમ અપનાવી છે ? જો હું મારી જાતને સંસ્કારી અને વિચારશીલ કહેવડાવતો હોઉં તો કોઈને માર્યા વગર પેટ ભરવાની એક સાદીસીધી રીત પણ મને ન આવડી ?" (પૃ.૧૯) સમીરના વક્તવ્યને સૌ તાળીઓથી વધાવી લે છે ને લેખિકા આડકતરી રીતે 'માંસાહાર બંધ કરવો જોઈએ' એવો સંદેશ આ વાર્તા દ્વારા આપી દે છે.

'નવું કામ' વાર્તા ઉતરાયણના દિવસે સેંકડો પક્ષીઓને થતી જાનહાનીને કેન્દ્રમાં રાખીને લખાઈ છે. ઉતરાયણના દિવસે અગાશીમાં પતંગ ચગાવવા દીપા, પાયલ, પરેશ, જયેશ, નીના, ટીના અને સ્મિત ઘણાં દિવસોથી તૈયારી કરે છે. ઉતરાયણના દિવસે સૌ પતંગ ચગાવવાનો અને સંગીતના તાલે ઝૂમવાનો લહાવો લેતાં હોય છે ત્યારે જ ધારદાર દોરાથી પાંખ કપાયેલી હાલતમાં એક કબૂતર તેમની વચ્ચે પડે છે. કબૂતરની હાલત જોઈ વ્યાકુળ બનેલાં સૌ તેને મોબાઈલ ડિસ્પેન્સરી લઈ જાય છે, ત્યાં સારવાર મળવાથી થોડા દિવસ પછી કબૂતર સારું થઈ જાય છે. આ કાર્યથી પ્રેરાઈ બધા મિત્રો ભેગા મળે છે અને એક નવા કામની શરૂઆત કરે છે. પહેલાં તેઓ પક્ષીઓની મદદ કરતાં, હવે માંદા પ્રાણીઓની મદદે આવે છે. છાપામાં જાહેરખબર આપવાને કારણે રોજે રોજ ચાર-પાંચ બનાવોમાં મદદરૂપ થવાનું બનવાથી મિત્રોએ સમયદાન અને ધનદાન આપવાનું શરૂ કર્યું. આવાં ઉમદાકાર્યથી પ્રેરાઈ હવે બાળકો ભવિષ્યમાં પ્રાણીઓ માટે આશ્રયસ્થાન બનાવવાનું પણ વિચારે છે. અહીં નાના બાળકોને જીવસૃષ્ટિની સેવા કરવાનો, તેમનું સંરક્ષણ કરવાનો વાર્તા દ્વારા બોધ અપાયો છે.

સ્વચ્છતાનો સંદેશો આપતી 'બેલા' વાર્તામાં ધરતી અને બેલા વચ્ચેનો સંવાદ અસરકારક રીતે નિરૂપાયો છે. ઘર હોય, શાળા હોય કે બજાર, હંમેશા સ્વચ્છતાની આગ્રહી એવી નાનકડી બેલાને કચરો કે પ્લાસ્ટિકની કોથળીઓ જમીન પર પડવાથી જમીનને શ્વાસ લેવામાં તકલીફ પડે છે એવું લાગતું. બેલાને જ્યાં પણ કચરો દેખાતો ત્યારે તેને લઈ કચરાના ડબ્બામાં ફેંકી આવતી. એકવાર એક દુકાન આગળથી કચરો ભેગો કરતી બેલાને કાને કોઈકનો થાકથી ભરેલ, કણસતું હોય

એવો અવાજ પડયો. આમ તેમ કોઈ જ ન હોવા છતાં આ અવાજ સાંભળી આશ્ચર્યચકિત થયેલી બેલાને ધરતી મા કહે છે, 'હું ભૂમિ, તમારી મા!' અને ત્યારપછી બેલા અને ધરતી મા વચ્ચે લાંબો સંવાદ ચાલે છે તેમાં ધરતી મા પોતાની આપવીતી કહે છે કે, તેના ઉપર કચરો ઠાલવવાથી તેના શ્વાસ રુંધાય છે. ધરતી માની વાત સાંભળી બેલા દુઃખી થાય છે. દુઃખી થયેલી બેલા ધરતીને સ્વચ્છ રાખવાનું બીડું ઝડપે છે ને પોતાના મિત્રોને સમજાવીને આ ભગીરથ કાર્યમાં જોડે છે. જોત જોતામાં પંદર દિવસમાં તો કચરાના ઢગલાની જગ્યાએ સુંદર વૃક્ષો રોપાય છે. આ રીતે અહીં 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો સંદેશ આપતી આ સુંદર બાળવાર્તા છે.

'ટીવી વિનાનો દિવસ'માં આજકાલનાં બાળકોનો સમય ટીવી, મોબાઈલ, વીડિયો ગેમ તેમજ કમ્પ્યુટરમાં જ વીતી રહ્યો છે તો પછી પ્રકૃતિને જોવાનો વખત જ શી રીતે મળે એ તરફ મોટેરાઓનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રજાઓમાં આખો દિવસ ટીવી સામે જ ચોંટી રહેતાં કૃતિ, રમ્યા, ભાવિન અને નીરદ એક દિવસ વનવિભાગમાં કામ કરતા સતીશભાઈ સાથે વાંસદાના જંગલો તરફ જાય છે. જંગલમાં ઘટાદાર વૃક્ષો, પાંદડાના મોટા ઢગલા, ઝાડ પર લપેટાયેલી દોરડા જેવી વેલીઓ, વિશાળ મધપૂડા તેમજ વાંદરા, સાપ, જેવા વન્યજીવો તેમજ જંગલમાં પર્યાવરણની આહ્લાદક્તાથી તેઓ સૌ ભાવવિભોર બને છે. કુદરતના અદ્ભૂત સૌંદર્યથી ભાવવિભોર બનેલાં બાળકો ઘરે આવીને ટીવી જોવાનું જ ભૂલી જાય છે. અહીં ટીવી જેવા માધ્યમોથી દૂર રહેલી કુદરતની આહ્લાદક્તાનો પરિચય પણ બાળકોને થવો જોઈએ તેવો સંદેશ રહેલો છે.

'રોહનની વાર્તા'માં 'વ્યક્તિની ઓળખ તેની વાણીથી થાય છે' એ સત્ય કહેવા માટે લેખિકાએ અહીં મૂળ સંસ્કૃત ઉક્તિ 'જેમ જેમ મુખમાંથી વાણી નીકળે તેમ તે તમારા કુળની, અને તમે કેવા છો એની ઓળખ મળે' - નો આધાર લીધો લીધો છે. વાર્તાનાયક રોહન સંસ્કારી કુટુંબનું બાળક હોવા છતાં ગંદી ગાળો બોલવા લાગે છે. રોહનને ગંદી ગાળો બોલતા સાંભળી તેના મમ્મી-પપ્પા ગુસ્સે થવાની સાથે સાથે તેમને તેની ચિંતા પણ થવા લાગી. મિત્રો, શાળા તેમજ શિક્ષકો પાસે તપાસ કરવા છતાં પણ રોહનને આ ગાળો બોલવાની ટેવ ક્યાંથી પડી તે વિશે જાણવા ન મળ્યું. રોહનના ઘરે મહેમાન આવેલી તેની માસીની દીકરી શૈલા રોહનની કુટેવ જાણી તેને દૂર કરવાનું માસીને આશ્વાસન આપે છે. આયોજન પ્રમાણે શૈલા રોહનની પ્રસંશા કરે છે, તેના શોખ જાણી લે છે, ને તેને શાળામાં એક નાટક ભજવવા તૈયાર કરે છે. શૈલા નાટકની વાર્તા રોહનને કહે છે. રાજા અને ચોરની આ વાર્તા સાંભળી રોહન વિચારમાં પડે છે ને હવેથી ક્યારેય અપશબ્દો ન બોલવાનું

મમ્મી-પપ્પાને પ્રોમીસ આપે છે. એક વાર્તામાં બીજી વાર્તા કહેવાની ટેકનીક અપનાવી લેખિકા અહીં મનોરંજન આપવાની સાથે સાથે બાળકોને કુટેવથી દૂર રાખવાની સલાહ પણ આપી દે છે.

'સોહનની સમજ' વાર્તામાં શાળામાં અભ્યાસ કરતાં બાળકોને શાળા કે ટ્યૂશનમાં જવા વાહન લઈ આપવું જોઈએ કે નહિ ? એ વિશે વિગતે થયેલી ચર્ચા આલેખાઈ છે. દરેક મા-બાપ પોતાનું બાળક સારો અભ્યાસ કરી ડૉક્ટર બને એવું ઇચ્છતાં હોય છે. પ્રવર્તમાન સમયમાં ટ્યૂશનની બોલબાલા હોવાથી બાળકની દિવસભરની દોડધામ વધી જાય છે માટે કાયદાને પણ બાજુએ મૂકી મા-બાપ બાળકને વાહન ખરીદી આપતાં હોય છે. સોહન અત્યારે અગિયારમાં ધોરણમાં ભણે છે, હોંશિયાર છે, શાળા અને ટ્યૂશન જવામાં તેને ખૂબ ભાગદોડી કરવી પડે છે. સોહનની આ તકલીફના ઉપાય પેઠે તેને સ્કૂટર લાવી આપવાનું નક્કી થાય છે. સોહન સમજુ નીકળે છે, તે વિશેષ ડહાપણ દેખાડે છે અને, 'મારે લાઈસન્સ વિના વાહન નથી ચલાવવું' એવો નિર્ણય જાહેર કરે છે. અહીં મા-બાપ કરતાં બાળક વિશેષ ડહાપણવાળું સાબિત થાય છે. પ્રસ્તુત બાળવાર્તા દ્વારા બાળકોને કાયદાનું પાલન શીખવવાની સાથે સાથે મા-બાપે અન્યની દેખાદેખીમાં ન આવવું જોઈએ તેવો સંદેશ મળે છે. 'નવી નિશાળ' બાળવાર્તામાં બાળકના સર્વાંગી વિકાસમાં શાળાનો કેટલો મહત્વનો ફાળો હોય છે તે વાત કેન્દ્રસ્થ થઈ છે. જાસ્મીન અને મુસ્કાન બંને સગી બહેનો કરતાં બહેનપણીઓ વધારે. શાળામાં જવાનું હોય કે શહેરમાં અન્ય કોઈ જગ્યાએ જવાનું હોય પરંતુ તેઓ સાથે જ હસતાં-રમતાં, ધમાલ-મસ્તી કરતા જતાં. જાસ્મીન અને મુસ્કાન બંને એકવાર તેમના પિતાની બદલી થઈ જવાથી દુઃખી થઈ જાય છે. હવે નવું શહેર, નવું ઘર અને નવી શાળા કેવી હશે તેની ચિંતા તેમને થવા લાગી. બંને બહેનોએ શાળા બદલવાની સ્પષ્ટ ના પાડી. સમજાવટના અંતે નવા શહેરમાં નવી શાળામાં દાખલ કરવામાં આવી. બહારથી જૂની દેખાતી શાળામાં પહેલા જ દિવસે તેમનું એટલું ઉમળકાથી સ્વાગત કરાયું કે તેમના બધાં જ પ્રશ્નોનું નિરાકરણ આવી ગયું. આચાર્યશ્રીએ, શિક્ષકોએ નવા આવનાર વિદ્યાર્થીઓને હેતથી આવકાર્યા અને છૂટતી વખતે સૌને એક એક પુસ્તક ભેટ આપ્યું. મકાન જોઈને પોતાને જોઈએ એવી શાળા નથી એવું અનુમાન લગાડનાર બંને બહેનો ભોંઠી પડી. બે જ દિવસમાં શાળામાં મિત્રો બની ગયાં ! શિક્ષકો સાથે પણ હળી મળી જવાથી અગાઉની શાળા તેમને યાદ પણ ન આવી. બાળકને જો યોગ્ય શાળામાં યોગ્ય વાતાવરણ મળી જાય તો તે કેટલું ખુશખુશાલ થઈ જાય છે તે વાત અહીં કહેવાઈ છે.

'વાતોના ફુગ્ગામાં ટાંકણી!' એ બાળકોને ગમ્મત પડે એવી મજાની વાર્તા છે. વાતોના વડા કરનાર અને નાની અમથી વાતને મલાવી મલાવી મોટી કરીને રજૂ કરનાર દર્પણની આ વાત છે. દર્પણ આફ્રિકામાં રહેતા તેના કાકાને ઘરે થયેલ ચોરીની વાત હોય કે, શાળાએ આવતી વખતે જોયેલા-ઉપજાવી કાઢેલા અકસ્માતોની વાત હોય, દરેક વખતે તે વાતને ચગાવતો. સૌ સાંભળનારા તો દર્પણની વાતમાં આવી જ જાય. એક દિવસ શાળામાં સીમા અને બેલાને ઝગડતા સાંભળીને જાણે તેમની વચ્ચે મોટો ઝગડો થઈ ગયો હોય તેમ મિત્રો આગળ તેનું વર્ણન કર્યું. આખી વાત શાળાના શિક્ષિકા સમતાબહેન જાણે છે અને ખરેખર સાચી હકીકત શું છે તે સૌને કહે છે ત્યારે દર્પણની વાતનો ફુગ્ગો ફૂટી જાય છે. સીમા અને બેલા ઝગડતા નહોતા પરંતુ નાટકની તૈયારી કરતાં હતાં એવું સમતાબહેન જણાવે છે ત્યારે દર્પણ શરમાઈ જાય છે. શિક્ષિકા તેને શબ્દોને સાચવીને વાપરવાનું અને ગમે તે વાતમાં તુક્કા ન દોડાવવાનું સમજાવે છે ત્યારથી દર્પણ વાતોને ચગાવવાનું જ છોડી દે છે. રમૂજપૂર્વક રજૂ કરાયેલ આ વાર્તામાં કલ્પનાશક્તિ સારી, પણ તેનો દુરુપયોગ ન કરવો એવો સંદેશ રહેલો છે.

'ભંડકિયાનું ભૂત' એ વાર્તામાં 'ઘરડાં ગાડાં વાળે' કહેવતની જેમ 'ઘરડાં ભૂત ભગાડે' એવી કહેવત પડે એવી વાત નિરૂપાઈ છે. પોતાના જ ઘરના દાદરની નીચે આવેલ ભંડકિયાથી ડરતાં અંકિત, જય અને પૂર્વાના મનમાં ત્યાં ભૂત હોવાનો ડર પેસી ગયો હતો. નિશાળેથી આવી ભંડકિયાને જોયા વિના ત્રણેય સડસડાટ ઉપરના માળે ચડી જતાં. સંજોગોવસાત્ નીચે આવવાનું થાય ત્યારે ત્રણેય સાથે આવતાં. બાળકોના મનમાં ઘર કરી ગયેલાં આ ડરને બહાર કાઢવા અને છોકરાંઓની બીક ભાંગવાના હેતુથી એક દિવસ દાદાજી ત્રણેય છોકરાંવને લઈને અગાશીમાં જાય છે અને પોતાના બાળપણની વાત કરે છે. દાદા કહે છે કે પોતે નાના હતા ત્યારે રાત્રે એકલા સ્મશાને જઈને પાછા આવ્યા હતા. ત્યાં તેમને કોઈ ભૂતબૂતનો ભેટો થયો નહોતો, લોકો અમસ્તા જ આ ભૂતથી ડરે છે. દાદાની વાત સાંભળી તેમની નીડરતાથી પ્રેરાયેલા ત્રણેય છોકરાંઓએ ભયને બાય બાય કહી દીધો. એ રીતે દાદા પોતાના અનુભવ દ્વારા ત્રણેય છોકરાંના ભયને ભગાવવામાં સફળ થાય છે.

હિમાંશી શેલતે લખેલ આ બધી જ બાળવાર્તાઓનો હેતુ ક્યાંકને ક્યાંક બોધ આપવાનો છે. સામાન્ય રીતે બાળવાર્તાઓમાં બોધ ન હોય પરંતુ હિમાંશી શેલતે બોધ સાથેની બાળવાર્તાઓ લખીને નવો ચીલો ચાતર્યો છે. વળી નોંધપાત્ર બાબત એ છે કે મનોરંજનની સાથે બોધ ધરાવતી આ

વાર્તાઓ ક્યાંય ભારઝલ્લી બનતી નથી. બાળકોને અનુરૂપ સાદી, સરળ છતાં અસરકારક ભાષાપ્રયોગ અહીં હિમાંશી શેલતનું જમાપાસુ છે. બાળકોને સૌથી વધુ ગમી જાય તેવી બાબત અહીં એ છે કે વાર્તાને અનુરૂપ દરેક પાને પાને સુંદર ચિત્રો અપાયા છે. કેટલાંક ચિત્રો તો સાચે જ બાળકોને મોજ કરાવી દે તેવા છે. પૃ.૧૧ પર દોરાયેલ સ્કૂટર તો જાણે હમણાં ચાલી નીકળશે તેવું લાગે છે! પુસ્તકનું સુંદર, રંગીન કવરપૃષ્ઠ બાળકોને અવશ્ય તેના તરફ આકર્ષે તેવું બન્યું છે. ટૂંકમાં, વાર્તાલેખિકા બાળકોને રમતાં-ભમતાં મનોરંજન પૂરૂં પાડવામાં સફળ થાય છે.

### ૪.૩.૨. 'ગણપતની નોંધપોંથી'

હિમાંશી શેલત લિખિત 'ગણપતની નોંધપોંથી' એ પુસ્તક ૨૦૦૭માં પ્રકાશિત થયું હતું. જે રેલ્વે પ્લેટફોર્મ પર રખડતા ગણપતે તેના ઓબ્ઝર્વેશન હોમના વસવાટ દરમિયાન લખેલી નોંધપોથી છે. સંસ્થામાં કામ કરતા રાજારામભાઈના કહેવાથી ગણપતે આ નોંધપોંથી લખી હતી. જેમાં તેણે આખા દિવસ દરમિયાન જે ગતિવિધિઓ કરેલી તેની નોંધો સંચિત થયેલી છે. અહીં ૧૫મી જુલાઈથી ૧૫મી ઓગષ્ટ સુધી એક મહિના દરમિયાન થયેલ ગતિવિધિનો ગણપતના મુખે રજૂ થયેલો ચિતાર છે.

પુસ્તકની શરૂઆતમાં લેખિકા સૌ બાળદોસ્તોને ગણપતની ઓળખાણ કરાવે છે. ગણપત મા-બાપ વિનાનો, રસ્તે રઝળતો અને રેલ્વે પ્લેટફોર્મ પર જ મોટો થયેલો નાનકડો છોકરો છે. રેલ્વે પ્લેટફોર્મ પરથી મળી આવેલા ગણપતને ઓબ્ઝર્વેશન હોમના કર્મચારીઓ અહીં લઈ આવ્યા હતા. રાજારામભાઈના કહેવાથી ગણપતે લખેલી રોજનીશીના કેટલાંક પાનાં લેખિકા આ બાળદોસ્તો સામે વંચાવે છે. ગણપત ચોથા ધોરણ સુધી ભણ્યો છે. ખાવાપીવાનો અભાવ તેમજ તેનું ધ્યાન રાખનાર કોઈ ન હોવાથી તે આગળ ભણ્યો નથી. લેખિકા બાળદોસ્તોને ગણપત વિશે કહે છે કે, તે તમારા જેવો જ મજાનો દીકરો છે. ફરક એટલો જ છે કે એની કોઈએ કાળજી લીધી નથી, તમને મળી છે એવી સગવડ કે તક એને મળી નથી. લેખિકા બાળદોસ્તોને ગણપત જેવા બાળકોને તેમનાથી થઈ શકે એટલી મદદ કરવાનું કહે છે.

૧૫મી જુલાઈથી ગણપત નોંધપોંથી લખવાની શરૂઆત કરે છે. તે નોંધે છે કે રાજારામભાઈના કહેવાથી જેમને લખતા આવડે તેમણે રોજ રાત્રે ઊંઘતા પહેલા આખા દિવસમાં જે બન્યું હોય તે તારીખ સાથે લખવાનું કહ્યું છે તેથી તેણે આ લખ્યું છે. પોતે અહીં પંદર દિવસથી છે અને જે દિવસે સાહેબને મળવાનું થયું ત્યારે બહુ બીક લાગેલી પરંતુ હવે નથી લાગતી. સ્કૂલમાં

દાખલ કરેલા બારેબાર છોકરાઓએ જે પાનું લખ્યું હોય તે અવશ્ય રાજારામભાઈને દેખાડવાનું અને જો કોઈ ભૂલ થયેલ હશે તો તેઓ સુધારી આપશે એવું કહ્યું છે, એવું ગણપતે નોંધ્યું.

ગણપત લખવામાં પોતાનાથી કેવી કેવી ભૂલો થાય છે અને તે વિશે તે જે શીખે છે તે પણ નોંધે છે. 'ઈસકુલ'ને બદલે 'સ્કૂલ' બોલાય, 'ઈમાન્ડ હોમ' નહીં પણ 'રીમાન્ડ હોમ' લખાય વગેરે. જો કે રાજારામભાઈ તેમને ભૂલો સુધારી આપતા અને ધીરે ધીરે તેમને જોડણી આવડી જશે એવું આશ્વાસન પણ આપતા. ગણપત એ પણ નોંધે છે કે, 'ઠ' અને 'ઢ' વચ્ચે તેનાથી કેવી ગરબડ થાય છે. ગણપત પોતાની દિનચર્યામાં જે જે ગતિવિધિ થઈ હોય તે વિશે ટૂંકમાં નોંધ અવશ્ય કરે છે. ગણપતની નોંધમાં એટલી નિખાલસતા જોવા મળે છે કે કોઈ છોકરાએ તોફાન કર્યું ત્યારે સાહેબે તેને ગાળો આપી હતી. જો કે એવી જ ગાળ પહેલા ગનુ બોલ્યો હતો ત્યારે રાજારામભાઈ તેને વઢેલા. આ નોંધને ગણપતના શબ્દોમાં જોઈએ, "એવી જ ગાળ આટલે ગનુ બોલેલો તો રાજારામભાઈએ ઘાંટા પાડેલા. એને વઢેલા. એમ કીધેલું કે ગાળ બોલીએ તો જીભે કાંટા ઊગે. ગનુની જીભ અમે જોયેલી. એનું મોં ખોલાવીને. કાંટા નીં દેખાયા. રાજારામભાઈને પુછીયું તો કે'કે બે ચાર વાર માફી મળે. પછી બી ગાળ બોલો તો કાંટા ઊગે મોટા મોટા." (પૃ.૬) હાસ્ય સાથે ગમ્મત આપતા અને કાલીઘેલી બોલીમાં લખાયેલા આ શબ્દો બાળકોને અવશ્ય આકર્ષે તેવા છે.

૧૮મી જુલાઈએ તો ફક્ત જમતી વખતે દાળનો વાડકો ઢોળાઈ જવાથી પગ પર છાંટો પડેલો તેનો ઉલ્લેખ કરી આજે કાંઈ થયેલું નથી એમ કહી રોજનીશી મુકી દે છે. રાજારામભાઈ તેમને જોડાક્ષર કે જોડણી શિખવાડે, ગામઠી ભાષા 'નીં' 'નીં' ના બોલાય, 'મેં' ને બદલે 'હું' બોલાય વગેરે શિખવાડે છે. ગણપત રોજે રોજ કંઈક નવું નવું શીખે છે. જેમકે, ગાળો ન બોલાય, ચોરી ન કરાય વગેરે. પરંતુ તેના મનમાં હંમેશા મૂંઝવણ રહે છે કે જો છોકરા ગાળો બોલે તો જીભે કાંટા ઊગે તો સાહેબ બોલે તો ઊગે કે નહિ ? પોતે સાયકલ ચોરતા પકડાઈ ગયો ત્યારે રાજારામભાઈએ કહેલું કે 'ચોરી કરવી ખરાબ છે' તો બાદલ રસ્તામાં આંબા પરથી કેરી તોડે, આમલી તોડે તો એને ચોરી કહેવાય કે નહિ ? જોકે ગણપતના મનમાં ચાલતા આ પ્રશ્નોનો તેને ક્યારેય જવાબ મળ્યો નહોતો. આગળ તે પોલીસની કાર્ય કરવાની પદ્ધતિ વિશે, ગણપત રાજારામભાઈનો ચમચો છે, ગણપત તો રાજારામભાઈની પૂછડી છે એમ કહી બધા છોકરાઓ તાળી પાડીને તેના પર હસે છે અને તેની મજાક કરે છે તે વિશે તે નોંધ કરે છે. આ ઉપરાંત સંસ્થામાં ચોરી છૂપીથી રમાતા પાનાં વિશે,

રાજારામભાઈએ સ્કૂલે જતા બધા છોકરાઓને આપેલા યુનિફોર્મ વિશે, ટેણીના રડવા વિશે, ઘરમાં કઈ કઈ ચીજવસ્તુઓ હોય તે વિશે વિગતે નોંધે છે.

ગણપત પોતાની નોંધપોંથીમાં દિવસ દરમિયાન જે કંઈ બનતું તેને નિખાલસભાવે નોંધી લેતો. લાઈટ જવાને કારણે લેશન ન થયું તે વિશે, શાળામાં કોઈ જાડીયા છોકરાએ ધક્કો મારીને પાડી દીધો તે વિશે, પોતે આ છોકરાને સાલો એવી ગાળ બોલ્યો તે વિશે તેમજ કોઈ મોટા માણસનું મૃત્યુ થવાથી શાળામાં રજા આપી તે વિશે વિના સંકોચ તે નોંધી લે છે. સંસ્થાના કોઈ કર્મચારી હોય કે પછી કોઈ બાળમિત્ર હોય તેમની સારી-નરસી દરેક હકીકતને ગણપત નોંધી લે છે. રાજારામભાઈ બાળકોનો ભરોસો કરતા નથી, મોન્ટુ સ્કૂલેથી જ દફતર ફેંકીને ભાગી ગયો તે વિશે, રસોડામાં જમીને વાસણ ઘસવા વિશે કે વારો આવે ત્યારે રસોડું પણ સાફ કરવું પડે છે તે વિશે પણ નોંધે છે.

જોકે રીમાન્ડ હોમમાં બાળકોને કાર્ટૂનફિલ્મ બતાવવાની હોય કે ઝંડાવંદન કરવાનું હોય તેવી પ્રવૃત્તિઓમાં રાજારામભાઈ તેમને અવશ્ય જોડતા. આ વિશે ગણપત નોંધ કરે છે. ૩૦મી જુલાઈએ તો રાજારામભાઈએ પૂછેલા પ્રશ્ન વિશેનો એક રમૂજી કિસ્સો નોંધે છે. તે લખે છે, “પછી પૂછે કે દેશના વડા કોણ ? મને ખબર નહીં કેમ પાંઉવડા યાદ આવે છે. ખાધાને બહુ દહાડા થઈ ગયા. આટલે કેમ નથી બનાવતા ?” (પૃ.૧૧) અહીં ગણપત વડા એટલે વડાપ્રધાનને બદલે વડા એટલે વડાપાંઉ એવું સમજે છે. અહીં આપણે બાળકોના મનમાં ચાલતા વિચારો વિશે જાણી શકીએ છીએ.

૩ ઓગષ્ટથી લઈ ૧૨ ઓગષ્ટ સુધીના દિવસોની દૈનિકનોંધમાં ૧૫મી ઓગષ્ટે કરવાના પ્રોગ્રામની તૈયારીઓ વિશે, સંસ્થામાં કરાતી સફાઈ વિશે, પ્રોગ્રામમાં કરવાના નાટક વિશે, ગીત ગાવા વિશે, ઝંડો દોરવા વિશે તે વિગતે નોંધે છે. તો પોતે સરસ ઝંડો દોર્યો તે બદલ સાહેબ ખુશ થયા છે અને ખાસ ચિતરવા માટે જ નવી નોટ આપવાના છે તે વિશે જણાવે છે. ૧૫મી ઓગષ્ટ વિશે સંસ્થામાં ધામધૂમથી તૈયારીઓ થઈ રહી છે તે વિશે ગણપત વિગતે નોંધે છે. ઝંડાવંદનના દિવસે પાણી છાંટવાનું, ઈંટો પર ગેરુ અને ચૂનો લગાવવો, બારીના પડદા બદલવા, ઑફિસની બહાર રંગોળી પૂરવાની, મહેમાનો માટે શીખંડ અને ઢોકળા બનાવવા, ઝંડાવંદનની સાંજે રમતગમતમાં લીંબુચમચો, દોરડાખેંચ, સંગીતખુરશી રમાડવાના છે તે વિશે નોંધે છે.

ઝંડાવંદનના દિવસ માટે કરવાની તૈયારી માટે બાળકોને ૧૩મી અને ૧૪મી તારીખના રોજ શાળામાં રજા આપે છે. આ બે દિવસ દરમ્યાન કપડા ધોઈને ચોખ્ખા કરવાના, સંડાસ બાથરૂમ સાફ કરવાના, રંગોળી બનાવવાની અને ગીતની તૈયારી કરવાની જેવા કામો તેમને સોંપાય છે.

તો ૧૫મી ઓગષ્ટની છેલ્લી નોંધમાં આવેલા મહેમાનો વિશે, ગીત ગાવામાં બે લીટી ભૂલી ગયેલા તે વિશે, નાટકમાં થયેલા ગોટાળા વિશે, ઝંડાવંદન પછી મહેમાને કરેલા ભાષણ વિશે, ભરપેટ જમ્યા હોવાથી કોઈ સાંજે રમવા ન આવ્યું તે વિશે, ચકાચક જમવાના વિશે, રંગોળી કોઈએ જોઈ નહીં અને સાંજે તેના ઉપર કોઈનો પગ પડી જવાથી મહેનત નકામી ગઈ હતી તે વિશે વિગતે નોંધે છે. છેલ્લે મહેમાને આપેલા ભાષણની નોંધ સાથે ગણપતની રોજનીશી પૂર્ણ થાય છે.

'ગણપતની નોંધપોંથી'નો બાહ્ય દેખાવ તો વિદ્યાર્થીની અદ્દલ નોંટબુક જેવો જ દેખાય છે. સ્ટીકર લગાડેલું, ભુરા રંગનું પૂંઠું ચડાવ્યું હોય તેવી નોંધપોંથી વાંચવા માટે બાળકોને અવશ્ય તેના તરફ આકર્ષિત કરે તેવી છે. બાળકોને ગમે તેવી બીજી કોઈ બાબત હોય તો તે છે ગણપતની કાલી-ઘેલી ભાષા. ગણપત જે ભાષા બોલે છે તે જ ભાષામાં તે નોંધ કરે છે. જેથી તેણે નોંધેલી બાબતોમાં વાસ્તવિકતા વધારે પમાય છે. આ પુસ્તકમાં દોરેલા ચિત્રો પણ બાળકોના આકર્ષણનું કેન્દ્ર બને છે. તેમાંય, ગણપતે નોટમાં પાડેલી રંગોળી તો સાચે જ તેને શાબાશીનો હકદાર બનાવે છે. જોકે દૈનિક નોંધ કરવામાં ૨૪ અને ૨૫મી જુલાઈ તેમજ ૨જી ઓગષ્ટની નોંધ શા માટે રહી ગયેલ છે એ વિશે ગણપતે કોઈ નોંધ કરેલ નથી. જ્યારે ૭મી ઓગષ્ટે તે ૪થી ઓગષ્ટના રોજ કેમ નોંધ લખી ના શક્યો તેવું યાદ કરે છે, પરંતુ તેની બરાબર આગળના દિવસે ૬ઠ્ઠી તારીખે કેમ કાંઈ ન નોંધ્યું તે વિશે તેણે કાંઈ જણાવ્યું નથી. અંતે એ અવશ્ય કહી શકાય કે આ નોંધપોંથી દ્વારા બાળકોના ભોળપણનો, તેમની જિજ્ઞાસાવૃત્તિનો, મોટા લોકોની વાતચીત અને તેમની વર્તણૂંકનો બાળમાનસ પર કેવો પ્રભાવ પડતો હોય છે તે વિશેની જાણકારી આપવામાં લેખિકા સફળ થાય છે.

### ૪.૩.૩. 'આનંદે ભજવીએ !'

૨૦૦૭માં પ્રકાશિત 'આનંદે ભજવીએ!' એ હિમાંશી શેલત લિખિત બાળનાટકનું પુસ્તક છે. અહીં 'નવી નવાઈનું સરઘસ', 'અમારાં સપનાં, તમારાં સપનાં' અને 'નીલ-ગગનની દોસ્તી' એમ કુલ ત્રણ નાટકો કલાત્મકતાથી નિરૂપાયા છે. 'પ્રાણીઓ એમનું જન્મજાત વેર ત્યજી શકે છે પણ માણસો પોતાનો ઝગડાખોર સ્વભાવ ત્યજી શક્તા નથી' એ વ્યંજનાને કેન્દ્રસ્થ કરતું 'નવી નવાઈનું સરઘસ' અતિ સુંદર નાટક બન્યું છે. જ્યારે 'વાલીઓએ પોતાનાં સપનાં બાળકો ઉપર ન થોપવાં જોઈએ' એ સંદેશ 'અમારાં સપનાં, તમારાં સપનાં'માં વ્યક્ત થયો છે. તો જીભ ઝલાતી હોવાને કારણે નીલ અન્ય બાળકોથી દૂર રહે છે ત્યારે નીલને બાળકોની નજીક લાવવાનું કામ તેની મોટી

બહેન કેવી રીતે કરે છે તે, તથા અન્ય બાળકોની આવાં બાળકો સાથેની વર્તણૂંક કેવી હોય છે તે વાત ‘નીલગગનની દોસ્તી’ નાટકમાં સુંદર રીતે રજૂ થઈ છે.

પ્રવર્તમાન સમયમાં કોમી વૈમનસ્ય અને જાતપાતના ભેદભાવને લીધે અવારનવાર થતા ઝગડાને કેન્દ્રમાં રાખી ‘નવી નવાઈનું સરઘસ’ નાટક આલેખાયું છે. જેમાં ‘પ્રાણીઓ પોતાનો વેરભાવ ભૂલી એક થઈ શકે છે પરંતુ મનુષ્ય પોતાનો ઝગડાખોર સ્વભાવ છોડી શક્યા નથી’ એવો કટાક્ષ છે. નાટકમાં થયેલ વર્ણન પ્રમાણે એક મોટા શહેરના ચાર રસ્તે જબરદસ્ત તોફાન ફાટી નીકળ્યું છે. ટોમી કૂતરો અને બદ્દુ બળદ આ સમાચાર ગલીમાં રહેતાં અન્ય પ્રાણીઓને આપે છે. ગવરી ગાય આ વાત માનવા તૈયાર નથી. તે કહે છે, “અરે! પણ કાલ સુધી તો આવું કંઈયે નહોતું. મારામારી આટલી જલદી થઈ જાય ?” (પૃ.૫) ટોમી જવાબ આપતા કહે છે, “એ તો એવું જ. જેને બે પગ હોય તે તો ગમ્મે ત્યારે ગમ્મે તે કરે એવું મારા દાદાના દાદા કહેતા’તા.” (પૃ.૬) નાટ્યલેખક અહીં મનુષ્યજાત પર જબરદસ્ત કટાક્ષ કરે છે. બે પગી મનુષ્યજાત ગમે તે અને ગમે ત્યારે કરી શકે છે. અને આ તો વર્ષોથી ચાલી આવતી પ્રથા છે એ કહેવા લેખિકા ‘મારા દાદાના દાદા કહેતા’તા’ એ વાત ટોમીના મુખે કહેવડાવી ભારે કટાક્ષ કરે છે. વળી, ધમાલ એ હદે ફાટી નીકળે છે કે લોકો આમથી તેમ એક બીજાને પથ્થર મારે છે, લાકડીઓ વીંઝે છે, ધમાચકડી, લાતાલાતી, મુક્કામુક્કી કરી રહ્યા છે. આ ઉપરાંત ઘરો-દુકાનોમાં આગ લગાડાઈ રહી છે. સળગતા કાકડા અને કેરોસીનથી બધું સળગાવી રહ્યા છે. બે પગવાળો મનુષ્ય આટલેથી ન અટકતા એકબીજા પર બંદૂકથી ધડામ-ધડામ ગોળીઓ વરસાવી રહ્યો છે. આ ધમાલ વિશે સાંભળી શરૂઆતમાં તો સહુ પ્રાણીઓ એવું જ કહે છે કે મનુષ્યજાત આવી જ હોય. બન્ની બકરી કહે છે કે આ ગંગુની પીઠે ચાંદુ થયું છતાં તેનો માલિક એની દવા નથી કરાવતો, ટોનીનો માલિક પણ લાલ શરબત પીધા પછી બહુ ઘાંટા પાડે છે. કોઈનું માનતા નથી. અહીં લેખિકા પ્રાણીઓના મુખે મનુષ્યના મૂળ સ્વભાવને ઊઘાડો પાડે છે.

ચાર રસ્તે થતી આ ધમાલને લીધે સૌ પ્રાણીઓ ભાગવાનું કરે છે ત્યારે ટોમી કૂતરો આગેવાની લે છે. તે યાદ દેવડાવે છે કે, ગવરી માંદી હતી ત્યારે ડોક્ટરને તેના માલિકે જ બોલાવેલા, કાળુને ઊલટીઓ થતી હતી ત્યારે દવા તો જમનાબાઈએ જ આપેલી. આથી આપણે તેમને ઝગડતા રોકવા જોઈએ એવું નક્કી કરે છે. તેઓ સૌ કઈ રીતે તેમને ઝગડતા રોકી શકે એ વિશે વિચારે છે. ટોમી સરસ મજાનું આયોજન ઘડી કાઢે છે! સૌએ સરઘસ કાઢીને ચાર રસ્તા પર જવાનું છે. આ સરઘસ સાદુ નહિ હોય, નવી નવાઈનું હશે. સરઘસ એકદમ ટનાટન, લાંબુલચક

અને સૌ એક સરખી રીતે ચાલશે. જેમાં કાળુ કૂતરાની પીઠ પર કાબરી બિલાડી બેસશે, માંજરી બિલાડી પર કકુ કૂકડાનું બચ્ચું બેસશે, ભોલું ઉંદરની આખી પલટણ બિલાડીઓની અડખે પડખે ગભરાયા વગર ચાલશે અને લાલુ બકરો સોસાયટીના મોટ્ટા મોટ્ટા વરુ જેવા કૂતરાઓની બાજુમાં ચાલશે. જોકે ટોમીના આયોજન વચ્ચે કાળુ કૂતરો અને કાબરી બિલાડી એકબીજા સાથે ઝગડી પડે છે ત્યારે ટોમી કૂતરો તેને શાંત પાડતા કહે છે, “આ શું લડો છો બંને જણ ? તમેય પેલા રસ્તે મારામારી કરતા માણસો જેવાં થઈ ગયાં?” (પૃ.૯) અહીં લેખિકા ટોમીના મુખે મનુષ્યના વર્તન ઉપર કટાક્ષ કરે છે. એક બાજું ટોમી આવું સરઘસ જોઈને માણસો હક્કાબક્કા થઈ જશે એવું વિચારે છે તો બીજીબાજું બદ્દુ બળદ શંકા વ્યક્ત કરે છે કે રખેને ‘એ લોકો એકમેકને મારવા લીધેલા ડંડા અને પથરા લઈને ક્યાંક આપણી પાછળ પડશે તો?’ (પૃ.૧૧) જોકે ટોમી સૌની જવાબદારી લે છે ને સૌ આયોજન પ્રમાણે - ઉંદરની બાજુમાં નોળિયો, કૂતરાની પીઠ પર બિલ્લી, બિલ્લીઓની પડખે ખિસકોલી જેવાં જોડકામાં સરઘસાકારે ચાલ્યાં આવે છે. એકબીજાના દુશ્મન એવાં પ્રાણીઓને એકસાથે સરઘસમાં આવતા જોઈ સૌ માણસો અચંબામાં પડે છે ને આશ્ચર્યચકિત થયેલા તેઓ એકબીજા સાથે વાતો કરે છેઃ

એક માણસઃ અરે! આવું તો કોઈ દિવસ જોયું નથી! (હાથમાંથી પથરો પડી જાય છે.)

બીજો માણસઃ (આંખો ચોળતો) અલ્યા! સાચુ જ છે કે સપનું જોઈએ છીએ? માન્યામાં નથી આવતું!

ત્રીજો માણસઃ (ગાળે થપ્પડ મારીને) ના, ના, છે તો સાચું જ. આંખ સપનું નથી જોતી. (પૃ.૧૩)

એકબીજાના દુશ્મન હોવા છતાંય પ્રાણીઓ જરાય લડતાં નથીને પાછા સંપીને જઈ રહ્યાં છે અને આપણે એકબીજાને લાકડીથી માથા ફોડીએ છીએ. એવું કહી સૌ માણસો લાકડીને પથરાં નીચે ફેંકી દે છે. અત્યાર સુધી કરેલા નુકશાનથી પસ્તાય છે ને હવે ક્યારેય ઝગડા નહીં કરવાનું નક્કી કરે છે.

બાળકો દ્વારા ભજવાતા આ નાટકમાં લેખિકાએ નાટયમંચનો યોગ્ય ઉપયોગ કરી મનુષ્યને ઉચિત સંદેશ આપી દીધો છે. તો દોડતા-ધમાલ કરતાં, એકબીજા સાથે અથડાતાં, પ્રાણીઓના અવાજ કાઢતાં, સરઘસાકારે જતાં બાળકોએ સુંદર અભિનય કર્યો છે તો માણસોના અવાજો, માણસોની મારામારીના, સાયરનના, પથરાં-લાકડી લઈને દોડતા ટોળાના શોરબકોરથી નાટકમાં

જીવંતતા અને અફરાતફરીનું વાતાવરણ સર્જીને લેખિકાએ એક સુંદર ભજવણીયુક્ત નાટક બાળકોને ભેટ ધર્યું છે.

'અમારાં સપનાં, તમારાં સપનાં' એ બાળકોની સમસ્યા વિશે બાળકો દ્વારા ભજવાતું નાટક છે. અહીં બાળકો પોતાના ભવિષ્યને લઈને જે સ્વપ્નો જુએ છે તેનાથી માંબાપના સ્વપ્નો કેટલાં જુદાં પડે છે તેને સુંદર અભિનય દ્વારા અહીં રજૂ કર્યા છે. 'માબાપે પોતાના સપનાં બાળકો પર ન થોપવા જોઈએ' એ આ નાટકનો સંદેશ છે. સંયુક્ત કુટુંબમાં રહેતાં પાંચ બાળકો ઘરના એક ઓરડામાં અભ્યાસ કરી રહ્યાં છે ત્યાંથી નાટકની શરૂઆત થાય છે. પાયલ પાંચમા ધોરણમાં, પૂર્વી સાતમામાં, પ્રશાંત આઠમામાં, ચિરાગ દસમામાં અને ચિન્મય બારમા ધોરણમાં ભણે છે. પાંચેય ભાઈબહેનો સાંજના સાતેક વાગ્યે પોત-પોતાનું લખી-વાંચી રહ્યાં છે પરંતુ તેમને કોઈનેય અત્યારે ભણવામાં મન લાગતું નથી, સૌને કંટાળો આવે છે. આનાં ઉપાય રૂપે પાયલ કંઈક ખાવાનું કહે છે ત્યારે બીજા તેની મજાક કરે છે. પૂર્વી અડધો કલાક ઊંઘી જવાનું અને ઊઠીને ફ્રેશ થઈને વાંચીશું તેમ કહે છે. અંતે એક કલાકનું અલાર્મ મૂકીને ચૂપચાપ આંખ મીચીને પડી રહેવાનું અને જેને જે વિચાર આવે તે આવવા દેવાનું નક્કી થાય છે. ચિરાગ રિલેક્સ થવા માટે ધીમે અવાજે સંગીત મૂકે છે ને અલાર્મ વાગે ત્યારે જાગી જવાનું કહી સૌ શાંતિથી પડી રહે છે. રંગમંચ પર હળવા મધુર સંગીત સાથે ભૂરો-ગુલાબી પ્રકાશ પથરાવીને લેખિકા નાટ્યમંચને પરિસ્થિતિ પ્રમાણે ઢાળે છે. અન્ય બાળકોની જેમ પાયલ પણ ઊંઘી ગઈ હોય છે તેવામાં તેનાં સ્વપ્નમાં નર્તકી આવે છે ને પોતે તેને નૃત્ય શિખવવા આવી હોવાનું જણાવે છે. નર્તકીને જોઈ પાયલ ખુશખુશાલ થઈ જાય છે. પાયલને તો ડાન્સ શીખવો જ છે પરંતુ તેની મમ્મી તેને જીમખાનામાં ધકેલે છે, તો પપ્પા તેને સાનિયા જેવી બનવાનું કહે છે. રંગમંચને સ્પર્શ કરવાનું શિખવાડી નર્તકી પાયલને મુદ્રાઓ શિખવાડવાનું શરૂ કરે છે. બીજી બાજુ પ્રશાંત અને પૂર્વી વાતચીત કરે છેઃ પ્રશાંત કહે છે, "અપને કો તો હીરો બનના હૈ... નાના પાટેકર જૈસા..." (પૃ.૨૨) નાના પાટેકર જ કેમ ? એવા પૂર્વીના પ્રશ્નના જવાબમાં પ્રશાંત કહે છે, નાના પાટેકર સુપર્બ એક્ટિંગ કરી જાણે છે. પૂર્વી કહે છે મારે પણ સ્મિતા પાટીલ જેવા બનવું છે માટે આ ગણિત-વિજ્ઞાનની માથાફોડ કરવાને બદલે આપણે બેય નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં ભાગી જઈએ! કારણ મમ્મી તો મને બી.એ. કે બી.કોમ. થઈ કોઈ સારા, સંસ્કારી ઘરના છોકરા સાથે પરણાવી દેવાની વાત કરે છે. ત્યાં સ્પોટલાઈટ ચિરાગ પર સ્થિર થાય છે. ચિરાગને લશ્કરમાં જવું છે ને એમાંય એર ચીફમાર્શલ બનવું ગમે છે. તેને પોતાના પિતાનો બિઝનેશ સંભાળીને મોજ નથી કરવી. ત્રીજી બાજું

ચિન્મય હાથમાં પુસ્તકો અને સામયિકોનો થડકલો તેમજ ખભે થેલો ભરાવી નીકળી પડે છે. બાળકોને ભણાવવાનું તેમને ચોખ્ખા કરવાના અને તેમને વાર્તાઓ કહેવાના કામમાં લાગે છે. જોકે તેના માતા-પિતા તેને આ હાલતમાં જોઈ ખૂબ વઢે છે. એમણે તો ચિન્મય હાર્વર્ડમાં જઈ કુટુંબમાં કોઈ ન ભણ્યું હોય તેવું અને તેટલું ભણે એવું સ્વપ્ન જોયું છે.

આ રીતે સ્વપ્નો જોવામાં બધાં જ મશગૂલ હોય છે ત્યારે અચાનક અલાર્મ વાગતા સૌ ઝબકીને જાગી જાય છે. પૂર્વી કહે છે કે મને તો મજાનું ઝોકું આવી ગયેલ આટલું જલ્દી કેવી રીતે અલાર્મ વાગી ગયું ? ત્યારે પ્રશાંત સૌ બાળકોના મનની વાત કહી દે છે કે, “એ તો એવું! ભણવાનું હોય અને ટોપ પર રહેવાનું હોય અને માબાપ રેસમાં હોય ત્યારે એવું જ પૂર્વીબેન! સવારે ચાર વાગે ઊઠો, પાંચ વાગે ટ્યૂશન પર જાવ, દિવસ આખો ભણ ભણ કરો, સાંજે હોમવર્ક કરો, રાતે ફરી ટ્યૂશન, પછી ફરી હોમવર્ક. ઊંઘવાનું મળે છે જ ક્યાં ? ” (પૃ.૨૭) અહીં ખરેખર પ્રશાંતના શબ્દોમાં ભારોભાર સચ્ચાઈ રહેલી છે. આજના બાળકોને ન પૂરતું રમવાનું મળે છે કે ન પૂરતો સમય જમવામાં મળે. પોતે આખો દિવસ શા માટે દોડે છે એની જ એમને ખબર નથી. જાણે પોતે રેસના ઘોડા બની ગયાં હોય! માબાપને આ રેસ કોઈપણ ભોગે જીતવી જ હોય છે. ચિરાગ પોતાના માબાપનો તાજો જ દાખલો આપતા જણાવે છે કે, “જેટલું ડોનેશન આપવું પડે તે આપીશું પણ છોકરાને મેડિકલ લાઈનમાં ઘુસાડી જ દેવો છે.” (પૃ.૨૮) અહીં એકબાજું માબાપ જબરદસ્તીથી તેને ડૉક્ટર બનાવવા માંગે છે જ્યારે બીજીબાજુ ચિરાગને લશ્કરમાં જોડાવું છે. તેને તો ડૉક્ટર થવાના નામથી જ ટાઢ ચડે છે પણ સાંભળે કોણ ? આખરે સૌ પોતાના માતા-પિતાને કાગળ લખવાનું અને તેની એક નકલ પોતાના ફેવરીટ ટીચરને આપવાનું નક્કી કરે છે, જેથી ટીચર તેના મમ્મી-પપ્પાને સમજાવે. કાગળમાં શું લખવાનું કહે છે, જુઓઃ “અમારે અમારાં પોતાનાં સપના જોવાં છે. જેમ તમે તમારાં સપનાં જોયાં હશે. અમને અમારાં સપનાં સાકાર કરવા દો...” (પૃ.૨૯) આગળ તેઓ એ પણ લખવાનું કહે છે કે, “અમે તમારી મહત્ત્વાકાંક્ષાનાં રમકડા નથી!, અમે ઘડિયાળ પર ટાંગેલાં બાવલાં નથી...” (પૃ.૨૯) અહીં પડદો પડે છે ને નાટક પૂરું થાય છે.

પ્રસ્તુત નાટકમાં વડીલોને પણ એક શીખ અપાઈ છે કે, બાળકોને પણ પોતાનાં સપનાં હોય છે, એમને એમની રીતે જીવવા દો. તો બાળકો દ્વારા જ સુંદર ભજવણીના સાથે ધ્વનિ અને પ્રકાશનો સમુચિત ઉપયોગ કરી લેખિકાએ આ નાટક બાળકોને વિશેષ આકર્ષિત કરે તેવું અને બાળકો જ તેને આસાનીથી ભજવી શકે તેવી રીતે લખ્યું છે.

'નીલ-ગગનની દોસ્તી' નામના ત્રીજા નાટકમાં જીભ ઝલાતી હોવાને કારણે નીલથી અટકી-અટકીને બોલાય છે તેથી તે અન્ય બાળકો સાથે સહેલાઈથી હળી મળી-શક્તો નથી. નીલની આ સમસ્યાને નજર અંદાજ કરવાને બદલે તેની મોટીબહેન નીલને અન્ય બાળકોના મુખ્યપ્રવાહમાં લાવવા, અન્ય બાળકો સાથે સાથે વાતચીત કરતો થાય તે માટે જે પ્રયત્નો કરે છે તેને કેન્દ્રમાં રાખી આ નાટક લખાયું છે. નાટકનું સ્થળ મધ્યમવર્ગની હાઉસિંગ કોલોનીની ખુલ્લી જગ્યામાં રમતાં લગભગ અગિયારથી ચૌદ વર્ષનાં બાળકો - ગગન, મગન, અનુપ અને ગેવ એ ચાર છોકરા, કાજલ, સેજલ અને મુમતાઝ એ ત્રણ છોકરીઓ ભેગાં થઈને જે રમત રમે છે ત્યાંથી નાટકની શરૂઆત થાય છે. નાટકની શરૂઆતમાં થુપ્પા રમતા ગગનને કાચની કરચો વાગી છે તેનું વર્ણન આવે છે. હવે આ રમત રમાય તેમ નથી એટલે કોઈ અન્ય રમત રમવાનું વિચારે છે. સેજલ જણાંવે છે કે જો આઠ જણ હોય તો આપણે એક સરસ રમત રમી શકીએ. તેવામાં છેલ્લા ડુપ્લેક્ષમાં આવેલ નીલની વાત નીકળે છે. નીલ - જરા બટકો અને ચશ્મીસ છે, તે બોલવામાં તોતડાય છે તેથી સૌ તેની મજાક કરે છે. નીલને બોલવામાં તકલીફ પડતી હોવાથી તે અન્ય સાથે દોસ્તી નથી કરતો અને ભણવા માટે ખાસ સંસ્થામાં જાય છે એ વાતથી સૌ પરિચિત સૌ અંધારું થતાં પોતપોતાના ઘરે ચાલ્યા જાય છે. બીજા દિવસે કાજલ અને મુમતાઝ રમતા હોય છે ત્યારે નીલની મોટીબહેન આવીને પોતાનો અને નીલનો પરિચય આપે છે અને તેમની સાથે રમવા માટે અહીં તે એને લઈને આવી છે એવું જણાંવે છે. ગગન, મનન, અનુપ, ગેવ અને સેજલ ત્યાં આવી ચડતાં મોટીબહેન નીલની સૌની સાથે ઓળખાણ કરાવે છે.

લેખિકા નાટકની વચ્ચે વચ્ચે બધાં બાળકો નીલ સાથે કેવી મજાક કરે છે તે વિશે દર્શાવતાં જાય છે. ગગન 'ખખખબર પડી કે એ નનનનીલ છે!', 'સસસારું કર્યું... બબબેન...' એ રીતે બોલીને નીલની મજાક કરે છે ત્યારે મોટીબહેન સામેથી જ તેમને કહે છે કે મશ્કરી કરો છો નીલની તો ભલે કરો. કારણ નીલે પણ એવી મજાકથી ટેવાવું પડશે. મોટીબહેન વાતાવરણને આ રીતે હળવું કરવાની સાથે ગગન અને અન્ય બાળકોની હમદર્દી જીતે છે, તો બીજી બાજું નીલને મનથી મજબૂત પણ બનાવે છે. આખરે સૌ બાળકોને મોટીબહેન જ એક રમત રમાડે છે જેમાં સૌએ 'કાચો પાપડ, પાકો પાપડ, ડપપા કોપા, ડપપા ચોકા' એવું દસ વખત ભૂલ વગર બોલવાનું કહે છે.

સૌ બાળકો ખેલદીલીની ભાવના સાથે રમત શરૂ કરે છે. ગેવ ચિઠ્ઠી ઉછાળે છે જેમાં ગગનનો જ પ્રથમ દાવ આવે છે. ગગન ચાર-પાંચવાર બોલી અટકી જાય છે. ત્યારબાદ કાજલ, અનુપ અને

ત્યારબાદ નીલનો નંબર આવે છે. નીલ કડકડાટ રીતે દસ વાર બોલીને જીતી જાય છે તેથી ગગન શરમાઈ જાય છે. મોટીબહેન રમતમાં કોઈએ શરમાવાનું હોતું નથી એમ કહી તેનું દીલ જીતી લે છે. નાટકના અંતે ગગન અને નીલની દોસ્તી થાય છે ને હવે દરરોજ નીલની સાથે સૌ રમશે એવું નક્કી થતાં નાટક પૂરૂં થાય છે. નાના બાળકોને ભજવવું ગમે એવું આ નાટક સરસ બન્યું છે. જેમાં નીલની તોતડું બોલવાની સમસ્યા અને તેના ઉકેલને લેખિકાએ બાળકો દ્વારા જ સુંદર રીતે ભજવીને દર્શાવી છે.

હિમાંશી શેલત રચિત આ ત્રણેય બાળનાટકોની રજૂઆત ખૂબ જ સુંદર રહી છે. નાટકમાં જરૂરી હોય એવી વિવિધ ટેક્નિકનો ઉપયોગ કરી લેખિકાએ તેને ભજવણી લાયક બનાવ્યાં છે. આ ત્રણેય નાટકો ખૂબ લાંબા પણ નથી કે ખૂબ ટૂંકા પણ નથી, જેથી બાળકોને માટે તે ભજવવાની અનુકૂળતાની સાથે સાથે દર્શકોનેય જોવામાં જકડી રાખે તેવા આલેખાયાં છે. ટૂંકમાં, આ ત્રણેય નાટકો દ્વારા હિમાંશી શેલતમાં રહેલા એક નાટ્યકારનો આપણને પરિચય થાય છે.

### ૪.૩.૪. 'સોનુ અને માઓ'

૨૦૦૭માં પ્રકાશિત 'સોનુ અને માઓ' હિમાંશી શેલત રચિત બાળવાર્તાનું ફક્ત ૧૬ પૃષ્ઠમાં લખાયેલું પુસ્તક છે. ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતા આશય અને અમન વચ્ચે શાળાએ જતી વખતે રીક્ષામાં દરરોજ થતાં ઝગડાની ફરિયાદ આચાર્ય પાસે પહોંચે છે. આચાર્યના પત્રથી ચિંતામાં મુકાયેલ આશય અને અમનની મમ્મીઓની સમસ્યાનું નિરાકરણ શાળાના ડોલીબહેન વાર્તાની ચોપડી બંને બાળકોને વાંચવા આપીને લાવે છે. આ ચોપડી એટલે 'સોનુ અને માઓ' જેમાં હિમાંશી શેલતના ઘરે રહેતા પ્રાણીમિત્રો એટલે કે સોનુ (કૂતરો) અને માઓ (બિલાડો) વચ્ચે થયેલી દોસ્તીની વાત કહેવાઈ છે. આ ચોપડી વાંચીને આશય અને અમન વચ્ચે સમજદારી આવે છે ને બંનેનું ઝગડવાનું બંધ થાય છે. આશય અને અમનના ઝગડા બંધ થવાથી માધુકાકા, બંનેના મમ્મી-પપ્પા તેમજ નિશાળના સૌ શિક્ષકો રાજી થાય છે તે વાત સુંદર રીતે કહેવાઈ છે.

પુસ્તકની શરૂઆતમાં લેખિકા આશય અને અમનના ઝગડા વિશે, માધુકાકાની સમજાવટ અને તેમને થતી હેરાનગતિ વિશે, માધુકાકા દ્વારા નિશાળમાં કરાતી ફરિયાદ વિશે, શાળામાંથી આચાર્યબહેનના કાગળ બંને બાળકોના ઘરે મોકલાયા તે વિશે, પોતાના બાળકોની ફરિયાદ વિશે શાળામાંથી આવેલ કાગળ વાંચી દુઃખી થયેલાં બંનેના માબાપ વિશે વિગતે નોંધે છે. આશય અને અમન શાળાએ જતી-આવતી વખતે રીક્ષામાં વગર કારણે ખૂબ જ લડે છે. રીક્ષામાં લડવાની તેમની

આ ફરિયાદ છેક આચાર્ય પાસે પહોંચી છે તેથી તે બંનેના માબાપ દુ:ખી થયાનું જાણી નિશાળના ડોલીબહેન આ બંને વચ્ચેનો ઝગડો બંધ કરાવવાની જવાબદારી માથે લે છે. ડોલીબહેન પાસે આ ઝગડાને બંધ કરાવવાનો રસ્તો છે. તે બંનેને બોલાવી વાર્તાની એક સરખી ચોપડી તેમેને આપે છે ને તે વાંચવાનું જણાવે છે. આશય અને અમન એકબીજા કરતાં પોતે પહેલા વાંચીને આગળ નીકળવાની હોડમાં શનિ-રવિવારની રજામાં આ ચોપડી લઈને બેસી ગયા. જે ચોપડીનું નામ છેઃ 'સોનુ અને માઓ'. વાર્તાની શરૂઆતમાં લેખિકા દોસ્તી કેવી રીતે થાય એ સમજાવતાં બે મજાના દોસ્ત સોનુ અને માઓનો પરિચય કરાવે છે. સોનુ એમના ઘરે આવ્યો ત્યારે ફક્ત ત્રણ જ મહિનાનો એકદમ જાડિયોભમ્મ મજાનો દોસ્ત હતો. અહીં લેખિકા સોનુના સ્વભાવ વિશે, તેની રમત વિશે, પોતાની સાથે કરેલી રમત વિશે, ચકલી, દેડકા, સાપ અને ઘર આંગણે આવતાં બુલબુલ, ખિસકોલી, કાબર અને ઉંદર જેવાં પશુ-પક્ષીઓ સાથેની દોસ્તી વિશેનો પરિચય બાલમિત્રોને આપે છે.

જે ઘરમાં ચકલી, દેડકો, સાપ, બુલબુલ, ખિસકોલી અને કાબર પણ આવતાં હોય ત્યાં બિલ્લી કેમ ના આવે ? આવે જ ને! આખરે ત્યાં બિલાડીનું નાનકડું બચ્ચું - રંગે કાળા ભૂખરા પટ્ટા અને લીલી-ભૂરી આંખોવાળું ધીમા પગલે આવવા લાગ્યું ને લેખિકાએ તેને દૂધ આપ્યું જે એણે ચપચપ પી લીધું. જોકે એક વાતનો ધ્રાસ્કો પડયો કે બિલ્લીને તો ઘરમાં આવવામાં વાંધો ન હોઈ શકે! પણ માઓને તો હોઈ શકે ને ? જોકે બચ્ચું ગભરાયા વગર દીવાલની પાળી પર બેસી રહ્યું ને સોનુ તેને જોતો જોતો રસોડાને બારને જ ઊંઘી ગયો. હવે બચ્ચું દર બીજે કે ત્રીજે દિવસે આવીને ખાય, પીએને ચાલ્યું જાય. હજુ સુધી સોનુ અને બચ્ચાની દોસ્તી આગળ વધી નહોતી. એક દિવસ બચ્ચું ધીમેથી રસોડામાં આવ્યું ત્યારે સોનુ એને જોઈને દોડયો નહિ જેથી તેને ડર ન લાગ્યો. હવે દરરોજ બચ્ચું રસોડામાં આવવા લાગ્યું અને જે કાંઈ ખાવાનું આપે તે ખાતું થયું. બિલાડીનું આ બચ્ચું હકથી ઘરે દરરોજ આવવા લાગતા લેખિકાએ તેનું પણ નામ પાડયું 'માઓ'. હવે સોનુ અને માઓની દોસ્તી આગળ વધે છે. બંને શાંતિથી પોતપોતાના ભાણે જમે, સોફા પર બેસે, જાણે શાંતિથી બેસીને વાતો કરે એ રીતે એમની દોસ્તી ઘનિષ્ઠ થતી ગઈ.

લેખિકા સોનુ અને માઓની વાર્તા સૌ બાળદોસ્તોને એવી રીતે કહી રહ્યાં છે કે સાંભળનારા જગ્યા પર જ ચોંટી જાય. હવે માઓ થોડાં થોડાં દિવસ ઘરની બહાર રહેવા લાગ્યું ત્યારે સોનું ને ચેન ન પડતું. આમને આમ દિવસો પસાર થાય છે. દિવાળીના દિવસો દરમિયાન જાણે માઓ ક્યાંક

ફરવા ચાલ્યું ગયું તેથી તેની સૌ ચિંતા કરવાં લાગ્યાં. દસ દિવસ વીતી જવા છતાંય માઓ ન દેખાતા સોનુ અને લેખિકા તેની રાહ જોઈને થાકી ગયાં. તેવામાં જ માઓનો અગિયારમાં દિવસે પુનઃ ઘરપ્રવેશ થાય છે. ઘરમાં આનંદ આનંદ ! માઓ બિલાડો છે, હવે તે વધારે દિવસ ઘરની બહાર જતો નથી.

વાર્તાની વચ્ચે લેખિકા આપણને સૌને બિલાડીની એક ખાસિયત વિશે જણાવે છેઃ જો બિલાડીને પૂરતું ખાવાનું મળે તો તે બીજા કશામાં મોં નાખતી નથી તેથી તેને ધુત્કારવું ન જોઈએ. જેમ મનુષ્યને ભૂખ લાગે ને ખાવાનું શોધે તેવું જ પ્રાણીઓનું પણ છે. તેથી લેખિકા દરેક વ્યક્તિ સહેલાઈથી કરી શકે તેવું એક કામ સોંપે છે, 'ભૂખ્યા માણસને કે ભૂખ્યા પ્રાણીને ખાવાનું આપવા જેવું ઉત્તમ કામ'. આ વિશે લેખિકા આગળ જણાવે છે કે, "આ એક જ કામ એવું છે જે નાની કે મોટી, કોઈપણ વ્યક્તિ સહેલાઈથી કરી શકે. કૂતરો કે બિલાડી તમારી સામે કેટલી આશાથી જુએ છે તે એક વખત ધ્યાનથી જોઈ લેજો. એમને ખવડાવવાનું મન તમને ન થાય તો કહેજો. અને વહેંચીને ખાવું તે સારું જ છે. ચકલાં, ખિસકોલી, કાબર, બુલબુલ બધાં માટે કંઈ કંઈ ખાવાનું મૂકીએ તો આંગણે કલબલાટ થતો રહે. મજા આવે." (પૃ.૧૨) અહીં લેખિકા મનુષ્યને પ્રાણીધર્મ પણ બજાવવાની સલાહ આપે છે. ધર્મમાં જે વાત વર્ષો કહેવાઈ છે તેનો લેખિકા અહીં પુનરોચ્ચાર કરે છે.

માઓને બીજા એક ધોળા બિલાડા સાથે ફાવતું નથી એ વાત અહીં માણસ ઉપર કટાક્ષ કરીને કહેવાઈ છે કે, "જેમ ક્યારેક માણસને  કોઈ બીજા માણસ જોડે મેળ ન પડે તેમ માઓને અને એક ધોળા બિલાડાને ફાવતું નથી." (પૃ.૧૨) જોકે સોનુ પોતાની ફરજ પ્રામાણિકતાથી બજાવે છે ને ધોળા બિલાડાથી માઓની સાચા મિત્રની અદાથી રક્ષા કરે છે. દોસ્તીની સાથે સાથે આપણામાં ફરજ ભાવના પણ હોવી જોઈએ તે તરફ લેખિકા આપણું ધ્યાન દોરે છે. સોનુ અને માઓની દોસ્તી એટલી ઘનિષ્ઠ બની ચૂકી છે કે ઘરની બહાર ઓટલા પર સાથે બેસે, બગીચામાં સાથે ફરે, ઘર આંગણે આવનારાં સૌ પશુ-પક્ષીઓ સાથે દોસ્તી કરે, માઓ ઝાડ પર કે દીવાલ પર ચડે ત્યારે સોનુ ઝાડ નીચે ગોળ ગોળ ફરે - જોનારાં સૌને મજા પડે એવી તેમની દોસ્તી વિશે અહીં વિગતે વર્ણન કર્યું છે. વળી ચોમાસામાં આવતા દેડકાની મોજમસ્તી અંગે, માઓ આવ્યો તે પહેલા ઘરમાં આવતાં ગામના, સીમના, ખેતરના ડોળા કાઢીને મૂછો ફરકાવતા ડરાવતાં મોટા-મોટા ઉંદરની ધમાલ-મસ્તી વિશે વિગતે વર્ણન કરવામાં આવ્યું છે. માઓના ઘરપ્રવેશ પછી ઉંદરોની જમાત છૂમંતર થઈ ગઈ! તેથી

હવે તેમની પજવણીથી લેખિકાને રહત થઈ છે. હવે સોનુ અને માઓની જોડી ઘરમાં આનંદ ફેલાવે છે.

જ્યારે કોઈ માણસ એકબીજા સાથે લડે ત્યારે લેખિકાને સોનુ અને માઓની દોસ્તી તેમને સંભળાવવા જેવી લાગી છે. કૂતરો અને બિલાડી એકબીજાના કટ્ટર દુશ્મન હોવા છતાં સોનુ અને માઓ સાથે રહી શક્તા હોય તો મનુષ્યો કેમ નહી ? એ સંદેશ અહીં મુકાયો છે. લેખિકા બાળદોસ્તોને જે વાત કહી તે જ વાત સોનુ અને માઓએ પણ સાંભળી તેથી તેઓ બંને રાજી છે, આજે એ બંનેને આઈસ્ક્રીમ ખવડાવવાનું કહે છે. બાળદોસ્તોને કહે છે કે, “તમે કોઈપણ બે જણને લડતા જુઓ, ઝગડતા જુઓ, કે મારામારી કરતા જુઓ, ત્યારે એમને સોનુ અને માઓની વાર્તા કહેજો. બરાબર યાદ રાખીને કહેજો. અને આપણે ધોળા બિલાડાની જેમ ઝગડો નથી કરવો એય કહેશો ને ?” (પૃ.૧૬)

અહીં લેખિકા બાળદોસ્તોને માનવતા, ભાઈચારાના, પ્રાણીપ્રેમ વિશેના પાઠ હસતાં-હસતાં, રમતાં-રમતાં, કાલી-ઘેલી ભાષામાં કહી દે છે. બીજી બાજુ ‘સોનુ અને માઓ’ની ચોપડી વાંચ્યા પછી આશય અને અમનનું રીક્ષામાં ઝગડવાનું બંધ થઈ જાય છે. હવે તેઓ બંને ઝગડયા વિના શાંતિથી બેસે છે તેથી માધુકાકા, બંનેનાં મમ્મી-પપ્પા, શાળાના શિક્ષકો તેમજ તેઓ પોતેય બંને ખૂબ રાજી રાજી જોવા મળે છે.

બાળવાર્તા હોય કે બાળનાટક હોય હિમાંશી શેલત બાળકો જેવાં બનીને, બાળકોની ભાષામાં હસતાં-રમતાં કંઈક બોધ આપી દે છે. જો કે એમણે પ્રયોજેલી સરળ, સાદી અને આકર્ષિત ભાષા અને વસ્તુગૂંથણીને કારણે બાળકો તેને હસીખુશીથી સ્વીકારી લે છે. આમ, હિમાંશી શેલતનું બાળસાહિત્યક્ષેત્રેનું પ્રદાન મહત્ત્વનું ગણાય છે.

## ૪.૪. ઉપસંહાર

હિમાંશી શેલતનું ટૂંકી વાર્તા અને નવલકથાની સાથે સાથે સ્મરણકથા, આત્મકથા, નિબંધ, હાસ્ય-વ્યંગ્ય અને બાળસાહિત્ય જેવાં સ્વરૂપોમાં પણ મહત્ત્વનું યોગદાન રહ્યું છે. સાહિત્યસર્જન ઉપરાંત એમણે તકવિહોણાં અને અભાવગ્રસ્ત બાળકો માટે સુરત શહેરના રેલ્વે પ્લેટફોર્મ પર સામાન્ય જ્ઞાનલક્ષી અને આનંદલક્ષી પ્રવૃત્તિઓ કરી હતી જેનું પ્રમાણ આપણને તેમનાં ‘પ્લેટફોર્મ નંબર ચાર’ નામનાં પુસ્તક પરથી મળી રહે છે. અધ્યાપક તરીકેની સન્માનલાયક નોકરી છોડી હિમાંશી શેલતે એક સમયે સુરતના રેલવેસ્ટેશન પર ગંદા, જૂથી ખદબદતાં, પરું દૂઝતાં ઘા-

ગુમડાંવાળાં અને નાનાં-મોટાં વ્યસનોમાં ફસાયેલાં બાળકો સાથે પ્રેમથી નાની-મોટી પ્રવૃત્તિઓ પોતાની રસરુચિ અર્થે કરી હતી. ગુજરાતી સાહિત્ય માટે અનમોલ ભેટ સમાન આ સ્મૃતિકથામાં હિમાંશી શેલતે એમનાં મનમાં સંગ્રહાયેલી સ્મૃતિ તેમજ એમણે કરેલા કાર્યોમાંથી પ્રાપ્ત થતાં નિજી આનંદની કથા રજૂ કરી છે. એમણે જેમ પોતાની વાર્તાઓમાં સમાજના દબાયેલા, કચડાયેલા અને નિઃસહાય લોકોની વાત કરી છે તેમ આ પુસ્તકમાં પણ એમણે માવતરની ઉપેક્ષા પામેલાં, સમાજથી અવગણાયેલાં કે જેઓ અભણ, છૂટક મજૂરી કરી પૈસા મેળવતાં, જમીને જ્યાં-ત્યાં સૂઈ જતાં, ચોરી કરતાં, ગાળો બોલતાં, વ્યસનોમાં ગળાડૂબ રહેતાં આજનાં આ યુવાધનને યોગ્ય દિશા મળે, તેઓ પોતાનું બાળપણ માણે અને કુદરતે આપેલ અનમોલ જીવનનો અર્થ સમજી તેને વધારે સારી રીતે માણી શકે એ અર્થે જ હિમાંશી શેલતે આ કામ ઉપાડયું હતું તેનો અહીં ઉલ્લેખ છે.

પ્રાણીજગત સાથે અત્યંત નજીકનો ઘરોબો ધરાવતાં હિમાંશી શેલતે 'વિક્ટર' નામની સ્મૃતિકથા આપી છે. જેમાં પોતે પાળેલાં માનવેતર પ્રાણીઓની પ્રેમાભિવ્યક્તિની વાત પશુપ્રેમી ન હોય એવા વાચકોને પણ સ્પર્શી જાય એવી સચોટ શૈલીમાં રજૂ કરી છે. હિમાંશી શેલતે આ સ્મૃતિકથામાં પ્રાણીઓ અને મનુષ્ય વચ્ચેનો અતૂટ પ્રેમસંબંધ આલેખ્યો છે. કુતરાં અને બિલાડાં જેવાં પ્રાણીઓ વિશે લખાયેલ આ સ્મૃતિકથામાં મનુષ્યોમાં જોવા મળતી સુટેવો કે કુટેવો પ્રાણીજગતમાં પણ જોવા મળે છે તેની સુંદર રજૂઆત કરી છે. હિમાંશી શેલત પોતે કબૂલે છે કે, પોતાના નિષ્પ્રાણ અને રસકસ વિનાના જીવનમાં આ પ્રાણીમિત્રોએ જ પ્રાણ પૂર્યો છે અને તેને માણવા લાયક રંગીન બનાવ્યાં છે. તેઓ કહે છે કે તેમની આસપાસ માણસો નહિ હોય તો ચાલશે પણ પ્રાણીઓ વિના તો તેમને નહિ જ ગોઠે. આ પુસ્તકમાં વિક્ટર ઉપરાંત અન્ય પ્રાણીઓની ચેતનવંતી તેમજ નિઃસ્વાર્થ દુનિયાનો આપણને પરિચય સાંપડે છે. ગુજરાતી સાહિત્યમાં માનવેતર પ્રાણીઓને કેન્દ્રમાં રાખી ભાગ્યે જ લખાતું હોય છે ત્યારે હિમાંશી શેલતનું આ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું ગણાય. ભાવવાહી શૈલીમાં લખાયેલી આ કૃતિમાં પ્રાણીઓ સાથેની મિત્રતા અને તેમની સાથેના પ્રેમસંબંધની મીઠી વાતો કરતાં - કરતાં લેખિકાએ માનવની મૂળભૂત વૃત્તિઓ કે તેમના દુર્ગુણો પર અનિવાર્યતા જણાઈ ત્યાં તીખા કટાક્ષો પણ કર્યા છે.

'મુક્તિ-વૃત્તાંત'થી ગુજરાતી સાહિત્યને વિશ્વસાહિત્યની હરોળમાં મૂકી શકાય તેવું ગૌરવ અપાવનાર હિમાંશી શેલતે પોતાના જીવનની ઝાંખીને તેમાં વિસ્તૃત રીતે આલેખી છે. છલોછલ વાર્તારસથી ભર્યાં આ આત્મવૃત્તાંતમાં મુક્તિ પોતાના જીવનની સચ્ચાઈના પડળ ઊઘાડતાં જાય છે.

આ આત્મવૃત્તાંતમાં મુક્તિએ પોતાના બાળપણ, શાળાજીવન અને કૌટુંબિક સ્ત્રીઓ વિશે વિગતે વાત કરી છે. તો વડવાઓ અને માતા-પિતા તેમજ દાદાજીના સુરેખ શબ્દચિત્રો આલેખ્યાં છે. અહીં દાદાજી સાથે મુલાકાતે આવતાં અનેક વિદ્વાનોનો પરિચય, મહેતાસાહેબ સાથેના પારિવારિક તેમજ મુક્તિના આત્મીય સંબંધોની વિગતે વાત કરી છે. અહીં લગ્નજીવન વિશેના તેમના ખ્યાલો વિશે, મોડે સુધી લગ્ન કેમ ન કર્યા તેના કારણો વિશે, નીલમણિ સાથેના લગ્નજીવન વિશે, નીલમણિની અણધારી વિદાયથી આવી પડેલી એકલતા વિશે, નીલમણિ અને તેમના પાળેલા કૂતરા સાથે ગાળેલા યાદગાર દિવસો વિશે મુક્તિએ વિગતે વર્ણન કર્યું છે. ૨૦૧૪માં પોતાને આવેલ હૃદયરોગના હુમલા વખતે તેમને જે અનુભવ થાય છે તેની પણ એમણે પેટ છૂટી વાત કરી છે. તો પશુ-પંખીઓ તેમજ સરીસૃપ પ્રત્યે અપાર પ્રેમ ધરાવનાર મુક્તિએ અહીં મનુષ્ય પ્રત્યેના પ્રેમભાવની સાથે સાથે પ્રાણીમિત્રો પ્રત્યેના વાત્સલ્યને પણ એટલી જ ઉત્કંઠાથી આલેખ્યો છે. શિક્ષણની થયેલી અવદશાથી વ્યાકુળ તેઓ જિંદગીના પચાસમાં વર્ષે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લે છે અને અભાવગ્રસ્ત સમુદાય માટે કામ કરવાની શરૂઆત કરે છે. ભાષાની પ્રાસાદિકતા, વ્યંજના, વાક્યલય તેમજ ટૂંકાં વાક્યોને કારણે હિમાંશી શેલતની આ આત્મકથા વાચકને ફરી-ફરી વાંચવી ગમે તેવી નીવડી છે. આ આત્મકથાને સુંદર કલાઘાટ આપવા માટે હિમાંશી શેલતે સર્જનાત્મક ગદ્યની સાથે સાથે સંવાદ, વાદવિવાદ, સંભાષણ, સ્વગતોક્તિ, વર્ણન, કથન, ડાયરી અને પત્ર વગેરે જેવી નિરૂપણની વિવિધ રીતો અપનાવી છે. વળી, સાચી હકીકતને છૂપાવ્યા વગર નિખાલસપણે કહી દેવાના ગુણના દર્શન આપણને હિમાંશી શેલતની આ આત્મકથાના પાને પાને થાય છે.

તો ૨૦૦૪માં પ્રકાશિત 'એકડાની ચકલીઓ'માં હિમાંશી શેલતે નિબંધ, ચરિત્રલેખ અને પ્રતિભાવને આલેખ્યાં છે. અહીં કુલ મળીને ૨૪ જેટલાં નિબંધો, ચરિત્રલેખો કે પ્રતિભાવો આલેખાયાં છે. આ પુસ્તકમાં લેખિકા - હિમાંશી શેલતે તેમનાં જીવનમાં બનેલ ઘટનાઓ, સંસ્મરણોને સાદી, સરળ ભાષામાં ભાવકને વાંચવાં ગમે તે રીતે રજૂ કર્યા છે.

હિમાંશી શેલત જ્યારે જ્યારે મનને વ્યગ્ર કરી દેતી, પીડાદાયક ઘટનાઓ જુએ છે ત્યારે ત્યારે તેઓ દુ:ખી થાય છે, આ દુ:ખ - આ પીડાને તેઓ શબ્દબદ્ધ કરે છે. એમણે 'ડાબે હાથે'માં પોતાની આસપાસ બનતી ઘટનાઓ અને પરિસ્થિતિઓ કે જેમાં આઘાત, ગ્લાનિ, ભોંઠપ અને અકળામણ જેવી અનુભવેલી લાગણીઓને વ્યક્ત કરતા ઉકળાટને વ્યંગ - કટાક્ષના માધ્યમથી ઠાલવ્યો છે. એમણે રાજકારણ અને સમાજજીવનની ચિત્રવિચિત્ર અને બેહૂદી ઘટનાઓને અહીં વ્યંગ-કટાક્ષના

માધ્યમથી આલેખી છે. વ્યંગ-કટાક્ષની સાથે સાથે અહીં કેટલીક તિર્યકીઓ અને હાસ્યલેખો પણ લેખિકાએ સમાવ્યાં છે.

સામાન્ય રીતે બાળવાર્તાઓમાં બોધ ન હોય પરંતુ હિમાંશી શેલતે બોધ સાથેની બાળવાર્તાઓ લખીને એક નવો ચીલો ચાતર્યો છે. બાળકોને અનુરૂપ સાદી, સરળ છતાં અસરકારક ભાષાપ્રયોગ હિમાંશી શેલતનું જમાપાસુ છે. 'રમતાં-ભમતાં' નામનાં બાળવાર્તાનાં આ પુસ્તકમાં હિમાંશી શેલતે પર્યાવરણ સંરક્ષણનો, માંસાહાર બંધ કરવાનો, જીવસૃષ્ટિની સેવા કરવાનો, સ્વચ્છતાનો, કુદરતની આહ્‌લાદક્તાનો, બાળકોને કુટેવથી દૂર રાખવાનો, બાળકોને કાયદાનું પાલન શીખવવાનો, મા-બાપે અન્યની દેખાદેખી ન કરવાનો, બાળકના સર્વાંગી વિકાસમાં શાળાના મહત્ત્વનો, કલ્પનાશક્તિનો દુરુપયોગ ન કરવાનો એમ વિવિધ સંદેશઓ આપવામાં આવ્યાં છે. હિમાંશી શેલતે લખેલ આ બધી જ બાળવાર્તાઓમાં બોધ આપ્યો આ વાર્તાઓ ક્યાંય ભારઝલ્લી બનતી નથી. લેખિકાએ વાર્તાના દરેક પાને બાળકોને ગમી જાય એવાં સુંદર ચિત્રો આપ્યા છે. ટૂંકમાં, વાર્તાલેખિકા બાળકોને રમતાં-ભમતાં મનોરંજન પૂરૂં પાડવામાં સફળ થાય છે.

'ગણપતની નોંધપોંથી' દ્વારા બાળકોના ભોળપણનો, તેમની જિજ્ઞાસાવૃત્તિનો, મોટા લોકોની વાતચીત અને તેમની વર્તણૂંકનો બાળમાનસ પર કેવો પ્રભાવ પડતો હોય છે તે વિશેની જાણકારી હિમાંશી શેલત સફળતાપૂર્વક આપી દે છે. 'ગણપતની નોંધપોંથી' એ રેલ્વે પ્લેટફોર્મ પર રખડતા ગણપતે તેના ઓબ્ઝર્વેશન હોમના વસવાટ દરમિયાન લખેલી નોંધપોથી છે. જેમાં તેણે આખા દિવસ દરમિયાન જે ગતિવિધિઓ કરેલી તેની નોંધો સંચિત થયેલી છે. હિમાંશી શેલત એક સંવેદનશીલ વ્યક્તિત્ત્વ ધરાવે છે. મા-બાપ વિનાના, રસ્તે રઝળતા અને રેલ્વે પ્લેટફોર્મ પર જ મોટા થયેલ ગણપત દ્વારા અન્ય બાળકોમાં એના મનની વાત નોંધપોંથી દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન કરે છે. હિમાંશી શેલત દ્વારા લખાયેલ બાળસાહિત્યના આ પુસ્તકમાં હાસ્ય સાથે ગમ્મત આપતા અને કાલીઘેલી બોલીમાં લખાયેલા શબ્દો તેમજ તેમનાં દોરાયેલાં કેટલાંક ચિત્રો બાળકોને અવશ્ય આકર્ષે તેવા છે. 'ગણપતની નોંધપોંથી'નો બાહ્ય દેખાવ તો વિદ્યાર્થીની અદ્દલ નોંટબુક જેવો જ દેખાય છે. સ્ટીકર લગાડેલું, ભુરા રંગનું પૂંઠું ચડાવ્યું હોય તેવી નોંધપોંથી વાંચવા માટે બાળકોને અવશ્ય તેના તરફ આકર્ષિત કરે તેવી છે.

બાળવાર્તાઓની સાથે સાથે હિમાંશી શેલતે 'આનંદે ભજવીએ!'માં કુલ ત્રણ બાળનાટકો કલાત્મકતાથી નિરૂપ્યાં છે. 'પ્રાણીઓ પોતાનો વેરભાવ ભૂલી એક થઈ શકે છે પરંતુ મનુષ્ય પોતાનો

ઝગડાખોર સ્વભાવ છોડી શક્યા નથી' એવો કટાક્ષ કરતું 'નવી નવાઈનું સરઘસ' નાટક પ્રવર્તમાન સમયમાં કોમી વૈમનસ્ય અને જાતપાતના ભેદભાવને લીધે અવારનવાર થતા ઝગડાની યાદ અપાવે છે. 'અમારાં સપનાં, તમારાં સપનાં'માં માબાપે પોતાના સપનાં બાળકો પર ન થોપવા જોઈએ, એમને એમની રીતે જીવવા દેવાં જોઈએ એવો સંદેશ અપાયો છે. તો જીભ ઝલાતી હોવાને કારણે બાળકોથી દૂર રહેતા નીલને અન્ય બાળકોની નજીક લાવવાનું કામ તેની મોટી બહેન કેવી રીતે કરે છે તે, તથા અન્ય બાળકોની આવાં બાળકો સાથેની વર્તણૂક કેવી હોય છે તે વાત 'નીલગગનની દોસ્તી' નાટકમાં સુંદર રીતે રજૂ થઈ છે. એક નીવડેલા નાટયકારની જેમ હિમાંશી શેલતે બાળકો દ્વારા ભજવાતા આ નાટકોમાં નાટયમંચનો યોગ્ય ઉપયોગ કરી એક સુંદર ભજવણીયુક્ત નાટકો બાળકોને ભેટ ધર્યાં છે. હિમાંશી શેલત રચિત આ ત્રણેય બાળનાટકોની રજૂઆત ખૂબ જ સુંદર રહી છે. આ ત્રણેય નાટકો ખૂબ લાંબા પણ નથી કે ખૂબ ટૂંકા પણ નથી, જેથી બાળકોને માટે તે ભજવવાની અનુકૂળતાની સાથે સાથે દર્શકોનેય જોવામાં જકડી રાખે તેવા આલેખાયાં છે.

'સોનુ અને માઓ'માં હિમાંશી શેલતના ઘરે રહેતા પ્રાણીમિત્રો એટલે કે સોનુ (કૂતરો) અને માઓ (બિલાડો) વચ્ચે થયેલી દોસ્તીની વાત કહેવાઈ છે. કૂતરો અને બિલાડી એકબીજાના કટ્ટર દુશ્મન હોવા છતાં સાથે રહી શક્તા હોય તો મનુષ્યો કેમ નહી ? એ સંદેશ દ્વારા હિમાંશી શેલત બાળકોમાં માનવતાના, ભાઈચારાના, પ્રાણીપ્રેમ વિશેના પાઠ હસતાં-હસતાં, રમતાં-રમતાં, કાલી-ઘેલી ભાષામાં આપે છે. અહીં ગમ્મત સાથે શિખામણ આપતાં હિમાંશી શેલત તેમનો હેતુ સિદ્ધ કરવામાં સફળ થાય છે. બાળવાર્તા હોય કે બાળનાટક હોય હિમાંશી શેલત બાળકો જેવાં બનીને, બાળકોની ભાષામાં હસતાં-રમતાં કંઈક બોધ આપી દે છે. એમણે પ્રયોજેલી સરળ, સાદી અને આકર્ષિત ભાષા અને વસ્તુગૂંથણીને કારણે બાળકો તેને હસીખુશીથી સ્વીકારી લે છે. બાળસાહિત્યક્ષેત્રેનું હિમાંશી શેલતનું પ્રદાન મહત્ત્વનું ગણાય છે.

આમ, ટૂંકી વાર્તા અને નવલકથાની જેમ હિમાંશી શેલતનું સ્મરણકથા, આત્મકથા, નિબંધ, હાસ્ય-વ્યંગ્ય અને બાળસાહિત્ય જેવાં સ્વરૂપોમાં પણ મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

**: પાદટીપ :**

૧. ‘પરબ’, સં.ભોળાભાઈ પટેલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, અંકઃ ૮ - ઓગષ્ટ ૨૦૦૧, પૃ.૪૦

૨. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૨૭૫

૩. ‘પ્લેટફોર્મ નંબર ચાર’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણઃ ૨૦૦૧, પ્રસ્તાવના લેખ - પૃ.૬

૪. એજન, પૃ. ૬

૫. એજન, પૃ. ૬

૬. એજન, પૃ. ૬

૭. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૨૬૬

૮. ‘પરબ’, સં.ભોળાભાઈ પટેલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, અંકઃ ૮ - ઓગષ્ટ ૨૦૦૧, પૃ.૩૬

૯. ‘પ્લેટફોર્મ નંબર ચાર’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણઃ ૨૦૦૧, પ્રસ્તાવના લેખ - પૃ.૯

૧૦. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૨૭૨

૧૧. એજન, પૃ.૨૯૮

૧૨. ‘વિક્ટર’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૧, પ્રસ્તાવના લેખ - પૃ.૫

૧૩. એજન, પૃ. ૧૦

૧૪. એજન, પૃ.૯

૧૫. એજન, પૃ. ૮

૧૬. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૩૦૧

૧૭. એજન, પૃ.૨૯૮

૧૮. ‘પરબ’, સં. રમેશ ર. દવે, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, અંકઃ ૪ - એપ્રિલ ૨૦૦૦, પૃ.૪૭

૧૯. 'હિમાંશી શેલતનો વાર્તાલોક', સં.ભરત મહેતા, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૨૦, પૃ.૩૧

૨૦. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૨૫૧

૨૧. 'પરબ', તંત્રી. યોગેશ જોષી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, અંકઃ ૩ - સપ્ટેમ્બર ૨૦૧૬, પૃ.૫૯

૨૨. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૨૪૭

૨૩. 'પરબ', તંત્રી. યોગેશ જોષી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, અંકઃ ૩ - સપ્ટેમ્બર ૨૦૧૬, પૃ.૫૯

૨૪. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૨૪૦

૨૫. એજન, પૃ. ૨૫૧

૨૬. એજન, પૃ. ૨૫૪

૨૭. એજન, પૃ. ૨૫૧

૨૮. એજન, પૃ. ૨૩૨